શ્રી.

જૈન રત્નચિંતામણી વાર્તામાળા.

ભાગ ૧ લો.

પ્રકાશક,

પાનાચંદ મોહનલાલ જૈન.

મુ. ડભોઇ.

કિંમત રૂ. ૦-૪-૦ પોસ્ટેજ જુદું.

જૈન રત્નચિંતામણી વાર્તા માલા.

ભાગ ૨ જો.

થોડાજ વખતમાં બહાર પડનાર છે. તેમાં પણ આશરે ૪૦ રસીક અને ઉપદેશી વાર્તાઓનો સમાવેશ કરવામાં આવશે. પાનાં (રોયલ ૧૬ પેજી) ૧૪૦ કિંમત માત્ર ૦—૪—૦ આનાજ. રાખવામાં આવશે. પાછળથી પુસ્તક ખરીદનારને ૦—૫—૦ પડશે.

સર્વ પત્ર વ્યવહાર નીચેના શીરનામે.

વી. પી. જૈન. કલોલ.

નોર્થ ગુજરાત.

॥ શ્રી વિતરાગાય નમઃ ॥

શ્રી જૈન રત્નચિંતામણી વાર્તામાળા.

ભાગ ૧ લો.

☞ જૈનશાળાના વિદ્યાર્થિઓ માટે ૨૫ ટકા કમીશન કાપી આપવામાં આવશે. આ પુસ્તક દરેક જૈનના ઘરમાં પોતાના બાળક માટે રાખવા યોગ્ય છે તથા જૈનબંધુએ અમુક વાર્તાઓ ચુંટી કહાડી પોતાના નિત્ય નિયમના વાંચન માટે રાખવા યોગ્ય છે કે જેથી આત્મા પોતાનો ગુરૂ બની સુધરી શકશે.

આ પુસ્તક વૈરાગ્ય, ઉપદેશ અને તત્વજ્ઞાનથી ભરપુર છે તથા પુર્વાચાર્યોના રચેલા ગ્રંથોપરથી સહાયતા લઇ રચેલ છે.

પ્રયોજક,—મોહનલાલ મગનલાલ.—કલોલ.

પ્રકાશક,—પાનાચંદ મોહનલાલ જૈન—મુ. કલોલ.

સહાયક,—વાડીલાલ મગનલાલ જૈન—મુ. કલોલ.

સને ૧૯૧૬. વીર સંવત ૨૪૪૨.

પ્રથમાવૃતિ. પ્રત ૧૫૦૦.

કિંમત રૂ. ૦—૪—૦ માત્ર આના ચાર.

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિમાં ૫૦૦ પુસ્તકો છપાવવા
ઇચ્છા હતી પણ તેના ગ્રાહકો સંબંધી મદદ રા. રા.
સાંકળચંદ ભાઇચંદ શેઠ તરફથી મળેલ
હોઇ પ્રથમ આવૃતિ ૧૫૦૦ છપાવેલ
છે તે માટે મારા ખરા અંતઃ
કરણથી તેમનો આભાર
માનું છું. એજ.

મુ. કલોલ.	લી. સેવક,
સંવત ૧૯૭૨ ના જેઠ વદ ૧૪	U. P. Jain.

અમદાવાદ.
રીચીરોડના પુલ નીચે આવેલા શ્રી જૈન વિદ્યાવિજય
પ્રેસમાં શા. ચુનીલાલ અમથાભાઇએ છાપ્યું.

પ્રસ્તાવના

વર્તમાન સમયમાં આ અસાર સંસાર રૂપી સમુદ્ર તરી પાર ઉતરવા માટે કેવળી ભાષિત જૈન સિદ્ધાંતની આવશ્યકતા છે; પણ તે સિદ્ધાંતોનું રહસ્ય આજ કાલના પંચમ કાલના મનુષ્યો ધર્મ તરફ વિશેષ લાગણી વાલા ન હોઇ દાખલા દલીલોથી સમજાવવામાં આવે તો તેમને સારી અસર કરી શકે તેવા આશયથી અસલના આચાર્યોએ કથાઓનો સંગ્રહ કરેલ હતો, તેમનું અનુકરણ કરી મેં કેટલાક ગ્રંથો ઉપરથી આ વાર્તાઓ લખેલ છે.

આ પુસ્તકમાં કેટલીક વાર્તાઓ મહાન પુરૂષોનાં જીવન ચરિત્ર રૂપે છે અને કેટલીક કલ્પિત છે તોપણ, સર્વ ઉપદેશી અને વૈરાગ્યથી ભરપુર છે, જેથી આ શરૂઆતનો પ્રયાસ સફલ થશે એવી આશા છે.

મને મારા પોતાના જાત અનુભવથી માલુમ પડયું છે કે માણસના હૃદયમાં ધર્મનું જ્ઞાન એકદમ રૂચિકર થતું નથી પણ જો તેને વાર્તાઓથી સમજાવવામાં આવે તો તેને ગમ્મત સાથે જ્ઞાન થતું હોઈ તેવાં પુસ્તકો વાંચવાથી માણસ કંટાળતો નથી, પણ તેવાં ધાર્મિક પુસ્તકો વાંચવાનો તેને વિશેષ ને વિશેષ શોખ વધતો જાય છે. તેથી તેનો આત્મા, તેવા પવિત્ર મહાત્માઓનું અનુકરણ કરતાં શીખે છે અને તેજ આત્મા પરમાત્મા બનવા શક્તિમાન થાય છે.

વાંચનાર વર્ગ આપને એક નમ્ર વિનંતી કરૂં છું કે આ

પુસ્તક લખવાનો મારો આશય ૫ વર્ષના બાલકથી તે સામાન્ય જ્ઞાન વાળા યુવાન વર્ગ સુધી હરકોઇ સમજી શકે તે આશયથી ભાષા ઘણીજ શરલ તથા વિદ્વોનોને વાંચતી વખત કંટાળો આપે તેવી ભાષા વાપરેલ છે તો વિદ્વાન વર્ગ ક્ષમા આપશે એવી આશા છે.

બીજી નમ્ર વિનંતી એ છે કે આવા મોંઘવારીના વખતમાં કાગળો આજકાલના સમયને અનુસરીને વાપરેલ છે, તો આપ તે બાબત તરફ લક્ષ ન આપતાં કેવલ પુસ્તકના લખાણુનો ગુણ ગ્રાહક બુદ્ધિથી સાર ગ્રહણુ કરી આભારી કરશો અને પુસ્તક સબંધી દોષ માટે સુચના આપશો તો અન્ય વખત સુધારવામાં આવશે.

આ સેવક કંઇ લેખક નથી અથવા તેનો ધંધો પુસ્તક બહાર પાડવાનો નથી માટે લખાણુમાં ભાષા સબંધી અગણ્ય ભુલો હોય તે સ્વભાવિક છે. તો હિતેચ્છુ વર્ગ સુચના આપી આભારી કરશો તો આ મારા પ્રથમના ઉત્સાહમાં વધારો થશે.

આ સ્થાને અગાઉથી ગ્રાહક થનાર મહાશયોનો આભાર માનુ છું. હંસ માફક સાર ગ્રહણુ કરી, થયેલ ભુલ માટે ક્ષમા આપશો.

શ્રી જૈન રત્ન ચિંતામણી સભા,	}	ચતુર્વિધ સંઘ સેવક,
મુમ્બાદેવી મુંબઈ નં. ૨.	}	વીરબાલ, મુંબઈ.

—✻—

વિષયાનુક્રમણિકા.

અર્પણપત્રિકા.

આ પુસ્તકની અર્પણપત્રિકા કોને આપવી, તે માટે આ શેવકે ઘણો વિચાર કર્યો, છેવટે પુસ્તક લખવા જેટલી હિંમત કયા વીરરત્ને આપી તે વીરરત્નની શોધ કરી તેને આપવાનો નિશ્ચય કર્યો. આ શેવકને ધાર્મિકજ્ઞાન આપનાર જૈન ટ્રેનીંગકોલેજ રતલામ છે અને તેના જન્મદાતા લોકપ્રિય, સત્યાગ્રહી, જૈનસમાજના ત્રણે ફીરકામાં ઐક્યતાનાં બીજ રોપી, જૈનધર્મના ઉદય માટે તન, મન અને ધનથી આત્મભોગ આપી, એક સાથે જૈનસમાચાર, જૈન હિતેચ્છુ ગુજરાતી, જૈનહિતેચ્છુ હિંદી એવા ત્રણે લોકપ્રિય પેપરના જન્મદાતા શ્રીયુત્ રા. રા. વાડીલાલ મોતીલાલ શાહને આ રત્નચિંતામણી વાર્તામાળા અર્પણ કરૂં છું.

હાલના આપના વિચારો પુરા પાડવામાં અધિષ્ટાતાદેવ સહાય્યતા આપો અને આપ અનંત શક્તિમાન બનો એવી ભાવના ભાવી સંતોષાઉં છું.

જૈનરત્નચિંતામણી સભા મુમ્બાદેવી.–મુંબઇ નં. ૨	હું છું આપનો બાળ શેવક. વીરબાળ. મુંબાઇ.

॥ શ્રી ॥

જૈનરત્નચિંતામણી

વાર્તામાલા.

ભાગ ૧ લો.

કયવન્નાની કથા ૧ લી.

રાજગ્રહી નગરીમાં ધનદત્ત શેઠને ત્યાં કુલદીપક એવા કયવન્ના પુત્રનો જન્મ થયો. બાલ્યાવસ્થાથીજ તેના વિચારો પુર્વજન્મના સંસ્કારને લીધે ધર્મમય બન્યા હતા. યુવાવસ્થાએ તેને જયશ્રી સાથે પરણાવવામાં આવ્યો હતો. જયશ્રી દેવકન્યા સમાન સ્વરૂપવંતી હતી, તોપણ કયવન્નાને વંશ કરી શકી નહોતી. દીવસે દીવસે ઉમર મોટી થવા લાગી, જયશ્રીમાં વિકાર વધવા લાગ્યો, પણ કયવન્ના તરફથી સંતોષ ન મળવાથી તેણીએ ગભરાઇને સર્વ વાત પોતાની સાસુજીને કહી. સાસુ દીલગીર થઇ, અને જવાબ આપ્યો કેઃ—હે વહુ બેટા! એ

બધું હું જાણું છું; પણ એનો ઉપાય નથી. મોરનાં ઈંડાંને ચીતરવાની જરૂર હોતી નથી. એ તો જાતિસ્વભાવ છે તેનું કાંઇ ઓસડ નથી. આ સાંભળી જયશ્રી વિશેષ દીલગીર થઇ અને કહ્યું કે, સાસુજી ! એવું કંઇ હું સાંભળવાની નથી. પરાયી પીડા કોણ જાણી શકે. પોતાની પુત્રી પર આવો બનાવ બન્યો હોય ત્યારે તમે શું ન કરો ? અને આતો પરદેશી બીજાની કન્યાની કોણ દયા લાવે. પુત્રને સમજાવવો તે શું મુશ્કેલ છે ? લોખંડ કે જે કઠણ છે તોપણ તેને મરજી પ્રમાણે વાળી શકાય છે, અને તેનો ઘાટ ઘડી શકાય છે, તો આ બાબતમાં શી મુશ્કેલી છે. સાસુ વિશેષ દીલગીર થઇ અને જવાબ આપ્યો કે, વહુ બેટા ! ગભરાશો નહિ, થોડાજ વખતમાં તેનો ઉપાય કરીશ.

હવે એકાંત સાસુ વિચાર કરે છે, તેને એક છેવટનો ઉપાય જડી આવ્યો અને પોતાના પતિને સર્વ હકીકત કહી અને યુક્તિ બતાવવા લાગી કે, પુત્રને એવા મિત્રો કરી આપો કે જે જુગારી અને વિષયી હોય તેથી પુત્ર ઠેકાણે આવશે. શેઠને આ રસ્તો ઠીક લાગ્યો નહિ, પણ સ્ત્રીહઠ આગળ તેનું કંઇ ચાલ્યું નહિ; છેવટે શેઠે દીલગીરી સાથે તે ઉપાય મંજુર કર્યો. હવે શેઠે તેવા યુવાનોને બોલાવ્યા અને પુત્ર સાથે મિત્રતા કરવા ભલામણ કરી. આખરે સોબત તેવી અસર. તે કયવન્ના કુમારના વિચારો બદલાયા. અને વિષય તરફ મન પ્રેરાયું, તેથી દેવદત્તા નામે વેશ્યાને ત્યાં ગયો. ત્યાં આગળ બાર વર્ષ સુધી વીષયસુખ ભોગવ્યાં પણ તેને રાત્રિ દીવસની ખબર પણ પડી નહિ. આખરે બાર વર્ષ થવાથી શેઠે પોતાના નોકરને પુત્રને બોલાવવા મોકલ્યો. નોકરે આજીજી કરી. પણ તેણે કાંઇ ગણકાર્યું નહિ. આખરે નોકરે

શેઠને સર્વ વાત કહી. શેઠ દીલગીર થયા અને શેઠાણીને કહ્યું. શેઠાણી આ સાંભળી શોકાતુર થઇ અને તેજ ચિંતામાં તેનું શરીર સુકાઈ ગયું. આખરે શેઠ શેઠાણી ફીકરમાંને ફીકરમાં મરણ પામ્યાં. હવે જયશ્રી એકલી રહી, બીચારી પાસે જે કંઇ ધનમાલ હતું તે સર્વ મોકલ્યું, આખરે તેણી રેંટીયો કાંટી પોતાનો નિર્વાહ ચલાવવા લાગી.

હવે વેશ્યાને ત્યાં કયવન્ના કુમાર પૈસા વિનાના થવાથી તેણીએ ધક્કા મારી તેને કાઢી મુકયો. આ વખતે જયશ્રી વિલાપ કરતી બેઠી છે, અને કર્મની વિચીત્ર ગતિનું ભાન કરતી પશ્ચાતાપ કરે છે કે, હાય ! હું દુષ્ટ પાપી અભાગણી કે જેણે પતિને વેશ્યાને ત્યાં મોકલ્યો, તથા સાસુ સસરાનું મરણ નીપજાવવા માટે કારણભુત બની. તેવામાં તદ્દન સાદા કપડે કયવન્નો કુમાર પોતાના મકાન પાસે આવ્યો અને જુવે છે. પોતાની હવેલીને બદલે નાનું ઝુપડું છે. તે ઝુંપડામાં એક સ્ત્રી રૂદન કરતી જાય છે અને રેંટીયો ફેરવતી જાય છે. આ પ્રમાણે જોઇને તે વિચારમાં પડયો, પછી હિંમત ધરીને પોતાની સ્ત્રીની ઓળખાણ દુરથી કરવા લાગ્યો. ખરેખર તેજ જયશ્રી છે એવો નિશ્ચય કરી ઝુંપડામાં પેઠો કે તરતજ અશ્રુધારા વહેવા લાગી. જયશ્રી સ્તબ્ધ બની ગઇ. આ શું ? કોણ ? કયાંથી ? કેવી રીતે ? આ પ્રમાણે ગાંડી પ્રમાણે શબ્દો કહાડે છે. તેવામાં જવાબ મલ્યો કે, શંકા કરીશ નહિ. લલના ! હું તેજ છું, મારાં કર્મો મને નડયાં છે, હું પસ્તાયો છું, તારો આશ્રય લેવા આવ્યો છું.

જયશ્રીએ તરતજ તેને ખોળામાં લીધો. મસ્તક લઈ પવન

નાખતી બોલી. કે, અફસોસ ! અફસોસ ! દૈવની ગતિ ન્યારી છે. વાંચનાર સમજી ગયા હશો કે, આ આવનાર કયવન્ના કુમારને આખરે તેને શાન્તિ મળી ત્યારે અરસ્પરસ પોતાને વીતેલી વાતો કરવા લાગ્યાં અને એક બીજાનાં આંસુ લોયાં. આ પ્રમાણે અહીં બનાવ બને છે તેવામાં દેવદત્તા ત્યાં આવી પહોંચી કયવન્નાને કહેવા લાગી કે, હે પ્રાણનાથ ! મારી દુષ્ટ માતાએ આપને કહાડી મુકયા છે, હું તો 'આપની દાસી છું', લ્યો આ મારાં સર્વ આભુષણ, એમ કહી સર્વ આભુષણ ઉતારી આપ્યાં; તે જોઈ જયશ્રી હર્ષ પામી. બન્ને આનંદમાં વાતો કરવા લાગી અને કયવન્નાએ આભુષણ વેચી રોકડ નાણું લીધું. તે નાણું ઘેર બન્ને સ્ત્રીઓને ખાવા આપ્યું, અને બાકીનું લઇને પરદેશ કમાવા માટે દરીયા કીનારે ગયો. વહાણ સવારમાં ઉપડવાનું હતું, તેથી તે રાત્રે એક તુટેલો ખાટલો પડયો હતો તેમાં સુઇ ગયો.

હવે ભાવિ બનવા કાળ છે. તેજ રાત્રે એક ક્રોડાધીપતિ શેઠ ચાર સ્ત્રી મુકી વાંઝીયો મરણ પામ્યો. આથી તેની માતાએ વિચાર્યું કે સવારે ખબર પડશે તો રાજા સર્વ ધન લુંટી જશે, માટે રાત્રે કોઇ માણસને પુત્ર તરીકે લાવવો યોગ્ય છે. એવો વિચાર કરી ડોસી તથા તેની ચાર સ્ત્રીઓ કોઈ મુસાફરની શોધમાં ફરવા લાગી. આખરે જ્યાં કયવન્ના કુમાર સુતો હતો ત્યાં આવી પહોંચી. તેનું તેજ તથા રૂપ જોઇ સર્વે ખુશી થયાં અને એકદમ ડોશીએ નીશાની કરી કે, તમે ચાર સ્ત્રીઓ ચાર પાયા ઉપાડી ઘર તરફ ચાલો. તરતજ તે પ્રમાણે કરવામાં આવ્યું. કુમારને સરસ પલંગપર સુવાડવામાં આવ્યો. સવાર થયું કે તરતજ ચાર સ્ત્રીઓ તથા ડોશી કુમારને આજીજી કરવા લાગી કે, ભવ્યપુરૂષ !

આપ આ ઘર ભોગવો અને સુખ ભોગવો. કુમારે કર્મની વિચિત્ર ગતિ માની સ્વિકાર્યું અને ઘરમાં રહી ચાર સ્ત્રીઓ સાથે વિલાસ ભોગવવા લાગ્યો. આ પ્રમાણે બાર વરસ વીતી ગયાં અને ચારે સ્ત્રીઓને એકેક પુત્રનો જન્મ થયો. હવે તે દુષ્ટ ડોશીએ વિચાર્યું કે, સ્ત્રીઓ પુત્રવંતી થઇ છે માટે હવે રાજ્યનો ભય નથી; એમ વિચાર કરી સ્ત્રીઓને કહ્યું કે, હે સ્ત્રીઓ ! આ પુરૂષથી આપણો સ્વાર્થ સર્યો છે માટે આ પુરૂષને તે દેવલમાં મુકી આવો. આ સાંભળી સ્ત્રીઓ દીલગીર થઇ ડોશીને પ્રાર્થના કરવા લાગી કે, હે સાસુજી ! આ પ્રમાણે ન થાય તો સારૂં. ત્યારે ડોશી બોલી કે, રાંડો ! બોલશો નહિ. તેથી બીચારી સ્ત્રીઓ મૌન રહી આખરે નિરૂપાયે કયવન્નાને તે દેવલમાં તેજ તુટેલા ખાટલામાં મુકી આવ્યા. સવારે કયવન્નો ઉંઘમાંથી ઉઠયો અને જોયું તો માલુમ પડયું કે, આતે સ્વપ્ન કે સાચું. સ્ત્રીઓ, પુત્રો અને ડોશી, ધન માલ કયાં ગયું. આ પ્રમાણે વિચાર કરે છે, તેવામાં તેની આસપાસ ખાટલાની બાજુએ ચાર લાડુ પડયા હતા તે તેણે લીધા. (તે લાડુ તે ચાર સ્ત્રીઓએ મુકયા હતા અને તેમાં એકેકું રત્ન મુકયું હતું.) તે લાડુ લઇને ઘેર ગયો, અને પોતાની સ્ત્રીને સર્વ બનેલી હકીકત કહી. (કયવન્ના કુમાર જ્યારે પરદેશ કમાવા માટે નીકળ્યા હતા તે વખતે જયશ્રીને ગર્ભ રહ્યો હતો. હવે તે બાલક પણ ૧૨ વર્ષની ઉમ્મરનો થયેલ છે અને તે ઘરમાં રમે છે). બાલકને ભુખ લાગવાથી તેણે ખાવાનું માગ્યું ત્યારે જયશ્રીએ એક લાડુ આપ્યો. તે લાડુ છોકરાએ ભાગ્યો કે તરતજ અંદરથી રત્ન નીકળ્યું. તે જોઈ છોકરો ખુશ થયો કે મને રમકડુ રમવાનું મલ્યું. આ પ્રમાણે ખુશ થતો થતો તે કંદોઈની દુકાને ગયો. કં-

દોઇએ તે રત્ન જોઇને કહ્યું કે, છોકરા ! આ રમકડું લાવ તને પ-
તાસાં આપું; તેથી તેણે તે રમકડું (રત્ન) આપ્યું અને પતાસાં લઈ
વીદાય થયો. અને બાકીના ત્રણ લાડુ દેવદત્તા જયશ્રી અને કયવ-
ન્નાએ ખાવા માંડયા. ત્રણમાંથી ત્રણ રત્ન નીકલ્યાં તેથી ઘણાં
ખુશ થયાં અને તે રત્નો વેચી પુષ્કળ પૈસો મેળવી પ્રથમની માફક
જાહોજલાલી મેળવી.

એક દિવસ તે ગામના રાજા શ્રેણીકનો હાથી પાણી પી-
વા ગયો હતો, તેવામાં નદીમાં મગરમચ્છે તેનો પગ પકડયો
તેથી તે નીકળી શક્યો નહિ. રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે,
જે કોઇ હાથીને બહાર કહાડે તેને અડધું રાજ્ય અને મારી કન્યા
આપું. સર્વ કોઈ નિષ્ફલ ગયા. આખરે કંદોઇએ રત્નથી પાણી
દુર કર્યું અને પાણીમાં માર્ગ કર્યો. અભયકુમાર કે જે રાજાનો
પુત્ર તથા પ્રધાન હતો, તેણે વિચાર કર્યો કે, આ રત્ન કંદોઈનું ન
હોવું જોઇએ. ધમકી આપવાથી ખરી વાત મળી અને કયવન્નાને
અડધું રાજ્ય આપ્યું, તથા કન્યા પરણાવી. હવે અભયકુમાર સાથે
કયવન્નાની ઘણી મિત્રતા થઇ, તેથી તેણે એક દીવસ વાત કહાડી
કે, ચાર સ્ત્રી અને ડોશી સાથે હું બાર વર્ષ સુધી રહ્યો હતો અને
ચાર પુત્રો મારે થયા હતા, તેની તપાસ કરવી જોઇએ. અભય-
કુમારે હા પાડી. હવે બુદ્ધિના ભંડાર એવા અભયકુમારે જે મં-
દીરમાં કયવન્નો સુતો હતો તેજ મંદીરમાં સરસ રંગ કરી ચિ-
ત્રામણ ચીતરાવ્યાં અને તેની અંદર કયવન્ના કુમારની મુર્તિ ઘડાવી
વસ્ત્રથી સજ્જ કરી ખુરશીપર બેસાડી અને ગામમાં ઢંઢેરો પી-
ટાવ્યો કે આજ સાંજ સુધીમાં સર્વ કોઇએ તે મંદીરમાં દર્શન
કરવા પોતાના કુટુંબ સહિત આવવું. આ પ્રમાણે સર્વ કોઈ

લોકો આવ્યા. પાછળથી ચાર સ્ત્રીએ અને ચાર પુત્રો તથા ડોશી આવ્યાં. સ્ત્રીઓએ તે મુર્તિ જોઇને મોં મલકાવ્યું અને હર્ષ પામી. ચાર છોકરાં તેને વળગી પડયાં અને બાપા બાપા કહી કપડાં ખેંચવા લાગ્યાં. એક કહેવા લાગ્યો કે, ખોળામાંથી ઘડીએ ઉઠવા દેતા નહોતા અને આટલા દિવસ સુધી ક્યાં ગયા હતા. બીજો કહેવા લાગ્યો કે, મારી દાદી મારી માને તથા મને મારે છે તો તમે કેમ ધમકાવતા નથી. ત્રીજો કહે કે, એક સાથે જમતા હતાં, હવે એકલા જમવું ભાવતું નથી માટે અત્યારે ચાલો. ચોથાએ સર્વને ધક્કા માર્યા અને કહ્યું કે, એતો મારા બાપા છે, તેમના ખોળામાં તો હું બેસીશ. આ પ્રમાણે છોકરાં લડવા લાગ્યાં. આ ફારસ ગામના લોકો તથા ખાનગીમાં અભયકુમાર અને કયવન્નાકુમાર જોઇ રહ્યા છે. પછી ડોશીને તથા ચાર સ્ત્રીઓને અને પુત્રોને અભયકુમાર ઘેર લઇ ગયો. ડોશીને ધમકાવી ખરી વાત પુછી. ડોશીએ બીકથી ખરી વાત કહી, ત્યારે ચાર સ્ત્રી તથા પુત્રોને કયવન્નાને સોંપ્યા અને ડોશીને કહાડી મુકી.

આ પ્રમાણે કયવન્ના કુમાર છ સ્ત્રીઓ તથા પાંચ પુત્રો સહિત આનંદ ભોગવે છે. તેવામાં મહાવીરસ્વામી ત્યાં પધાર્યા, તેમને વંદણા કરવા માટે સર્વ કોઇ ગયા અને કયવન્નાકુમાર પણ ગયા. સર્વ કોઇ ગયા બાદ કયવન્નાએ પુછયું કે, હે ત્રિલોકીનાથ ! ભવભંજન ભગવન્ ! આ ભવમાં તો મેં કંઇ સુકૃત્ય કર્યું નથી, તેમ છતાં મીરા સઘળા પાસા સવળા પડ્યા તેનું શું કારણ ? ત્રિકાળજ્ઞાની પ્રભુએ ખુલાસો કર્યો કે, હે ભવ્યાત્મા ! એ સઘળો સુપાત્રદાનનો પ્રતાપ છે. પુર્વ જન્મમાં તમે શાલીગ્રામ નગરમાં ગોવાળના પુત્ર હતા. પિતા મૃત્યુ પામ્યો હતો અને માતા તદ્દન દુઃખી સ્થિતીમાં હતી. એક

દીવસ જાહેર તહેવાર હોવાથી સૌ કોઇ ખીર કરી જમતું હતું, તે જોઇ તને ખીર ખાવાની ઇચ્છા થઈ; પણ મા પાસે તેટલા પૈસા ન હોવાથી તું પુષ્કળ રડવા લાગ્યો. પાડોશણોને દયા આવવાથી કોઇએ ચોખા, કોઇએ દુધ, અને કોઇએ સાકર આપી; એમ જેમ તેમ કરી માએ ખીર કરી તને ખાવા આપી અને પોતે બ્હાર ગઈ. હવે ખીર ઘણી ઉની હોવાથી ઠરવાની રાહ તું જોતો હતો, એવામાં એક પવિત્ર મુનિવર તારા ઘેર આવ્યા, તે જોઈ તેં અડધી ખીર મુનિને આપવા માટે વિચાર્યું. અડધી ખીર મુનિને આપવા જતાં સર્વ ખીર સાધુના પાતરામાં પડી ગઈ, તેમ છતાં તું દીલગીર થયો નહિ અને ઉલટો ખુશ થયો, અને પાછલથી થાળી ચાટવા લાગ્યો. આ જોઈ તારી માતા પાછળથી આવી. તે તને ખીર ચાટતો જોઇને વિચારવા લાગી કે, મારો છોકરો બધી ખીર ખાઇ ગયો અને હવે થાળી ચાટે છે. આ પ્રમાણે માતાએ વિચાર કરવાથી તને સખ્ત નજર લાગી અને તું તરતજ મરણ પામ્યો અને સુપાત્ર દાનના પ્રતાપે આ વૈભવ પામ્યો છે. હવે જે દાનનાં ફળ ત્હેં પ્રત્યક્ષ અનુભવ્યાં છે, તે દાનનો ઉપયોગ કરવો હોય, તો કીમતીમાં કીમતી એવું જ્ઞાન દાન દેવામાં હમેશાં તત્પર રહેજે. આ સાંભળી કયવન્નાકુમારને વૈરાગ્ય ઉત્પન્ન થયો, અને દીક્ષા માટે પ્રભુને વિચાર જણાવ્યો. પ્રભુએ પાત્ર જોઇ હા પાડી; આખરે કયવન્નાકુમારે તથા તેની ૬ સ્ત્રીઓએ દીક્ષા લીધી. ત્યાંથી મરીને સ્વાર્થસિદ્ધ વિમાનમાં ૩૩ સાગરોપમનું આયુષ્ય ભોગવી, મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ લઈ, ત્યાં દીક્ષા લઇ આઠે કર્મને ક્ષય કરી મોક્ષે પધારશે.

ઇતિ કથા સંપુર્ણ.

વાંચનાર વર્ગ—દાનનો અપુર્વ મહિમા તમે વાંચી ગયા; પણ તમને શંકા થશે કે કયવન્નાકુમારને વચમાં લક્ષ્મી મળીને સ્વપ્ન માફક શા માટે ચાલી ગઇ? તો જણાવીશ કે પુર્વના ભવે ખીર આપતી વખતે તેમનો વિચાર અડધી ખીર આપવાનો હતો. તેટલી ઉદારતાની ખામીને અંગે તેમને તેટલું સ્વપ્નવત્ દુઃખ ભોગવવું પડયું હતું સુપાત્ર દાનનો મહિમા અપુર્વ છે, માટે પ્રથમ પાત્રની પરીક્ષા કરી સુપાત્ર ,જણાય તો દાન આપજો; જેથી વાવેતર ઉગી નીકલશે. નહિતર જેમ કુંભારના નીંભાડામાં વાવેલ અનાજ નકામું જાય છે, અને જોઇએ તેવું ફલ આપતું નથી તેવીજ રીતે કુપાત્રે આપેલ દાન નકામા.જેવુંજ છે મહાવીર સ્વામિને ચંદન બાલાજીએ સુકા બાકળા, અડદના ફોતરાં વહોરાવ્યાં, હરીકેશી મુનિને બ્રાહ્મણોએ યજ્ઞ કરતી વખતે પ્રથમ અપમાન કર્યું હતું, ત્યાર બાદ શુદ્ધભાવે જે કંઇ હતું તે વહોરાવ્યું હતું; તોપણ તેજ વખતે સોનૈયાની વૃષ્ટિઓ વરસી હતી; અને ધન્યદાન, મહાદાન વગેરેના પોકાર દેવતાઓએ કર્યા હતા તો દાનમાં કંઈ મીષ્ટાન, ઘી, ગોળ વગેરે સ્વાદીષ્ટ વસ્તુ વહોરાવાથીજ ફાયદો થાય છે તેમ નથી; પણ શુદ્ધ ભાવથી તથા સુપાત્રનો સુકો રોટલો, યા બળેલો રોટલો, નિર્દોષપણે સુજતો વહોરાવવાથી ફલ થાય છે. તે સિવાય ફલ કંઈ થતું નથી. એક માણસ અસુજતી દુધપાકપુરી વહોરાવે, અને એક માણસ સુજતો સુકો રોટલો અને છાશ વહોરાવે. તે બેમાં રોટલા વાળાએ પુણ્ય ઉપાર્જ્યું. અને દુધપાકપુરીવાલાએ પાપ બાંધ્યું. માટે પાત્રને જોઇને તથા નિર્દોષપણે આહાર વહોરાવવો જોઇએ; જેથી અસલના મહાત્માઓના અનુકરણ કરનાર સાધુ સાધ્વી અને શ્રાવક શ્રાવિકામાં

તેવો ચમત્કાર દેખવામાં આવે એ આજકાલ માટે નાસ્તિ છે; માટે વાંચનાર વર્ગ વિચાર કરી સુધારો કરશે, એવી આશા છે.—વીર પ્રભુએ કયવન્નાને જ્ઞાન દાન માટે ખાસ ભલામણ કરી અને તેને કીમતીમાં કીમતી કહ્યું તો તેનું મુલ કારણ શોધવાની જરૂર છે. દાખલા તરીકે એક માણસને મરતો બચાવ્યો તો તે એક ભવમાંથી બચ્યો. પણ જે માણસને સમકીત નવતત્ત્વ વગેરે જ્ઞાન દાન આપી જીવતો કરવામાં આવે છે તે પોતે અનંતા કાલ સુધી મરતો અટકે છે, અને બીજાને અટકાવે છે. એટલે જન્મ મરણના ફેરાથી તુરત મુક્ત થાય છે. આજકાલ જૈન સમાજમાં જૈન શાસ્ત્રના રહસ્યનો પ્રચાર કરવાનું સાધન બીલકુલ નથી એમ લખીશ તો પણ અતિશયોક્તિ કહી શકાશે નહિ. સર્વ કોમમાં જૈન કોમ પૈસાપાત્ર છે; તોપણ એક પણ ગુરૂકુલ યા કોલેજ, યા બોર્ડિંગ જોઇએ તેવી સારી સ્થિતીમાં નથી. માત્ર કોલેજ તથા બોર્ડિંગો નામની છે; તેમાં ધાર્મિક શીક્ષણની ઘણીજ ખામી જોવામાં આવે છે. જેથી દિવસે દિવસે જૈનની સંખ્યામાં ઘટાડો થતો જાય છે. જૈનના યુવાનો ગ્રેજ્યુએટ થાય છે ત્યારે તેમનામાં ધાર્મિક શીક્ષણની ખામીને લઇને તેઓ નાસ્તિક જેવા બની જાય છે, અને જૈન જેવા પવિત્ર ધર્મને તિરસ્કારે છે. જૈન ધર્મની ફીલોસોફી (તત્વજ્ઞાન) ની બરોબરી કરી શકે તેવું અન્ય ધર્મમાં એક પણ પુસ્તક નથી તોપણ જૈનો કેવલ અંધ સમાન અજ્ઞાનરૂપી અંધકારમાં ભમી રહ્યા છે. વાંચક વર્ગ, જો તું ખરો જૈન હો તો તુરતજ તૈયાર થા, અને તારા ગામમાં નાના બાલકોને પ્રાથમીક શીક્ષણ આપવા માટે એક જૈન પાઠશાલા સ્થાપ; અને તેના ઉદયમાં તારો ઉદય માન જેથી તું પોતે તારા જીવનને

તથા તારા સામની પ્રજાના જીવિતને સાફલ્યતાના રૂપમાં લાવી શકીશ. જે માણસને જૈન ધર્મનું જ્ઞાન છે, તે માણસ કદી અનીતિ, અસત્ય, કપટ યા લપટાઈપણું કરી પોતાના આત્માને દુષણરૂપ નહિ બનાવે. જૈનનો અર્થ તેજ છે કે Victorious ફત્તેહ મેલવનાર જી.-જય.-જીતવું. કર્મરૂપી શત્રુઓને એટલે કુડ, કપટ, અસત્ય વગેરે દુષ્ટ કર્મોને જીતી સત્યનો વિજય વાવટો ફરકાવનાર તેજ જૈન છે, અને તેજ વીરપુત્ર છે. વીરનો અર્થ શુરવીર થાય છે, એટલે પાપકર્મથી લડાઈ કરી સત્યના રસ્તે શુરવીરતા ફેરવવી, અને એવી શુરવીરતા ફેરવનાર વીરપ્રભુ મહાવીર હતા માટે આપણે વીરપુત્ર કહેવાઈએ છીએ. તો હે વીરો હે શુરવીરો ઉઠો, તત્પર થાઓ, વીરના નામને, બાપદાદાના વારસાને અમલમાં લો; અને જૈનોનો જય એવી વિજયપતાકા સર્વત્ર ફરકાવો, અને તેવી પતાકા ફરકાવવા માટે જ્ઞાનદાનની જરૂર છે, તો પોતાથી બની શકે તેટલી તન, મન, અને ધનથી જ્ઞાન દાન માટે મદદ આપી જૈનના વીર તરીકે બહાર પડી, જન્મની સાફલ્યતા મેલવો. આશા છે કે વાંચનાર વર્ગ સત્ય રસ્તો શોધી સત્યના સત્યના અનુયાયી થશે.

સંસારમાં સાર નથી તે ઉપર એક વાણીઆની કથા ૨ જી.

હે ભગવાન ! લક્ષ્મી વિના આ સંસાર વૃથા છે અને લક્ષ્મી વગરનો પુરૂષ પશુ સમાન છે, અને લક્ષ્મીવાળો સર્વત્ર પૂજન રૂપ થઇ પડે છે એવા વિચાર કરતો એક ત્રીસ વર્ષનો જુવાન પુરૂષ પોતાના ઓટલાના પગથીયાંપર બેઠો હતો તેવામાં એક કમાડ ઉઘડયું અને અંદરથી તેની કુભાર્યા તેની સામા આવી, કટુવચનનો વરસાદ વરસાવવા લાગી. તે બોલવા લાગી કે આ દુષ્ટ અભાગીયાને કોઈ પણ જાતની ફીકર છે? તે તો આંહી મસ્તાના જેવો બેસી રહ્યો છે. ઘરમાં છોકરાં ભુખે તરસે મરે પણ પૈસા પેદા કરવાની જરાપણ પંચાત છે? હે બ્રહ્મા ! આવો પતિ મારા ભાગ્યમાં કયાંથી લખ્યો ? હે માતપિતા ! આવા પતિને પરણાવવા કરતાં મને કુવામાં ફેંકી કેમ ન દીધી ? મહાદેવને મુકે તેટલા પણ ચોખાના દાણા નથી, સાંજે ખાય તેટલી ખીચડી નથી, અને એક વખત ચાલે તેટલું બળતણ નથી, તોપણ કાંઈ ફિકર કર્યા વગર બેસી રહ્યો છે. આ વજ્ર સમાન શબ્દો તે પુરૂષને લાગ્યા અને આંખમાંથી ચોધાર આંસુ પડવા લાગ્યાં એક પણ શબ્દ બોલ્યા વગર તે ત્યાંથી ચાલતો થયો અને પોતે એક સારા સ્થાને આવી આસન લીધું અને મનમાં દેવની આરાધના કરવા માંડી. બે ત્રણ ઉપવાસ કર્યા એટલે દેવ પ્રસન્ન થયા, અને તે વાણીઆ પ્રત્યે બોલ્યા હે પુરૂષ !

તું મારી આરાધના કેમ કરે છે? મને કેમ સંભારે છે? જે જોઇએ તે માગ, હું આપવા બંધાઉ છું. આ શબ્દો સાંભળી વાણીઆએ વિચાર કર્યો કે આવો પ્રસંગ નહિ આવે માટે આખી ઉમ્મર આનંદમાં રહે તેવું વરદાન માગું. આ પ્રમાણે વિચારી દેવ પ્રત્યે બોલ્યોઃ—અહો દેવતા આપ પ્રસન્ન થયાછો તો મને ત્રણ દિવસની મહેતલ આપો, કે જેથી હું વિચારી આપની પાસે વરદાન માગીશ. દેવે હા કીધી અને પોતે અદ્રષ્ય થઈ ગયા.

તે વાણીઓ મોટા શેઠ શાહુકાર અને રાજરાજેશ્રી પુરૂષોના સુખ અને વૈભવ તપાસવા લાગ્યો તો કોઇને પૈસા છે ત્યારે પુત્ર નથી, કોઇને પુત્ર છે તો પૈસા નથી, કોઈને બન્ને છે તો સ્ત્રી કુભાર્યા છે, કોઇને ત્રણે છે તો દુઃખમાં તથા વ્યાધીમાં ઘેરાયેલો છે. કોઈ પુન્યવંતને ઉપરની સઘળી વસ્તુનું સુખ છે ત્યારે ઘરમાં બાળપુત્રી રાંડી રાંડ છે. આ પ્રમાણે કાંઇ પણ દુઃખ સર્વને લાગી રહ્યું છે એવું વાણીઆના જોવામાં આવ્યું. શું માંગવું? અને કોના જેવો વૈભવ માગવો? તેને માટે તેણે બહુ મથન કરવા માંડયું, પણ સુખી મનુષ્ય તેના જોવામાં આવ્યું નહિ. આ પ્રમાણે મથન કરતાં બે દિવસ નીકળી ગયા એટલે વાણીઆને ચિંતા ઉત્પન્ન થઈ. આજ બપોરે વરદાન માગવું છે એમ વિચાર કરતો તે ચૌટામાં સુખી માણસનાં સુખ જોવાની ઉત્કંઠા ધરી ચાલ્યો જાય છે. ત્યાં તેણે એક ઉંચી દુકાન દીઠી. તે દુકાન સામેના ઓટલાપરે તે બેઠા. દુકાનપર ગાદી તકીઆ પાથરી અનુક્રમે એક પછી એક મુનિમો બેઠેલા છે, એક તરફ તે દુકાનનો માલીક શેઠ બેઠેલો છે, અને બીજી તરફ તેનો મહાકાંતિવાન અને ચાલાક પુત્ર બેઠેલો છે, એક માણસ શેઠને પંખાવતી પવન નાંખે છે, બીજો માણસ

પાન આપે છે, ત્રીજો ટપાલમાં આવેલા કાગળો શેઠને વાંચી સંભળાવે છે, ચોથો શેઠ આગળ વિનંતી કરવા હાથ જોડી ઉભો છે, શેઠ કાગળોના યોગ્ય જવાબ લખવાની સુચના આપે છે, વળી પાન ચાવી પીકદાનીમાં પીચકારી મારે છે. આવો વૈભવ જોઈ પેલા વાણીઆને વિચાર થયો કે આ માણસ સઘળી વાતે સુખી છે, માટે મારે એ શેઠના જેવું સુખ માગવું. વળી વિચાર આવ્યો કે મેં અહીં દુકાનનું સુખ જોયું પણ ઘરનું સુખ જોયું નથી, માટે શેઠને ઘરે કેવી સાહેબી છે તે જોવી. એવો વિચાર કરે છે, ત્યાં શેઠ અને તેનો પુત્ર દુકાનેથી ઉઠયા, સારથી સરસ બળદવાળો શિઘરામ લઈ હાજર થયો, તેમાં બેસી બન્ને ચાલ્યા. પેલો વાણીઓ પણ તેમની પાછળ ઉતાવળો ચાલ્યો. ઘર આવ્યું એટલે અનુચરે શિઘરામનું બાર ઉઘાડયું, અને પુત્ર તથા પિતાએ ઘરમાં પ્રવેશ કર્યો. તે વાણીઓ પણ ઘરના ઓટલાપર ચર્ચા જોવા બેઠો. શેઠ કોચપર બેઠા એટલે અનુચરે કપડાં ઉતાર્યાં અને પગ ચાંપવા બેઠો. હજામે જાત જાતનાં મર્દન કરી શેઠને ન્હાવા બેસાડયા, અને પછી શેઠે ચાંદીના પાવલા પેહેરી રસોડામાં પ્રવેશ કર્યો. ત્યાં તેમની મહા કાંતિવંત પદ્મની જેવી સ્ત્રીએ ભાત ભાતનાં ભોજન તથા શાક પિરસવા માંડયાં. સ્વામીને આગ્રહ કરીને પત્નિ ખવરાવવા લાગી. આ સઘળો બનાવ જોઈ, પેલા વાણીઆને ખાત્રી થઈ કે આ શેઠ જેવું સુખ બીજા કોઇને નથી. માટે મારે પણ તે પ્રમાણે માગવું. એમ વિચાર કરતાં ઉઠવાની તૈયારી કરે છે, ત્યાં શેઠ પણ જમીને ઉઠયા ને પાછા પરશાળના કોચપર બેઠા: ત્યાં પેલા વાણીઆપર નજર ગઈ, શેઠે વાણીઆને નોકરને કહી બોલાવ્યો, વાણીયો આવી હાજર થયો એટલે શેઠે પુછવા માંડયું:—

હે ભાઇ તું કોણ છે ? ચોર છે ? દિન છે ? ગરિબ છે ? મારી દુકાન સામે પણ મેં આજે જોયો હતો અને શા કારણથી અહીં બેઠો છે ? તે સાચું કહે. વાણીઓ બોલ્યોઃ—શેઠ સાહેબ ! હું ચોર નથી અને આ વખતે દુઃખી દીનપણું રહે તેવું નથી તથા બીજી બધી હકીકત જણાવી, અને કહ્યું કે આજ બપોરે જઇ દેવ પાસે આપના જેવું સુખ માગી લઇશ શેઠ આ હકીકત સાંભળી જરાવાર થોભ્યા પછી દીલગીરી ભરેલા અવાજે શાંત થઇ બોલ્યા. ભાઈ ! તારી બહુ ભૂલ થાત ! તું પુરો પસ્તાત ! તારા દુઃખનો એક આરો રહેત નહીં ! મારા જેવો દુખ્ખી આ દુનીયામાં કોઈ નથી. મેં પુરાં પાપ કીધાં છે. મારા કરતાં એક ભીખ માગનારને વધારે સુખ છે એમ હું સમજુછું. મેં આજે સુધી મારા દુઃખની વાત કોઇને કહી નથી પણ આજ તને ડુબતો બચાવવા મારૂં સંકટ કહી સંભળાવુંછું તે સાંભળ્યા પછી તું કહીશ કે શેઠ જેવો કોઈ દુનીયાની સપાટીપર હશે ?

સાંભળઃ—હું જ્યારે પરણ્યો નહોતો ત્યારે મેં એવો નિયમ કર્યો હતો કે જ્યારે હું પરણીશ, ત્યારે મારી સ્ત્રી સાથે સુદી પક્ષમાં સંભોગ કરીશ નહીં. મારી સ્ત્રીએ કુંવારે એવી પ્રતિજ્ઞા કરી હતી કે વદી પક્ષમાં સંભોગ કરીશ નહીં. આ પ્રમાણે થોડા વખત ચાલ્યું, પણ જ્યારે તે ભર જોબનમાં આવી, અને કામદેવ તેણીને સતાવવા લાગ્યો, ત્યારે તેણી કામાગ્નિથી પીડાઇ સુદી પક્ષમાં મને બાઝી પડી, એટલે મારા વ્રતનો ભંગ ન થાય તે માટે મે તરછોડી નાંખી. તેણી પોતાની અભિલાષા પુર્ણ પાડવા પુરુષીયા સાથે ભોગ-ભોગવવા માંડી. આ પ્રમાણે તે વદી પક્ષમાં શીયળવ્રત પાળે છે, અને સુદી પક્ષમાં પુરુષીયા સાથે સંભોગ કરે છે.

આ પુત્ર પણ તેના વિર્યથી ઉત્પન્ન થયો છે. હું ઘણો દીલગીરછું; પણ મારા વ્રતની ખાતર આંખ આડા કાન કરી, મનવાળી બેઠો છું. આ અસાર સંસારથી કંટાળી ધર્મ ધ્યાન કરૂંછું. હે બંધુ! સંસારની અંદર કોઈ સુખી નથી; રાજાથી રંક સુધી સર્વ દુઃખી છે. માટે મારા મિત્ર જોજે, તું મારા જેવું સુખ માગતો. કેમ તને ખાતરી થઈ કે મારા જેવો દુઃખી પૃથ્વીપર કોઈજ હશે; વાણીઓ બોલ્યોઃ—શેઠ સાહેબ આપના જેવો દુઃખી કોઈજ નથી, પણ મને વ્રતપર ઘણો પ્રેમ છે તેથી હું દેવ પાસે સ્વર્ગનું સુખ માગીશ. એમ બોલી શેઠનો આભાર માની ત્યાંથી પોતે ચાલી નીકળ્યો બપોર વખતે તે જગ્યાપર આવી દેવની આરાધના કરી એટલે દેવ આવી ખડા થયા અને બોલ્યા માગ! માગ! તે બોલ્યો મારે સંસારનું સુખ જોઇતું નથી. મને સ્વર્ગનું સુખ આપો. દેવે વરદાન આપ્યું કે;—" તું સંસાર છોડી મુનિ મહારાજ આગળ જઈ ચારિત્ર લે; એટલે અક્ષય સુખનો ધણી થઇશ " આમ બોલી અદ્રશ્ય થયો, અને પેલા વાણીયાએ દીક્ષા લીધી. ચારિત્ર પાળી ધર્મકરણી કરી કર્મ ખપાવી, પહેલે દેવલોકે ગયો.

વાંચનાર! તમારી ખાત્રી થઈ હશે કે, સંસાર અસાર છે. નાશવંત છે, ક્ષણ ભંગુર છે દુઃખી છે, દિન છે, દુષ્ટ છે, પ્રપંચી છે, સ્વાર્થી છે, આંધળો છે, કામી છે અને ચપળ છે. દુનીયામાં એક પણ મનુષ્ય સઘળી વાતે સુખી નથી; એક પણ મનુષ્ય વિટંબણાથી વિમુખ નથી; એક પણ મનુષ્યના મનમાં શાન્તિ નથી; સઘળા ભયમાં ઘેરાયેલા છે. અભય તો માત્ર વૈરાગ્ય છે. માટે વૈરાગ્ય જેવું સુખ અને સાહેબી એક પણ બાબતની નથી કે જે આ ભવ અને પરભવમાં અમર કિર્તી કરાવી શાન્તિ આપે

ઈતિશ્રી વાણીઆની કથા સંપુર્ણ.

ભ્રાતૃભાવપર સિંહ અને વસંતની કથા ૩ જી.

મગધ દેશમાં મહાલય નામે એક નગર છે, ત્યાં સિંહ અને વસંત એ નામે બે સગા ભાઇ રહેતા હતા. તેમને અરસ્પરસ ઘણી પ્રીતી હતી. એક બીજાનો ઘડીભરનો વિયોગ તે સહન કરી શકતા નહોતા એમ આનંદમાં દિવસો ગુજારે છે, તેવામાં એક દીવસે નાના ભાઇની સ્ત્રીએ પોતાના પતિને ખાનગીમાં કહ્યું કે, તમે મૂર્ખ દેખાઓ છો, કેમકે જે ઘરમાં વાત થાય છે તેની પણ તમને ખબર નથી. એમ સાંભલીને તે પણ ચમક્યો કે આ તે શું કહે છે? તે બોલી કે તમારો મોટો ભાઈ મુખે મીઠો છે, પણ હૃદયે કપટી છે. પોતાની સ્ત્રીને ઘરેણાં તથા સારાં રેશમી કપડાં લાવી આપે છે, તથા પૈસા ખાનગી રાખે છે, તમને ઘણું શું કહું! પ્રાણનાથ! તમને આગળ ખબર પડશે. મારૂં રાંડનું કહ્યું માનો તો સુખી થશો હું તો અબલા છું; મારે તો જેમ તમે કહેશો તેમ ચાલવું પડશે. આવા શબ્દે કરી તેને સમજાવ્યો; તોપણ તે બોલ્યો કે કદાપિ આકાશ તુટી જાય, પૃથ્વી રસાતાલ થઇ જાય, પણ મારો ભાઇ મારો પ્રેમ મુકે તેમ નથી. આ સાંભળી તે બોલી નહિ બીજી વખત પણ એમજ કહેવા લાગી; આ પ્રમાણે રોજ કહેવા લાગી: તેથી આ બિચારો કંટાર્યો અને એક દીવસ બીતો બીતો મોટા

ભાઇને કહેવા લાગ્યો કે ભાઇ શ્રી મારો ભાગ વહેંચી આપો ત્યારે મોટા ભાઇએ અપૂર્વ પ્રેમ સહિત કહ્યું કે ભાઈ તારે કોની સાથે ભાગ વહેંચવો છે? મારા વિના તારે કોણ છે? અને તારા વિના મારે કોણ છે? જો મેં તારૂં કંઇ બગાડયું હોય તો મહેરબાની કરી મને જણાવ; જેથી મારી ભુલ સુધારૂં. આ સર્વ ધન તારૂં છે, ઘર બાર બાગ બગીચા ઘોડા ગાડી સર્વ તારાંજ છે. આ શબ્દ સાંભળીં તે શરમાઇને પાછો ચાલ્યો ગયો ત્યારે સ્ત્રીએ પુછયું કે કેમ સ્વામિનાથ શું કર્યું? ત્યારે તેણે કહ્યું કે ભાઈ તો આ પ્રમાણે કહે છે, (ઉપર પ્રમાણે) ત્યારે સ્ત્રી બોલી કે ધુર્ત માણસોના મુખમાં તો અમૃત હોય છે; પણ હૃદયમાં હલાહલ ઝેર હોય છે, માટે એવા શબ્દોથી આપે લલચાવું ન જોઇએ; તો પણ તમારી જેવી ઇચ્છા. છેવટે કંઇ ઉપાય નહિ થાય, અને ભુખે મરવાનો વખત આવશે, તો મારૂં પીયર પાસેજ છે, ત્યાં જઇશ. એવું સાંભલીને તે પાછો મોટા ભાઇ પાસે ગયો, અને ભાગ માગ્યો તે વખતે પણ તેણે તેને તેજ પ્રમાણે સમજાવ્યો પાછો શરમાઇ ને પાછો ગયો અને ઘેર સ્ત્રીએ આવાજ શબ્દો કહ્યા આ પ્રમાણે ૭ વખત બન્યા પછી નાનો ભાઇ તો કંટાળી ગયો શરમનો માર્યો બોલી શકે નહિ. છેવટે છાતી પત્થર સરખી કરીને ગયો અને કહ્યું કે આજ તો ભાગ આપશો ત્યારેજ અન્ન ખાઇશ, નહિતર અહિંજ મરણ પામીશ. આવા વચન સાંભળીને મોટા ભાઈ દીલગીર થયો અને વિચાર્યું કે મારો ભાઇ પવિત્ર છે પણ આ તેની સ્ત્રીનાં સર્વ વાનાં છે, અને તેણે બધું ખરાબ કર્યું આ પ્રમાણે વિચારીને નાના ભાઇને ઘણો ભાગ આપ્યો, અને વિદાય કર્યો હવે દૈવ યોગે થોડા દીવસમાં નાના ભાઇના ઘરમાં આગ

લાગી, તથા ચોરોએ દુકાનમાં ચોરી કરી તેથી તે નિર્ધન બન્યો આવું જાણીને મોટા ભાઇએ તેને પુષ્કળ ધન આપ્યું. આમ ૭ વખત મોટા ભાઇએ તેને ધન આપ્યું. આ વાતની ગામમા ખબર પડી. સર્વ કોઈ નાના ભાઈને ધિક્કારવા લાગ્યા. આખરે નાનો ભાઇ દુર કમાવા ગયો, ત્યાં પણ સર્વ ધન ગુમાવી બેઠો આખરે ભીખારીના વેષે હાથમાં છરી લઈ મોટા ભાઇનું ખુન કરવા માટે સ્ત્રીએ મોકલ્યો, તેથી તે ત્યાં આવ્યો, જેવો તે છરી મારવા જાય છે કે તરતજ બીજા લોકો એ તેને વાર્યો. આ પ્રમાણે મોટો ભાઈ સંસારની અસારતા જાણી જંગલમાં ગયો, ત્યાં કોઈ મહાત્મા નજરે પડવાથી તેમની પાસે દીક્ષા લીધી, ત્યાંથી કાલ કરીને મોટો ઈંદ્ર થયો અને નાનો ભાઈ કોઇ જંગલના તાપસ પાસે જઇ તેનો શિષ્ય થયો. ત્યાંથી મરીને તે હલકો દેવતા થયો. હવે મોટો ભાઈ ઈંદ્રનું સુખ ભોગવી ગજપુર નગરમાં વસુધર રાજાનો પુત્ર થયો, ત્યાં સુખ ભોગવે છે એવામાં તેણે સાધુ દીઠા અને પાછલો ભવ તેને યાદ આવ્યો કે તરતજ દીક્ષા લીધી, ત્યાં તેણે કેવલી ભગવાનને પોતાના નાના ભાઈના સમાચાર પુછ્યા, તો ભગવાને ફરમાવ્યું કે તે સર્પ થયેલ છે, તે સાંભળી ખેદ પામ્યા. તથા વિશેષ વૈરાગ્ય પામ્યા પછી જ્યાં તે નાનાં ભાઇનો જીવ સર્પના ભવમાં હતો ત્યાં ગયા અને તેને ધર્મ ઉપદેશ આપ્યો, તેથી તે વૈરાગ્ય પામ્યો સર્પને પાછલો ભવ યાદ આવ્યો; ધર્મ ઉપર પ્રીતી કરી આહાર પાણીના ત્યાગ કર્યો, ત્યાર બાદ સાત દિવસે તેણે કાલ કર્યો. ત્યાંથી મરીને ઈંદ્ર થયો અને અનુક્રમે મોક્ષ જશે. વાંચક વર્ગ આપરથી સમજી શકશે કે ખરા ભાઇ તે કોણ? આજ કાલના ભાઇઓ ૧ રૂપીઆ માટે કચેરીમાં દાવા કરે છે, અને

ચડસા ચડસીમાં ૧ રૂપીઆના બદલે હજારો રૂપીઆ વકીલ બારીસ્ટરોને આપે છે; પણ તેના ભાઈ પાસેથી એક રૂપીઓ છોડતા નથી, તેવા ભાઇઓ તે ભાઈના રૂપમાં નથી પણ ભાંડ યા સ્વાર્થિ વિષના કીડા છે. ભાઇ હોતો સિંહ જેવોજ હો કે જે આભવ તથા પરભવ ભાઇની સગાઈ રાખી, ભાતૃભાવ ભજીવી, આત્માનો ઉદ્ધાર કરી શકે. ઇતિ સિંહ વસંતની કથા સંપુર્ણ.

ક્રોધ ઉપર સ્કંધકાચાર્યની કથા ૪ થી.

સાવત્થી નગરીને વિષે જીતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ધારણી નામે રાણી હતી. તેને સ્કંધક નામા પુત્ર થયો, અને પુરંદર જસા નામે પુત્રી થઇ. તે પુત્રીનું લગ્ન કુંભકારકટક નગરમાં દંડક રાજા સાથે કરેલ છે. તે રાજાએ પોતાના સબંધી પાલકને પોતાના સસરાનાં ત્યાં મોકલ્યો. ત્યાં સભામાં ચર્ચા થતી હતી તેમાં પાલકે નાસ્તિક મત થાપ્યો. તે સાંભળી સ્કંધક કુમારે જૈન મત સ્થાપી પાલકને હરાવ્યો, તેથી પાલક ક્રોધાયમાન થયો; અને સભામાં અપમાન થવાથી પોતાના દેશમાં કામ કર્યા વિના ચાલ્યો ગયો.

એક દીવસ મુનિસુવ્રત સ્વામિ ૨૦ મા તીર્થંકર તે સાવત્થી નગરીમાં આવ્યા. તેમને સ્કંધકકુમાર વંદણા કરવા ગયો. પ્રભુજીએ ઉપદેશ આપ્યો. વૈરાગ્ય પામી ૫૦૦ માણસો સાથે દીક્ષા લીધી. પ્રભુજીએ સ્કંધક મુનિને ૫૦૦ શિષ્યોના આચાર્ય સ્થાપ્યા. એક

દીવસે સ્કંધક મુનિએ ભગવાનને કહ્યું કે હે પ્રભુ, જો આપની આજ્ઞા હોય તો દંડક રાજાને તથા મારી સંસાર પક્ષની બેનને ઉપદેશ આપવા જાઉં. ત્યારે ભગવાન મૌન રહ્યા. બીજી વખત પુછ્યું ત્યારે પણ મૌન રહ્યા. ત્રીજી વખત પુછ્યું ત્યારે જવાબ આપ્યો કે ત્યાં તમને પ્રાણાંત પરિસહ પડશે (મરવા જેટલા પરીસહ પડશે). આટલું ભગવાને કહ્યું ત્યારે ભગવાનને વંદણા કરી ૫૦૦ શિષ્ય સહિત સ્કંધક મુનિ ત્યાં ગયા.

સ્કંધક મુનિને ગામમાં આવતા જાણીને પાલકે તેમને ઉતરવાની જગા હતી ત્યાં હથિયાર દટાવ્યાં અને ત્યાંજ મુનિ પધાર્યા. તેમને દર્શન કરવા દંડક રાજા ગયો. મુનિએ ઉપદેશ આપ્યો, તે સાંભલી રાજા ઘણો ખુશ થયો. તેવામાં પાલક આવ્યો. અને રાજાને ખાનગીમાં બોલાવીને કહ્યું કે એતો ધુર્ત, ચોર, ઠગ છે અને તમારૂં રાજ્ય લેવા માટે કપટ કરી આ ૫૦૦ લશ્કરના માણસને લાવી સાધુનો વેષ પહેરાવી ઘેરો ઘાલવાનો છે. આ સાંભળી રાજાએ પુછ્યું કે તને શી ખબર છે. ત્યારે તેણે કહ્યું કે તેનું સર્વ કપટ હું જાણું છું. જો તમારે ખાત્રી કરવી હોય તો તેમને બીજી જગ્યાએ ઉતારો આપો એટલે તેમનું કપટ તમને દેખાડું. રાજાએ તેમને બીજી જગ્યાએ જવા કહ્યું તેથી બીજી જગ્યામાં રહ્યા. પાછલથી પાલકે પોતે જે હથિયાર જમીનમાં દાટયાં હતાં તે કહાડયાં અને રાજાને દેખાડયાં. રાજાને પણ શંકા થઇ તેથી કહ્યું કે તને યોગ્ય લાગે તેમ કરજે એમ કહીને, રાજા ઘેર ગયો.

પછી પહેલાં જે અપમાન થયું હતું તે સંભાળીને પાલકે એક લોઢાની ઘાણી મંગાવી અને તે ઘાણીમાં એક પછી એક

એમ તે શિષ્યોને ઘાણીમાં નાખી તલની માફક પીલી નાખે છે. તે વખતે સ્કંધક મુનિ બધાને ઉપદેશ આપે છે કે હે મુનિઓ ! પોતાનો સ્વભાવ મુકશો નહિ, ક્રોધ કરશો નહિ, આત્માના નીજ ગુણ જ્ઞાન, દર્શન, ચારિત્ર તપ છે તો તેને સેવજો. શરીર તમારૂં નથી, તમે શરીરના નથી. જે કર્મ ઘણા કાલે ક્ષય થાય, તે તમારે થોડી મીનીટમાં ક્ષય થાય તેવો અપુર્વ અવસર આવ્યો છે તો આવા અવસરને મુકશો નહિ. આ પાલક તમારો શત્રુ નથી પણ તમને મોક્ષ પહોંચાડનાર તમારો પરમ ઉપકારી મિત્ર છે. અનંતી વખત નારકીઓમાં આથી અનંત દુઃખ ભોગવ્યું છે. તો આ દુઃખથી બીશો નહિ દુઃખતો શરીરને છે, આત્માને તેથી કંઈ સબંધ નથી. સમતા વિના અનંત વખત વેદના નારકીમાં સહેલ છે તેથી કંઈ ગરજ સરી નથી, તો આ વખતે સમતાપણે સહેજો, ધૈર્ય રાખજો, પોતાનાં કરેલાં પોતે ભોગવવાનાં છે. આ પ્રમાણે સ્કંધક મુનિ ઉપદેશ આપે છે. તેમ કરતાં કરતાં ચારસોનવાણુ શિષ્ય થોડીવારમાં તલની માફક પીલી નાખ્યા અને તેમણે સકલ કર્મને અગ્નિમાં બાળી મુક્તિએ પધાર્યા. છેવટે એક નાનો શિષ્ય બાકી રહ્યો ત્યારે સ્કંધક મુનિએ કહ્યું કે હે પાલક ! તું આ છેલ્લા શિષ્યને જીવતો રાખ તે પહેલાં મને પીલ. ત્યાર બાદ તું ગમે તેમ કરજે. એમ કહ્યું તોપણ તે દુષ્ટે, મુનિને સર્વ દુઃખ દેખાડવા માટે છેલ્લો શિષ્ય પણ તલ માફક પીલી નાખ્યો. તે પણ મોક્ષે પધાર્યા. આટલું વચન આચાર્યનું કહેલું પાલકે ન માનવાથી તેમને ક્રોધ થયો, કે દુરાત્માએ આટલુ પણ મારૂં કહેલું માન્ય કર્યું નહિ, તેથી તેને વિશેષ ક્રોધ થયો અને મનમાં ખરાબ વિચારની શ્રેણીપર ચડવા લાગ્યા કે અહો ! મારા દેખતાં એ પા-

પીલ્યે શું કર્યું ! એ દુષ્ટ પાલક તથા દુષ્ટ રાજા નિર્દયી છે. એમ વિચાર કરીને જોરથી કહ્યું કે હે દુષ્ટ પાલક ! મારા પોતાના તપોબલથી તારો તથા રાજાનો હું નાશ કરનારો થઇશ, એવું નિયાણું બાંધ્યું. આવું સાંભળીને પાલકે વિશેષ ક્રોધાયમાન થઇ સ્કંધક આચાર્યને પણ ઘાણીમાં પીલી નાખ્યા. ત્યાંથી મરીને તે આચાર્ય અગ્નિકુમાર જાતના દેવતા થયા.

એવા વખતે સ્કંધકાચાર્યની મુહપતિ લોહીથી ખરડાઇને જમીન પર પડેલી હતી તેને જોઇને કોઈ પક્ષીએ માંસની કલ્પના કરી ઉપાડી આખરે માંસ ન મલવાથી ફેંકી દીધી. તે સ્કંધકાચાર્યની સંસારપક્ષની બેનની અગાસીમાં પડી; અને બેને તે મુહપતિ પોતાના હાથથી ગુંથેલ હતી તેથી ઓળખી અને લોકો પાસેથી વાત સાંભળી. આ પ્રમાણે બનાવ બનવાથી તે એકદમ આંખ લાલચોળ કરીને રાજા પાસે આવી અને કહેવા લાગી કે રે પાપી, દુરાત્મા, દુર્નીતીના કરનાર આ કુકર્મ તેં શું કર્યું ? તેં સાધુહત્યા કરી તેથી નારૂં નરક વિના ઠેકાણું નથી. આ પ્રમાણે રાજાને સખ્ત ઠપકો દેતી હતી, તેવામાં વખતના જાણનાર એવા શાસનરક્ષક દેવતાઓએ તેણીને ઉપાડીને મુનિ સુવ્રતસ્વામી પાસે લાવ્યા. ત્યાં તેણીને દીક્ષા આપી. હવે સ્કંધકાચાર્ય ત્યાં દેવતા થયેલ છે. તેમણે જ્ઞાનથી જાણ્યું. તેથી પાલક તથા દંડક રાજાને બાળીને ભસ્મ કરી નાખ્યા. માત્ર થોડા ક્રોધ માટે સ્કંધકાચાર્યને સંસારમાં રખડવું પડશે અને તેમના ૫૦૦ શિષ્ય મોક્ષે પધાર્યા. ક્રોધ તે સંસારમાં પરિભ્રમણ કરાવનાર છે. તે હંમેશાં ત્યાજનીય છે. આ જગ્યાએ હું તો તે મુનિની ક્ષમા માટે ધન્યવાદ આપુછું કે ૪૯૯ શીષ્યોને ઘાણીમાં પીલ્યા તોપણ લેશમાત્ર ક્રોધ

ક્ર્યો નહિ અને તેમને સર્વને મોક્ષે પહોંચાડયા. જો તેમણે તેટલો ક્રોધ ક્ર્યો તો તેમની સાગર જેટલી ક્ષમા. બિંદુ સમાન ક્રોધમાં તણાઈ ગઇ. માટે વાંચક વર્ગ=વિચાર કરશો અને આવા મહાત્માઓના દાખલા સ્મરણમાં રાખજો. ક્રોધ કરવા પહેલાં સ્કંધક મુનિના ચારિત્રને યાદ કરજો. આજકાલ જે માણસો ક્રોધમાં રચ્યા પચ્યા રહે છે, તે સંસારમાં રખડી નારકીનાં અનંત દુઃખો સહન કરે છે. મેરૂ પર્વત જેવડો ઢગલો થાયમતેટલી વખત મુહપતિઓનાં બંધન બાંધી, તેટલા ભવો સાધુપણામાં ગાળ્યા. રજોહરણની લાકડીઓની સંખ્યા ભેગી કરવા માટે ક્રોડો વનોના વાંસ કાપું તો પણ તેટલી લાકડીઓ મલી શકે નહિ તેટલા રજોહરણ ફેરવ્યા. લાખો ઝાડો કાપી પાતરાં બનાવીએ તોપણ પુરાં ન થાય તેટલાં પાતરામાં વહોરીને ખાધું; પણ મોક્ષ મલ્યું નહિ. તેનું કારણ માત્ર ક્રોધજ છે. ઇતિ સ્કંધકાચાર્યજી કથા સંપુર્ણ.

માનપર બાહુબલિની કથા ૫ મી.

જે વખતે ઋષભ દેવ પ્રભુએ દીક્ષા લીધી ત્યારે ભરતને વનિતાનું, બાહુબલજીને બકુલ દેશનું, અને બીજા ૯૮ પુત્રને જુદા જુદા પ્રદેશનાં રાજ્ય વહેંચી આપ્યાં. કેટલાક વર્ષે ભરત ચક્રવર્તિ રાજા થયા તેથી નાના ૯૮ ભાઈપર સ્વારી કરી. નાના ભાઇઓએ તેને રાજ્ય આપી ઋષભદેવ પ્રભુ પાસે દીક્ષા લીધી. તેથી તેઓનું રાજ્ય તેણે લઈ લીધું.

હવે બાહુબલજીનું રાજ્ય જીતવા દુતોને મોકલ્યાં. દુતોનું તેમણે અપમાન કર્યું ત્યારે લડાઈ શરૂ કરી; ૧૨ વર્ષ સુધી લડાઈ ચાલી. આખરે ઈંદ્રે ઉપરથી આવી કહ્યું કે હવે તમે બંન્ને લડાઈ કરો. શા માટે લાખો માણસોને હેરાન કરો છો ? આખરે તે પ્રમાણે કબુલ કર્યું. પછી ભરતે તેનું બાહુબલજીનું માથું છેદવા માટે ચક્ર મુકયું, તે પણ પાછું ફર્યું. ચક્ર જોઇને બાહુબલજીને ક્રોધ ઉત્પન્ન થયો કે તેણે મારૂં માથું છેદવા માટે જ્યારે ચક્ર મુકયું ત્યારે હું મારા મુઠીએ કરી તેના ચુરેચુરા કરી નાખું. એમ કરી જ્યાં મુઠી ઉપાડે છે તેવામાં વિચાર થયો કે ભુડું થશે; આ મારી મુઠીએ ભરત મરશે, છ ખંડ રંડાશે. ઋષભદેવના કુલને કલંક લાગશે. લોકમાં હાહાકાર થશે, અને મુઠી ઉપાડી તે પાછી પણ કેમ ફરૂં ? એમ ચિંતવી તે પોતાની મુંઠી માથાપર મુકી માથાના વાળનો લોચ કરી નાંખ્યો. દેવતાઓએ જયજય શબ્દ બોલી દીક્ષાનાં સાધન પુરાં પાડયાં. આ જોઈ ભરતે માફી માગી અને પોતાનો અપરાધ ખમાવી પોતાના નગરમાં ગયો.

હવે બાહુ બલજીએ વિચાર્યું કે મારા ૯૮ નાના ભાઇ કેવલી થયા તો મારે નાના ભાઇને વંદણા કરવી પડશે, તે માટે કેવલ જ્ઞાન ઉપજાવી ભગવાનના સમવસરણમાં જાઉં; જેથી મારે તેમને વંદણા કરવી ન પડે એવું અભિમાન કરી ત્યાંજ કાઉસ્સગ કરી ધ્યાનમાં ઉભા રહ્યા. એક વર્ષ સુધી ભુખ તૃષા ખમી, પગે ઝાડની માફક વેલા વિંટાણા, કાનમાં પંખીએ માળા ઘાલ્યા, અને ટાઢ તાપ ખમતા રહ્યા તો પણ કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું નહિ. આખરે ઋષભદેવ ભગવાને બ્રાહ્મી સતિને મોકલ્યાં. સતીએ

ફરમાવ્યું કે વીરા માન રૂપી હાથીપરથી ઉતરો. આ શબ્દો કાને પડતાંજ નાના ભાઇને વંદણ કરવા માટેનું અભિમાન યાદ આવ્યું કે તરતજ પશ્ચાતાપ કર્યો અને નાના ભાઇને વંદણા કરવા માટે જેવો પગ ઉપાડયો કે તરતજ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. વાંચક વર્ગ બાહુબલજીના તેટલા માન માટે તેમને એક વર્ષ સુધી કેવળ જ્ઞાન થયું નહિ તે માટે માન સિવાય બીજો કોઇ શત્ર નથી. માટે માનને મુકી ગુણીને વંદણા કરવી જોઇએ. નારકીમાં ક્રોધ વધારે છે, દેવતામાં લોભ વધારે છે, તિર્યંચમાં માયા વધારે છે, અને મનુષ્યમાં માન વધારે છે માટે માન તે માણસનો શત્રુ છે તો તેને અટકાવવો જોઇએ. **જેણે માન મુકયું તેણે સર્વ મુકયું.** તો મહાન પુરૂષોના ચારિત્રના દાખલા લઇ તેમને નજીવા માન ખાતર કેટલું સહન કરવું પડયું હતું તેનો વિચાર કરી તમે સર્વ ખોટા માનને મિથ્યાભિમાનને ત્યજો. કોનફરન્સની અંદર પ્રેસીડેન્ટની પદવી લઈ હજારો રૂપીઆની સખાવતો કરવામાં આવે છે, પણ પોતાથી ગુપ્ત દાન પાઈનું પણ થઇ શકતું નથી, તો તે સ્પષ્ટતાથી સમજાય છે કે માનના ભુખ્યા માન માટેજ દાન યા સખાવત કરે છે,. તો રત્ન ચિંતામણીને બદલે કાંકરો ખરીદવા જેવું કરે છે. આશા છે કે વાંચક વર્ગ માનની અભિલાષા સિવાય કાર્ય કરી, પોતાની મુરાદ પુરી પાડશે.

ઇતિ બાહુબલજીની કથા સંપૂર્ણ.

માયા ઉપર પદમિની સ્ત્રીની

કથા ૬ ઠ્ઠી.

બનારસ નામે એક શહેર છે, ત્યાં આત્મારામ નામે શેઠ હતો. તેને પદમીની નામે એક કન્યા હતી. તે માત પિતાનો કપટથી એટલો તો વિનય સાચવતી કે માતા પિતા તેને સર્વ કંઈ આપતા હતા, અને તેનો ક્ષણ માત્ર વિયોગ સહન કરી શકતા નહોતા. તે જ્યારે યૌવન અવસ્થા પામી ત્યારે તેને પરણાવી અને માત પિતા સ્વર્ગવાસ થયાં. યુવાવસ્થામાં પતિને પણ પ્રાણપ્રિય થઈ પડી પતિને તે કહે બેસો તો બેસે અને ઉઠો તો ઉઠે. એવી રીતે તેણે પતિને વશ કર્યો. એમ આનંદ ભોગવે છે એવામાં ગર્ભ રહ્યો, અને પુત્ર જનમ્યો. ત્યારે તેણે વિચાર્યું કે જો બાલકને ધવરાવીશ તો મારો અવયવ બધાં ઢીલાં થશે અને શરીર નિર્બલ થશે, ત્યારે વિષયનો સ્વાદ જતો રહેશે; એમ વિચારી બાલકને ધવરાવ્યો નહિ. પછી થોડા દીવસ વીત્યાબાદ પતિને કહ્યું કે હે પ્રાણનાથ! હું પતિવ્રતા છું; આજ સુધી મેં કોઇને પણ દ્રષ્ટિથી જોયો નથી, અને મારા શરીરનો કોઇ પણ આપ સિવાય સ્પર્શ માત્ર પણ કરી શક્યું નથી, તો હવે આ બાલકને કેમ ધવરાવું!' પતિએ તેની વાત સાચી માની એક ધાવ રાખી.

એક દિવસ તે શેઠ પોતાની દુકાનપર બેઠો છે, તેવામાં એક જુવાન બ્રાહ્મણ ત્યાં આવ્યો. તે વખતે એક સ્ત્રી ઘાસનો

ભારો લઇને જતી હતી, તેમાંથી એક સરી નીચે પડી. તે આ જુવાન બ્રાહ્મણે લીધી, અને દાંત ખોતરવા લાગ્યો. તેવામાં અકસ્માત બુમ પાડી અને કમરમાંથી કટાર કહાડી, આપ ઘાત કરવા લાગ્યો; તે વખતે શેઠે પુછયું કે, ભાઈ ! આમ તું શા માટે કરે છે ? ત્યારે બ્રાહ્મણે જવાબ આપ્યો કે મારે ચોરી કરવાના સોગન હતા, અને મેં તે સ્ત્રીની દાંત ખોતરવાની ઘાસની સળી તેના પુછયા વિના લીધી, તેથી મારા વ્રતનો ભંગ થયો, તેથી હવે હું આપઘાતજ કરીશ; તે સિવાય બીજો કંઈ ઉપાય નથી. આ ઉપરથી શેઠે વિચાર્યું કે, ધન્ય છે આ બ્રાહ્મણને કે તે પુછયા વિના તરખલુ પણ લેતો નથી. તેથી તેને મારા ત્યાં નોકર રાખું તો ઠીક. એમ વિચારી તેને કહ્યું કે, ભાઇ ! તમને ધન્ય છે, હવેથી તેવી ભુલ કરશો નહિ. આપ–ઘાત કરશો નહિ. મહેરબાન કરી મારે ત્યાં રહો; મારી દુકાનનું કામ ચલાવો. તેણે હાપાડી શેઠ હવે ઘણો ખુશી થયો કે, મારી સ્ત્રી પતિવ્રતા છે તથા બ્રાહ્મણ નોકર પણ ઘણોજ ધર્મિષ્ટ પુરૂષ છે; માટે હવે મને ઘર તથા દુકાન ની કંઈ પણ ફીકર નથી. હવે તે સ્ત્રી અને બ્રાહ્મણ ઘરમાં સ્વતંત્રતાથી કામ કરે છે; આખરે વધારે છુટથી લેવડદેવડ થવાથી અરસ્પરસ અનાચાર સેવવા લાગ્યાં. હવે એક દીવસ દુકાનનું કામ આવવાથી શેઠ બ્રાહ્મણને વિશ્વાસુ ધારી, ઘર તથા દુકાન તેને સોંપી . કુસુમપુર નામના નગરે ગયો. તે નગરની બહાર એક બાગ હતો. ત્યાં આગળ એક પક્ષી રોજ સવારથી સાંજ સુધી એક જગ્યામાં સુઇ રહેતું હતું; અને તેને લોકો રોજ ત્યાં જોવાથી તપસ્વી પક્ષી કહેતા અને તેની પુજા કરતા. પછી જ્યારે રાત્રિ પડે, ત્યારે નાનાં પક્ષી બચ્ચાં તથા ઇંડાં આખી રાત્રી ખાવા

જવું; અને પછી સવારે પોતાના સ્થાનકે આવતું આવું કૌતુક આ શેઠે નજરે જોયું, ત્યાંથી આગળ ગયો ત્યાં આગળ એક ઋષિ આસપાસ ધુણી લગાવી સખ્ત ગરમીમાં તપશ્ચર્યા કરતા હતા; તેને જોવા માટે રમતી રમતી એક રાજાની કુંવરી આવી. તેને એકલી આવેલી જોઇને તે ઋષિએ તેની ગરદન પર છરી ફેરવી, તેના ગળામાંનું જવાહિર લઈ દાટી દીધું. હવે સાંજ થઇ રાજકન્યા મળે નહિ, ત્યારે રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે જે મારી કન્યાની તપાસ કરશે તેને ૧ હજાર સોના મહોર આપીશ. ઉપરનો બનાવ, તે આત્મારામ શેઠે છેટેથી દેખેલ હતો. તેથી તેણે રાજાને કહ્યું, જેથી રાજાએ ઋષિને ફાંસીએ લટકાવી મારી નંખાવ્યો.

હવે શેઠે વિચાર્યું કે, આજ મેં બે કૌતુક જોયાં. જેમ અતિ આચાર (મહાત્માપણું) તેમ અતિ કપટ દીઠું, તેમ મારી સ્ત્રીમાં પણ અતિ આચાર હતો કે જેણે પુત્રને ધવરાવ્યો નહિ; અને બ્રાહ્મણમાં પણ અતિ આચાર હતો કે એક તૃણ માટે ગળુ કાપવા તૈયાર થયો હતો; તો રખેને તે બન્નેમાં પણ ઉપર પ્રમાણે કપટ ન હોય, તે માટે એક વખત ઘેર જઇ પરીક્ષા કરૂં, ત્યારે મારો સંદેહ ભાગે. એમ વિચારી, ઘેર જવા તૈયાર થયો. રાત્રે બનારસમાં આવ્યો ત્યાં આગળ ઘરની પાછળ કાણું હતું, ત્યાં તે જોવા લાગ્યો, તો ઘરમાં બ્રાહ્મણ અને સ્ત્રી કામ–વિકાર સેવી રહ્યાં છે; અને નિર્ભય પણે રતિ વિલાસ ભોગવે છે. આ દેખાવ શેઠથી પાંચ મીનીટથી વધારે જોઇ શકાણો નહિ, તેથી તે બોલ્યો કે,

"चालेना चुंबिता नारी, ब्राह्मण स्तृण-हिंसकः,
काष्टभूतो वने पक्षी, जीवानां रक्षको व्रती ।
आश्चर्याणि चत्वारि, मयापि निज चक्षुषा,
द्रष्टान्य हो ततः कस्मिन्, विश्रब्धं क्रियतां मनः ॥१॥"

એવાં પતિનાં કહેલા વચન સાંભળીને, તે સ્ત્રી વ્યભિચાર સેવતાં અધવચ ઉઠીને ઉભી થઈ, અને બ્રાહ્મણને ઘરમાંથી બહાર કહાડયો. આત્મારામ શેઠ પણ સંસારની અસારતા જાણી, વૈરાગ્ય પામી તરતજ ત્યાંથી ચાલી નીકળ્યો, અને મુનિ પાસે દીક્ષા લીધી, અને અંતે તેજ ભવમાં મોક્ષે ગયો. બ્રાહ્મણ સ્ત્રી, પંખી તથા ઋષિ અનંતો કાલ નારકીમાં ભમી અનંતી વાર ભવાટવીમાં રખડશે. આજકાલ કપટમાં હોંશિયાર વણિક વર્ગ કહેવાય છે. કહેવત છે કે 'નંદના ફંદ ગોવિંદ જાણે' તથા સંસ્કૃતમાં કહેલ છે કે '**वणिक कला न मोक्तव्यं**' વાણિયાના કપટ જાલ કેવલ જ્ઞાની યાને પરમાત્માજ જાણેજ છે. તે કપટ બીજુ કોઈ પણ સમજી શકે તેમ નથી. કપટ કરનાર મરીને પશુ પક્ષી તથા સ્ત્રીનો જન્મ ધારણ કરે છે. સારો માલ બતાવી ખરાબ માલ પાછળથી આપવો યા અડધો સારો ને અડધો ખરાબ માલ આપવો. તે મરીને ગાય ભેંસ કુતરા બળદ આખલા અને પાડા વગેરે યોનિમાં જન્મ ધારણ કરે છે, અને દુખી થાય છે; માટે કપટ ન કરવું તે શ્રેષ્ટ છે.

ગજસુ કુમારની કથા. ૭ મી

દ્વારકાં યાદવ નામે નગરી છે તેમાં રાજા અને દેવકીજી બન્ને ગૃહસંસાર ભોગવે છે; પણ તેમને પુત્ર નહોઈ ચિંતા કરવા લાગ્યાં. આખરે કૃષ્ણેં દેવતા આરાધી દેવકીજી માટે પુત્ર માગ્યો. ભાવિયોગે તે પ્રમાણે થયું. તેનું નામ ગજસુ કુમાર પાડયું. અનુક્રમે યૌવન અવસ્થા પામ્યા, ત્યારે સોમિલ નામા બ્રાહ્મણની પુત્રી ઘણી, રૂપવંતી હતી તેની સાથે લગ્ન કર્યું. ત્યાં એક વખત નેમિનાથ સ્વામિ પધાર્યા. ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામ્યા, અને માતપિતાની આજ્ઞા લઈ દીક્ષા લીધી. તેથી બ્રાહ્મણને ક્રોધ ઉત્પન્ન થયો કે, આ દુષ્ટે મારી છોડીને રઝળતી મુકી, માટે તેનો કોઇ વખત બદલો લઉ ત્યારે ઠીક ગણાય. એમ રોજ ચિંતવના કરે છે, એવામાં વિહાર કરતા કરતા દવારકા નગરીએ મુનિ પધાર્યા. ત્યાંથી તપશ્ચર્યા કરવા માટે સ્મશાનની અંદર ગયા. આ વખતે તે સોમિલ બ્રાહ્મણે સમતાસાગર એવા મહાત્માને ધ્યાનમાં ઉભેલા દીઠા કે, તરતજ ક્રોધ ઉત્પન્ન થયો અને તરતજ માટી લાવી તેમાં પાણી રેડી, મુનિના માથા પર પાર બાંધી, અને પાસે મડદુ બળતું હતું. તેમાંથી ઉના ઉના ધગધગતા અંગારા લાવ્યો, અને મહાત્માના મસ્તક પર મુક્યા. તે મુકતાની સાથેજ નસો તુટવા લાગી, અને મહાવેદના મહાત્મા ભોગવવા લાગ્યા; તોપણ તેઓ ઉપકાર માનવા લાગ્યા, કે મારા સંસાર પક્ષના સસરાજીએ મને મોક્ષની પાઘડી બંધાવી છે. માટે

તેમનો પરમ ઉપકાર મારાપર છે. પુર્વે કરેલ કર્મતો ભોગવવાં પડે છે, તેમાં કોઇનો પણ દોષ નથી. એમ શુભ ધ્યાનમાં વિચાર કરતા કરતા, મહાત્મા કેવલ જ્ઞાન પામ્યા. કૃષ્ણે આવી નેમિનાથ ભગવાનને પુછ્યું કે ગજસુ કુમાર ક્યાં છે? ત્યારે તેમણે જે વાત બની હતી તે કહી, અંતે મહાત્મા તો મોક્ષમાં પધાર્યા. વાંચનાર વર્ગ ગજસુ કુમારે સહન કરેલ વેદના ખરેખર અગાધ હતી. તે-નાથી અનંતમો ભાગ વેદના સમતા ભાવે સહન કરતા નથી. પ-ગમાં કાંટો વાગે છે તો બુમો પાડો છો, ઠોકર વાગે છે ત્યારે ચીસ પાડો છો, વીંછી કરડે છે તો કુદો છો, સાપને જુવો છો તો ધોતીયુ લઇને ભાગો છો. કુતરાને ભસ્તુ દેખો છો કે તરતજ પ-ત્થર મારો છો. આ કેવલ આપણી મુર્ખતા છે. ગજસુકુમારથી અનંતગણી વેદના આ જીવે અનંતી વખત નારકીમાં પરવશપણે ભોગવેલ છે. તો આજકાલ તો તેવા પરીસહ કંઈ પડતા નથી, તોપણ સાધુ તથા શ્રાવકનો આચાર થોડો પરીસહ પડવાથી ત-રતજ મુકી દેવામાં આવે છે તે કેવલ પાપનો ઉદય છે. માટે ગજસુકુમારની માફક ક્ષમા કરો. ઇતિ કથા, સપુર્ણ.

સત્ય તેજ શરણુ છે કલીકાચાર્યની કથા ૮ મી.

પુરમિણી નામે નગરી છે ત્યાં જીતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. ત્યાં કલીકા નામે એક બ્રાહ્મણ હતો, અને તેને દત્ત નામે ભાણેજ હતો, એક દીવસ કલીકા બ્રાહ્મણે જૈન મુનિ પાસે વૈરાગ્ય પામી દીક્ષા લીધી. પછી ભાણેજ સ્વતંત્ર થયો, ભાણેજ મિથ્યાત્વી હિંસાનો કરનાર યજ્ઞનો કરનાર પશુઓનો વધ કરનાર તેવો નીચ હતો તો પણ પુણ્ય યોગે બનવા કાલે તેને રાજાએ ખુશ થઈ પ્રધાન પદવી આપી. આખરે રાજાને કેદમાં નાખી પોતે રાજ્ય ગાદી લીધી. તેવા સમયમાં કલીકાચાર્ય ફરતા ફરતા ત્યાં આવ્યા ત્યારે તેની માતાના આગ્રહથી તે આચાર્યને વંદણા કરવા ગયો, ત્યારે આચાર્યે 'અહિંસાપરમોધર્મ,' એ વિષય ઉપર ઉપદેશ આપ્યો. ત્યારે દત્ત પુછ્યું કે યજ્ઞનું ફલ શું? ત્યારે આચાર્ય બોલ્યા કે, જ્યાં હિંસા હોય ત્યાં ધર્મ ન હોય, ફરી પુછ્યું તો જવાબ આપ્યો કે યજ્ઞનો કરનાર દુર્ગતિએ જાય છે. ત્યારે ત્રીજી વખત પુછ્યું, ત્યારે આચાર્યે વિચાર્યું, કે તેને હીંસા કરી યજ્ઞ કરવામાં ઘણોજ શોખ છે; માટે સત્ય વાત કહેવામાં શો દોષ છે? એમ વિચારી કહ્યું કે યજ્ઞનો કરનાર અવશ્યમેવ નરકમાં જાય છે. ત્યારે પુછ્યું કે મહારાજ મને પ્રત્યક્ષ ફલ દેખાડો. મહાત્માએ તે વખતે કહ્યું કે જા, આજથી સાતમે દીવસેં ઘોડાના પગથી ઉડીને માણસની વિષ્ટા તારા મોંમાં

પડશે, અને ત્યાર બાદ તને લોઢાની કોઢીમાં રાજ્યના લોકો પુરશે. આ વાત નાબુદ કરવા માટે તે મહેલની અંદરજ રહ્યો; અને ગામમાં કોઈએ પણ જંગલ જવું નહિ. તથા રસ્તાઓ સાફ કરાવ્યા અને રસ્તાઓપર ફુલ પથરાવ્યા. આખરે ૬ દિવસ થયા ત્યારે મહેલની અંદર મુંઝાણો અને ભુલી ગયો, અને વિચાર્યું કે આજ તો આઠ દિવસ થઇ ગયા, એમ વિચાર કરી એકદમ ઘોડેસ્વાર બની, હાથમાં તરવાર લઈ, મુનિને મારવા માટે જાય છે. તેવામાં રસ્તામાં સવારના ચાર વાગે એક વૃદ્ધ માલિ ફુલ નાખવા આવ્યો હતો. તે બીચારો વૃદ્ધ હતો હવે તેને દસ્ત લાગવાથી બીચારો ત્યાંજ બેઠો; અને ઉપર સુંદર ભભકાદાર સુગંધી ફુલો પાથરયાં, જેથી કોઇપણ દેખી શકે નહિ. આ પ્રમાણે અહીં બનાવ બનેલ છે, તેવામાં રાજા ઘોડો કુદાવતો કુદાવતો મુનિને મારવા જાય છે, કે તરતજ તે જગ્યાએ આવી પહોંચ્યો. ઘોડાની ખરી પડવાથી, તે વિષ્ટાનો છાંટો તેના મોંમાં પડયો. રાજાને વિશ્વાસ આવવાથી છાનોમાનો રાજ્ય મહેલની અંદર આવ્યો. રાજપુરૂષોએ તેને એકલો જોઇને પકડી, લોઢાની કોઠીમાં પુર્યો; અને તેના પુત્રને રાજ્યગાદીએ બેસાર્યો. આખરે સાત દીવસ સુધી મહાવેદના ભોગવી મરીને સાતમી નરકે ગયો અને કલીકાચાર્ય સ્વર્ગે પધાર્યા વાંચનાર વર્ગ "સત્યેજય, અને અસત્યે ક્ષય." સાચને કદી આંચ નથી. 'પાપનો ઘડો ફુટયા વિના રહેતો નથી.' એ જગજાહેર કહેવતો છે. અસલના મહાત્માઓ સત્ય વચન માટે પોતાનો પ્રાણ આપવા માટે પણ તૈયાર હતા, 'તેઓને ખુશામત કરવી ગમતી નહોતી, તેઓને ખુશ ખબર પુછવા ગમતા નહોતા, તેઓને વિકથા કરવી ગમતી નહોતી, તો તેઓ માટે મોક્ષ પણ તૈયાર હતું. આજકાલ

૯૯ ટકા ખામી જોવામાં આવે છે, તે સર્વ દુર કરવાની જરૂર છે. સત્ય રસ્તો બતાવતાં આજકાલનો સાધુ તથા શ્રાવક વર્ગ ડરે છે. કદાચ આચાર્યને ખોટું લાગશે. બે વર્ષ પહેલાં એક પવિત્ર મહાત્મા થઇ ગયા છે, તેઓશ્રી સત્યવક્તા હોવાથી સારી અસર આપણા પર બેસાડી ગયા છે. ધન્ય છે તેવા સત્યવક્તા વીર પુરૂષોને વર્તમાનમાં શ્રાવક વર્ગમાં લોકપ્રિય શ્રીયુત્ ....મુંબઈમાં બીરાજે છે, તે સત્યવક્તાનો પ્રત્યક્ષ દાખલો પુરાતની મહાત્માઓ સાથે સરખાવવા જેવો છે. આ સ્થાને દીલગીરી સાથે મારે મારા વિચારો અટકાવવા પડયા છે, તે માટે મને શક્તિ પ્રાપ્ત થાઓ એમ ભાવના ભાવિ અંત લાવુછું,

ધર્મે જય કથા ૯ મી.

બનારસ નામે નગર છે, ત્યાં નરવાહન નામે રાજા રાજ્ય કરતો હતો, તેને લલિતાંગ નામે એક પુત્ર હતો. અને રાજકુમારને સજ્જન નામે એક (દુષ્ટ પાપી નીચ કર્મનો કરનાર) મિત્ર હતો. લલીતાંગ કુમાર બાલ્યાવસ્થાથી દાન દેતો હતો, તેથી તેને દાન દેવાપર પ્રીતી હતી. એક દીવસ રાજાએ કુમારપર ખુશ થઈ, તેને એક હાર આપ્યો. એવામાં કોઈ ગરીબ ભીખારી આવ્યો, તેનાપર બહુ દયા આવવાથી કુમારે તે હાર તેને આપી દીધો. આ વાત તેના મિત્રે રાજાને કહી, રાજાને ક્રોધ ઉત્પન્ન થયો તોપણ તેને ખાનગીમાં બોલાવી સમજાવ્યો, કે હે કુમાર ! તું બાલક છે, તોપણ તારા ગુણો વૃદ્ધ

છે, તોપણ ભાઈ આપણે સંસારી છીએ; તો પૈસાની દરકાર રાખવી જોઇએ. આ રાજ્ય તારૂં છે, ધનમાલ ખજાનો સર્વ તારાંજ છે, પણ દાન વિચારીને આપીએ. કુમારે પિતાની આજ્ઞા માની સામાન્ય રીતે દાન આપવા માંડયું. ત્યારે ભિક્ષુક વર્ગ તેને કહેવા લાગ્યો કે હે કુમાર તું પારસમણી થઇને, આ પ્રમાણે કંજુસાઇ શા માટે કરે છે ? જગતમાં દાન શ્રેષ્ટ છે દાન આપવાથી લક્ષ્મી ઘટતી નથી, પણ વધે છે. આ વાત કુમારને પણ સત્ય લાગી, તેથી વિશેષ દાન આપવાનું શરૂ કર્યું. આ જોઇ તેના મિત્રે રાજાને કહ્યું. રાજાએ તેને દેશનીકાલ કર્યો. કર્મની ગતિ વીચીત્ર છે. કુમારે દેશનીકાલ જવા માટે સર્વ સામગ્રી તૈયાર કરી, એટલે સજ્જન પણ જે દુર્જનથી ભરપુર છે તેવો તેનો મિત્ર આવ્યો, તે પણ તેની સાથે ગયો. કુમાર નિષ્કપટી સરલ હોઇ કંઈ પણ સમજ્યો નહિ; અને ખુશ થયો રસ્તામાં ચાલતાં ચાલતાં કુમારે કહ્યું કે ભાઇ રસ્તો દુર છે, મુસાફરી લાંબી કરવાની છે, માટે વાત કહે. ત્યારે તે દુષ્ટ બોલ્યો કે હે મિત્ર, પુણ્ય તથા પાપમાં મોટું કોણ ? કુમાર બોલ્યો કે તું મુર્ખ દેખાય છે તારૂં નામ તો સજ્જન છે, પણ દુર્જન દેખાય છે. સર્વ કોઇ જાણે છે કે પુણ્ય તેજ ઉત્તમ છે, અને પાપ તે ખરાબ છે. આ સાંભળી તે દુષ્ટ બોલ્યો કે તેં પુણ્યનું પ્રત્યક્ષ ફલ ભોગવ્યું, અને વનમાં આવવું પડયું. તોપણ સરત માર. 'જો કોઇ પુણ્યને સારૂં કહે તો હું તારો નોકર થાઉ, અને પાપને સારૂં કહે તો તું મારો નોકર થા.' કુમારે વાત કબુલ કરી. કોઇ એક ગામડામાં ગયા; ત્યાં પુછ્યું; તો જવાબ મલ્યો, કે ભાઈ આજકાલ તો પાપી મનુષ્ય સુખી છે. પુણ્યશાલી દુઃખી છે, માટે પાપ તેજ મોટું છે. આથી કુમારે પો-

તાનાં કપડાં તેને આપ્યાં, અને તેનો નોકર થયો. હવે તે કહેવા લાગ્યો કે કુમાર પાપથી સુખ મલે છે, એવું કહે તો તારાં કપડાં તથા ઘરેણાં પાછાં આપું. તોપણ કુમારે પાપે દુઃખ કહ્યું. ભલે સાકર મીઠી અને સ્વાદીષ્ટ છે, તોપણ તે ગધાડાને ઝેર સમાન છે. દ્રાક્ષ સ્વાદીષ્ટ છે પણ કાગડાને ઝેર સમાન છે. માટે તેમાં સાકરનો યા દ્રાક્ષનો દોષ નથી પણ ખાનારનો દોષ છે. આખરે દુષ્ટે કહ્યું, કે ચાલો વધારે સાબીતી કરાવવી હોય તો કોઈ શહેરમાં જઇએ, અને ત્યાં "તમે હારો તો તમારી બે આંખો મને આપવી, નહિતર મારી તમારે લેવી." આ પ્રમાણે સરત કરી આગળ ચાલ્યા, ત્યાં પણ પાપથી સુખ મલે છે, તેવો જવાબ મલ્યો. તેથી દુષ્ટે આંખ માગી કુમારે વડના ઝાડ નીચે જઇને કહ્યું કે હે દેવતાઓ, દેવીઓ તમે સાક્ષી છો. ધર્મ તેજ જગતમાં જયવંતો છે તે મને શરણુ થાઓ, એવું કહી હાથમાં છરી લઈ, પોતાની બે આંખો તે દુષ્ટને કહાડી આપી. દુષ્ટ હવે તેને આંધળો થયેલો જોઇને, સર્વ માલમત્તા લઇને નાસી ગયો. હવે કુમાર બીચારો એકલો દુઃખે પીડાય છે. રાત્રિ પડી. સર્વ પક્ષીઓ પોતાના માલામાં આવ્યાં. એવા વખતે વડના ઝાડ ઉપર ભારંડ પક્ષી બોલ્યું કે આજે તમે નવાઈનું ગામમાં શું જોયું ત્યારે બીજાએ જવાબ આપ્યો કે પુર્વ દિશામાં ચંપાનગરીમાં જીતશત્રુ નામે રાજા રાજ્ય કરે છે, તેને પુષ્પવતી નામે પુત્રી છે, તે પુત્રી તેને જીવથી પણ વહાલી છે; પણ કર્મયોગે તે બીચારી આંખે આંધળી છે. આ જોઈ રાજા ફીકર કરે છે, અને ઘણા ઉપાયો કરે છે પણ તે દેખતી થતી નથી તેથી રાજાએ ઢંઢેરો પીટાવ્યો છે, કે જે મારી પુત્રીની આંખની દવા કરે, તેને મારી પુત્રી પર-

ણાવું, અને અડધું રાજ્ય આપું. નાનું ભારંડ પક્ષી બોલ્યું કે આંખની દવા કોઇ જાણો છો ? વૃદ્ધે કહ્યું કે આ વડના ઉપર જે વેલ છે, તે વેલ અને આપણી હગાર જો આંખે ચોપડે તો આંખે દેખતો થાય. આ વાત કુમારે સાંભળી, વેલ લીધી. હગાર વેલપર થોડી હતી, તે શોધી કહાડી, થુંકથી બંનેને મસળીને આંખે ચોપડી, એટલે તે દેખતો થયો. પછી વિશેષ લઇને તે ગામમાં ગયો અને રાજાને ખબર આપી. દવા કરી તેની આંખો સાજી કરી, ઢંઢેરા પ્રમાણે રાજાએ તેને પુત્રી પરણાવી, અને અડધુ રાજ્ય આપ્યું. આ પ્રમાણે કુમાર, પોતાની સ્ત્રી સાથે ભોગ ભોગવે છે, અને દિવસ આનંદમાં નિર્ગમન કરે છે. એક દીવસ કુમાર ગોખની અંદર બેઠો છે. તેણે તે પાપીને જતો દેખ્યો, અને તેની દશા એક ભીખારી જેવી, તથા રોગથી પીડાતી જોઇને તેનાપર દયા આવી. તેથી તેને માણસો મોકલી ઉપર બોલાવ્યો. કુમારે કહ્યું કે તું મને ઓળખે છે ? ત્યારે કહ્યું કે મહારાજ હા, હું આપને ઓળખું છું. આખરે કુમારે તેને ક્ષમા આપી, સ્નાન મંજન કરાવી અલંકાર પહેરાવ્યા; અને કહ્યું કે ભાઇ, આ સર્વ તારોજ ઉપકાર છે. તું અહિં રહે, અને સુખ ભોગવ, રાણીએ આ પાપીની ઓળખાણ માગી, તેથી તેને ઓળખાણ આપી, ત્યારે રાણી ક્રોધાતુર થઇ, અને કહ્યું કે, આ દુષ્ટને અત્યારેજ ફાંસીએ ચઢાવો, યા દેશનિકાલ કરો. કુમારે તેને સમજાવી. પછી તેણે ક્ષમા કરી એક દીવસ રાજાએ પોતાના જમાઇની ઓળખાણ માગવા, માટે વિચાર કર્યો. તેવામાં સજ્જન કે જે દુષ્ટ છે તેને બોલાવ્યો, અને પુછ્યું કે, તમારે તથા કુમારને શો સંબંધ છે ? એ કુમારનો કયો દેશ ? કોણ માતા, કોણ પિતા, કોણ જાતિ, ક્યાંથી આવ્યા ? ત્યારે પાપીએ

વિચાર્યું કે, ખરી વાત કહીશ તો માર્યો જઇશ. માટે કહ્યું કે રાજાજી કંઇ કહેવા જેવી વાત નથી. આથી રાજાને શંકા પડી, તેથી તેણે હઠ પકડી. ત્યારે તેણે કહ્યું કે હું નરવાહન રાજાનો પુત્ર છું, અને તે મારો ચાકર છે, અને રૂપાળો છે, માટે તેને કોઇએ વિદ્યા આપેલ છે. દેશ ભમતો ભમતો અહીં આવ્યો છે. અને હું પણ કામસર અહીં આવ્યોછું. એણે મને ઓળખ્યો તેથી મને બોલાવ્યો, અને હવે મને જવા દેતો નથી, હે ભાઇસાહેબ તમે મારી વાત રાજાને કહેશો નહિ. આ પ્રમાણે તમારાથી ડરે છે અને પોતાની નીચ જાતિ છુપાવી આપને ઠગે છે. આ સાંભળી રાજા ગભરાયો, કે હવે શું કરૂં વચનમાં બંધાણો પુત્રી પરણાવી જમાઇ બનાવ્યો. ખરેખર ઘણું ખરાબ કામ કર્યું. આમ વિચારી પોતાના સુમતી પ્રધાનને બોલાવ્યો, અને તેને મારી નાખવા કહ્યું. પ્રધાને રાજાને સમજાવ્યો પણ સમજ્યો નહિ. આખરે રાજાએ ચંડાળોને બોલાવ્યા અને કહ્યું કે મહેલના રસ્તાથી રાત્રિના ૮ વાગે જે માણસ આવે તેને મારી નાખજો. રાત્રે રાજાએ કુમારને બોલાવવા મોકલ્યો. કુમાર વસ્ત્ર પહેરી તૈયાર થયો. આ વાતની રાણીને ખબર પડવાથી, બારણું રોકીને બેસી ગઈ, અને કહ્યું કે રાત્રે જવાનું કંઇ કારણ નથી, સવારે જજો; જરૂરી કામ હોય, તો તમારા મિત્ર સજ્જનને મોકલો. રાજકુમારે તેમ કર્યું તેતો ખુશ થતો થતો જાય છે. તેવામાં ચંડાળોએ પ્રથમના સંકેત પ્રમાણે, તેને છાનોમાનો મારી નાખ્યો. આ વખતે એકદમ રાત્રે ચીસ પડી. રાણીએ કહ્યું, જુઓ તમને મારી નાખવા બોલાવ્યા હતા. મારૂં કહ્યું ન માન્યું હોત, તો શી દશા થાત. આખરે કુમાર એકદમ રાત્રે સૈન્ય લઈ નગરની બહાર નીકળી પડયો. સવારે રા-

જાને ખબર પડવાથી રાજા પણ તૈયાર થયો. સુમતિ પ્રધાને રાજાને સમજાવ્યું કે મહારાજ વિચાર કરો, સાહસ કરો નહિ. ત્યારે રાજાએ કહ્યું, કે જાઓ તમને યોગ્ય લાગે તેમ કરો. પ્રધાન કુમાર પાસે ગયો. હે કુમાર, આપની જાતિ કોણ છે ? ત્યારે કુમારે કહ્યું કે મારી ભુજા તમને જાતિ તથા કુલ બતાવશે. પ્રધાને કહ્યું કે આપ તો ગુણે કરી ગુણવાન છો, તે હું જાણું છું, પણ તે દુષ્ટે રાજાને આપના માટે શંકા ઉપજાવી છે તે માટે તમને પગે લાગી કહુંછું, કે આપની જાત ફરમાવો. ત્યારે કુમારે પોતાની સર્વ વાત કહી સંભળાવી, આખરે રાજા ઘણો ખુશ થયો. આખરે કુમાર પોતાની સ્ત્રી સાથે પોતાના પિતાના રાજ્યમાં ગયો. પિતા ઘણો ખુશી થયો. આખરે રાજાની વૃદ્ધાવસ્થા થવાથી, પોતાના પુત્રને રાજ્ય આપી, પોતે દીક્ષા લીધી. હવે લલીતાંગ કુમાર રાજ્ય સુખ ભોગવે છે, તેવામાં વિહાર કરતા કરતા તેના પિતા ત્યાં આવ્યા. (નરવાહનઋષિ) તેમણે કુમારને ઉપદેશ આપ્યો. આખરે કુમારે પણ દીક્ષા લીધી, અને ઉગ્ર તપશ્ચર્યા કરી મોક્ષે પધાર્યા. ઇતિ કથા સંપુર્ણ.

વાંચનાર વર્ગ સત્ય વસ્તુ ઉપર આવે છે. સાચુ સોનું હોય છે તે સોનું જ્યારે તાંબાં તથા ચાંદીથી જુદુ થાય છે, ત્યારે એકદમ સોનાનો ગાંગડો ઓગળી ઉપર નીકળી આવે છે તે પ્રમાણે ચાંદીમાં પણ સત્ય વસ્તુ હંમેશ ઉપરજ આવે છે. ઘી યા તેલનેજ કઢાઇની અંદર ઉકળવું પડે છે, નહિ કે વ્યાસલેટ યા પાણીને. દુધનેજ વિશેષ ઉકાળી સ્વાદીષ્ટ બનાવવામાં આવે છે. નહિ કે પાણીને તેવી રીતે સત્ય વસ્તુનેજ કસોટીપર કસાવું પડે છે. સોનાનેજ કસોટી સાથે ઘસાવું પડે છે, નહિ કે પીતલ યા તાંબાને તો

મહાન પુરૂષોનેજ કષ્ટ પડે છે. તેજ પુરૂષો ક્ષમા ધારણ કરી શકે છે: તો વાંચનાર વર્ગ સત્યની કસોટીમાં આવવું પડે તો ડરશો નહિ.

ધર્મકાર્ય સિવાય અન્ય ઉંચુ કાર્ય નથી કથા ૧૦ મી.

કૌશંબી નામે નગરી છે, ત્યાં પુરૂષોત્તમ નામે બ્રાહ્મણ છે, અને તેને સોમાવતિ નામે સ્ત્રી છે. પોતે ઘણોજ ગરીબ અવસ્થાનો છે તેથી પરદેશ કમાવા માટે ગયો. અહીં તેની સ્ત્રી ખાંડણું પીસણું કરી પેટ ભરે છે, અને એક શેઠના ત્યાં કામ કરવા જાય છે. શેઠાણી ઘણી માયાળુ હતી, તેથી તેણે તે બ્રાહ્મણીને ધર્મનો ઉપદેશ આપ્યો, અને જૈન ધર્મમાં શ્રદ્ધાલુ બનાવી. આ પ્રમાણે કામ કરતાં કરતાં ૧૨ વર્ષ વીતી ગયાં ત્યારે બ્રાહ્મણ પરદેશથી કમાઇને આવ્યો. પોતાની સ્ત્રીને પુછ્યું, કે તેં મારા ગયા બાદ ૧૨ વર્ષ કેવી રીતે ગુજાર્યા ? ત્યારે તેણે સર્વ હકીકત કહી બ્રાહ્મણ ઘણો ખુશ થયો; અને કહ્યું કે મને પણ ધર્મ સંભળાવ. આખરે તે સ્ત્રીએ તેને જીવ અજીવ આદી સર્વનું ભાન કરાવ્યું, તેથી તે પણ જૈન ધર્મમાં શ્રદ્ધાવાન બન્યો. બન્ને પતિ પત્નિ જૈન ધર્મમાં દ્રઢ છે, અને ક્રિયા પાલે છે. આ વાત ગામના બ્રાહ્મણોએ જાણવાથી તેમનો તિરસ્કાર કર્યો. એક દિવસ સર્વ બ્રાહ્મણ શીયાલો હોઇ તાપવા

એઠા છે, તેવે વખતે આ પણ ત્યાં જઈ પહોચ્યો, ત્યારે સર્વે કહ્યું, કે હે પાપીષ્ટ અહિંથી દુર જા. અમને અડીશ નહિ. આ સાંભળી બ્રાહ્મણ ઝંખવાણો પડયો, તો પણ બોલ્યો, કે ભાઇઓ જૈન ધર્મ તેજ સત્ય છે. બીજું સર્વ ખોટું છે. તે સાંભળી બ્રાહ્મણોએ તેનો વિશેષ તિરસ્કાર કર્યો. આખરે તેમણે મશ્કરી કરી કે, જો તારો ધર્મ સાચો હોય, તો તારા છોકરાને આ અગ્નિમાં નાખ. જીવતો નીકળે તો તારો ધર્મ સાચો, નહિતર ખોટો ત્યારે બ્રાહ્મણે તે વાત કબુલ કરી, તે પ્રમાણે શબ્દો બોલી પોતાના છોકરાને અગ્નિમાં નાખ્યો. આ પ્રમાણે બનાવ બનેલ હોઈ એકદમ શાસન દેવતાનું આસન ચલાય માન થયું. આખરે તેમણે શીતલતા કરી છોકરાને પાણીમાં તરતો મુકયો. આ જોઈ બ્રાહ્મણોને જૈન ધર્મ પર વિશ્વાસ આવ્યો અને તેને પગે પડયા પછી બ્રાહ્મણ ખુશ થતો થતો પોતાની સ્ત્રી પાસે આવ્યો. સ્ત્રીને સર્વ હકીકત કહી સ્ત્રી ગુસ્સે થઈ કે હશે પુત્ર સાજો થયો, પણ કદાચ આપણા પાપના જોગે કદાચ બળી ગયો હોય, તો પણ જૈન ધર્મને ખોટો ત્રણે કાલમાં કહી શકાય નહિ. વાંચનાર વર્ગ શુદ્ધ શ્રદ્ધા હોય તો સર્વ કામ થઈ શકે છે. શ્રદ્ધા વિના સર્વ નકામું છે. એકડા વિના સો મીડાં નકામાં છે, તેમ શ્રદ્ધા વિના કરણી નકામી છે. ઇતિ સંપૂર્ણ.

ચિલાતિ પુત્રની કથા ૧૧ મી.

રાજગૃહ નામે નગર છે ત્યાં સાર્થવાહ નામે એક શેઠ છે તેને ચિલાતિકા નામે દાસી છે. તે દાસીથી પુત્ર ઉત્પન્ન થયો તેથી તેનું નામ ચિલાતિ પુત્ર પાડયું; અને શેઠને પોતાની સ્ત્રીથી સુસમા નામે રૂપવંતી પુત્રી થઇ. આ પુત્રી અને ચિલાતિ પુત્ર બાલ્યાવસ્થામાં સાથે રમે છે. યૌવનાવસ્થામાં ખરાબ આચરણનાં લક્ષણ દેખાવાથી તેને શેઠે શહેર બહાર કાઢી મુકયો. ત્યાં તે ચોરોને જઇને એક જંગલમાં મલ્યો. અને ચોરીનો ધંધો કરવા લાગ્યો. હવે તેણે ચોરોને કહ્યું કે, સાર્થવાહ શેઠને ત્યાં આપણે ચોરી કરવા આજે જઇશું; તેમાં ધન તમારૂં અને શેઠની છોડી મારી. આ પ્રમાણે ભાગ પાડીશું તે પ્રમાણે કબુલ કરી ચોરી કરી છોડીને તથા ધનને લેઇને નાઠા. પાછળથી રાજપુરૂષોને ખબર પડી ત્યારે રાજપુરૂષો ચોરોને પકડવા ગયા. બાકીના ચોરતો નાસી ગયા પણ ચિલાતી પુત્ર પાસે ત્રણ મણની કાયાની પુત્રી હતી તેથી તેનાથી જલદી દોડી શકાયું નહિ. આખરે રાજપુરૂષો પાસે આવવાથી છોડીનું ગળુ કાપીને શરીરને ફેંકી દીધું, તેથી રાજપુરૂષો પાછા ફર્યા. હવે તે એક હાથમાં તલવાર અને બીજા હાથમાં છોડીનું માથુ, એ પ્રમાણે દોડતો દોડતો જાય છે તેવામાં ઘોર જંગલની અંદર એક મહાત્મા તેણે જોયા. તે મુનિને જોઇને કહેવા લાગ્યો કે હે સાધુ! મને ઉપદેશ આપ નહિતર તારૂં પણ ગળું કાપી નાખીશ. તેથી મુનિએ ઉપદેશ આપ્યો. આખરે તેને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી ત્યાંજ

દીક્ષા લીધી, અને ત્યાંજ ઉભો રહ્યો. હવે જેનું શરીર લોહીથી ખરડાયેલ છે. એવા આ મુનિ ધ્યાનમાં ઉભા છે. તેવામાં લોહીની સુગંધીથી કીડીઓ, મંકોડા, મધમાખીઓ, ભમરા, વગેરે સર્વ કોઇ લોહી ચુસવા માટે આવ્યાં. આખરે અઢી દીવસ સુધી લોહી ચુસવાથી શરીર ચારણી જેવું થઈ ગયું. આખરે મરીને તે દેવલોકમાં ગયા. વાંચનાર વર્ગ—સોબત તેવી અસર. હિંસાનો કરનાર જે હતો તેની પરમ ઉત્કૃષ્ટ ક્ષમા; ધન્ય છે તેવા મહાત્માઓને; અંતે તેઓ ધર્મ કરવાથી સદ્‌ગતિએ પામ્યા છે. માટે ધર્મ તેજ શરણભુત છે. જેમ લોહ પારસમણીના સ્પર્શથી કનક બને છે તેમ મહાત્માઓના પરીચયથી અથવા તેમની ઉપદેશ વાણીથી વજ્ર જેવા નિર્દયીનાં હૃદય પણ નમ્ર બને છે. આજકાલ તેવા મહાત્માઓની ઘણીજ ખામી જણાય છે, જેથી જૈન ધર્મ દીવસે દીવસે અધોગતિએ આવતો જાય છે. ઇતિ ચિલાતિ પુત્રની કથા સંપુર્ણ.

નિયમ પાળવાં વિષે કાન કંઠીયારાની કથા ૧૨ મી..

વસંત ઋતુમાં ખરા મધ્યાન સમયે, એક દુઃખી પુરૂષ ઘોર વનમાં લાકડાં કાપતો હતો. આ દુઃખી પુરૂષને પહેરવા એક પણ વસ્ત્ર નહોતું અને જે પાયજામો પહેરેલો હતો તે તદ્દન ચીરાયેલો હોવાથી તે નગ્ન દે-

ખાતો હતો. એક વખત મધ્યાન સમયે પોતાનું ગુજરાન ચલાવવા માટે હાથમાં કૂહાડો લઈ પોતાનું જેટલું બળ હતું તેટલું લાકડાં કાપવામાં અજમાવતો હતો. તેનું શરીર પરસેવાથી ભરપુર હતું અને તેના શરીરનો રંગ શ્યામ પડી ચામડી વજ્ર સરખી થઈ ગએલી હતી, મસ્તકપર તાળ પડેલી હતી અને જોડા વગર પગતો પથ્થર જેવા બની ગયા હતા. લાકડાં કાપી તેની ભારી બાંધી પોતાના માથે મુકી ચાલવા માંડયું. રસ્તામાં મોટા નિસાસા સાથે બોલ્યોઃ–અરે ભગવાન્ ! જો આ લાકડાના સાત પૈસા નહીં મળે તો રાંડ, દુષ્ટ, અભાગણી ઘરમાં પેસવા દેશે નહિ અને મારે ઉપવાસ કરવો પડશે. માટે લાવ બે ચાર લાકડાં વધારે કાપું. આ પ્રમાણે બોલી તે પાછો વળ્યો અને બીજા લાકડાં કાપી ભારી બાંધી. ખરા બપોરે ધગધગતી ધરતી ઉપર પગલાં મુકતો પોતાના શહેરની ભાગોળ તરફ ચાલ્યો. અહો ! પુન્યનો પ્રભાવ કેવો સુખદ છે ? પુન્યવંત પુરૂષો આ પૃથ્વીમાં કેવી સુખશાતા ભોગવે છે, ત્યારે પાપીના દુઃખનો અંત નથી. એક પુરૂષ પુન્યના પ્રભાવે કરી અનંત સાહેબી અને સુખ ભોગવે છે, ત્યારે બીજો પુન્યહીન પ્રાણી મહાકષ્ટે પણ પોતાનું ગુજરાન કરી શક્તો નથી. વાંચનાર, આ દુઃખી કઠીયારાને પોતાના ઉદરાર્થે અતિ કષ્ટ સહન કરવું પડતું હતું, પણ તેણે એક વ્રત લીધું હતું કે, હમેશાં પોતાનાં લાકડાંના સાત પૈસા ઉપજાવી, તેમાંથી ત્રણ પૈસા ધર્માદામાં વાપરી, બાકીના ચાર પૈસાથી પોતાના કુટુંબનો નિર્વાહ ચલાવતો હતો. પોતે ભુખ્યો રહે, પણ ધર્માદા કરવા કદી ચુકતો નહોતો, અને ગરીબ, અપંગ અને ભુખથી પીડાતાને બે પૈસાનું ખવરાવવામાં પોતે સંતોષ તથા આનંદ માનતો હતો.

આ પ્રમાણે, કેટલોક કાળ વીત્યા પછી, એક દિવસ તે કઠીયારો લાકડાં કાપવા જતો હતો, તે વખતે એક માહાત્માને મધ્યાન સમયે ધગધગતી જમીન પર તપશ્ચર્યા કરતા દીઠા. તે તેમની પાસે ગયો અને વિનયથી નમ્રતાપૂર્વક વંદણા કરી. એટલે મહાત્માએ તેની સ્થિતી પુછી. તે સાંભળી, તેને મુનીરાજે ઉપદેશ દીધો કે:—હે કઠિયારા ! આ ભવ આવી રીતે દુઃખમાં કાઢવો પડે છે, તેનું કારણ પરભવનાં કરેલાં પાપ છે. જ્યારે આ ભવે, પણ સારા કૃત્યો નથી કરતો તો બીજા ભવમાં તો આથી પણ વધારે કષ્ટ ભોગવવું પડશે. માટે રે ભવ્ય જીવ ! મારે કહેવાનું કે તું લીલાં લાકડાં કાપે છે તે મહા પાપ બાંધે છે કારણ કે લીલોતરીમાં અનંતા જીવ હોય છે, માટે તે કાર્ય અયોગ્ય છે. પોતાના ગુજરાન માટે મહેનત કરવી પડે, પણ તે મહેનત પાપ ન થાય તેવી કરવી; જેથી કરી આપણા આત્માનું કલ્યાણ થાય. તે કઠિયારાને મુનિરાજનો ઉપદેશ ખરો લાગ્યો, તેથી તેજ વખતે લીલાં લાકડાં નહિ કાપવાનું વ્રત લીધું અને નમસ્કાર કરી પોતાના રસ્તે ચાલ્યો ગયો. હવે તે કઠિયારાને વધારે સુકાં લાકડાં શોધવા પરિશ્રમ વેઠવો પડયો તોપણ તે ધર્માદા આપવા ચુકયો નહિ. એક દિવસ ઈંદ્ર મહારાજ સભા ભરી બેઠા છે, તેમાં મૃત્યુ લોકના પુરૂષોની વાર્તા ચાલી. ઈંદ્ર મહારાજ બોલ્યા કે હાલમાં મૃત્યુ લોકમાં એક કઠિયારો મહા સંકટ સહન કરી પોતાનો નિયમ પાળે છે તે શિવાય બીજો કોઈ નથી. તેમ પોતે લીલાં લાકડાં કાપવાના સોગન લીધા છે અને સુકાં અતિ સંકટથી ભેગાં કરે છે, તોપણ ધર્માદા ત્રણ પૈસા કાઢવા ચુકતો નથી. આ સાંભળી અન્ય દેવને તેની ઈર્ષા આવી, તેથી તેની પરીક્ષા કરવા

ઈંદ્ર મહારાજની આજ્ઞા લીધી. હવે કઠિયારો લાકડાં કાપવા વનમાં ગયો છે તે વખતે તે દેવે એવી લીલા કરી કે, દરેક સ્થળે લાકડાં લીલાં બની ગયાં કઠિયારો ભુખ્યો તથા તરસ્યો ત્રણ દિવસ મહા સંકટ તથા પરિશ્રમ વેઠી વનમાં રખડયો, પણ સુકા લાકડાં મેળવી શકયો નહિં, તેથી થાકીને એક જગ્યાએ બેઠો, પણ પોતાના વ્રતમાં રજમાત્ર પણ ફેરફાર કીધો નહિ. જો કે પોતાને ઉપવાસે કરવા પડયા પણ તેનો સદ્‌ગતિમાં આગમીક કાળે વાસ થશે એમ ખાત્રી થઈ ચુકી હતી. પ્રિય વાંચનાર, ભુખ બહુ ખરાબ છે. પેટ માટે લોકો હજારો કુકર્મો કરે છે અને પોતાના ગુજરાન માટે અનેક જાતની ચાડી ચુગલી અને કપટ કરે છે. તે એટલે સુધી કે અનાર્ય દેશમાં ભુખથી પીડાતા પોતાના પ્યારા પુત્રને ભક્ષ કરે છે ! ! ભુખથી પીડાતા પુરૂષો માટી ખાય છે, પાંદડ કરડે છે તથા વનસ્પતિનો આહાર કરે છે, તો ધન્ય છે આવ કઠિયારાને ! કે જેના હાથમાં એક સબળ ઉપાય હતો. જો તેણે સુકાને બદલે લીલાં લાકડાં કાપ્યાં હોત તો, કદિ પણ તે ત્રણ લાંઘણ ખેંચત નહિં; પણ જે માણસ ધર્મી અને દ્રઢ શ્રદ્ધાવાળો છે, તે સેંકડો સંકટો સહન કરીને પણ પોતાનો નિયમ પાળે છે

હવે પેલો દેવ પૃથ્વીપર આવ્યો અને કઠિયારાને કહેવા લાગ્યો કે, હે મનુષ્ય ! તું ખરા બપોરે કેમ આ પ્રમાણે રખડે છે. તેણે જવાબ આપ્યો કે, હે ભાઇ ! હું ત્રણ દિવસ થયાં સુકાં લાકડ કાપવા આ ઘોર વનમાં રખડું છું. એ સાંભળી દેવે જુદી લીલા કરી અને બીજી તરફ આંગળી કરી બતાવ્યું કે, જો પેલું ઝાડ સુકું છે. કઠિયારે જોયું તો સુકું ઝાડ દેખાયું, તેથી તે એકદમ લાકડાં કાપવામાં તલ્લીન થઇ ગયો. આ ઉપરથી દેવ પ્રસન્ન થયો

અને બોલ્યો કે હે કઠિયારા! હું તારા ઉપર પ્રસન્ન થયો છું, માટે તારી અભિલાષા હોય તે માગી લે. તેણે પ્રત્યુત્તરમાં કીધું કે, હું મારો નિયમ બરોબર પાળી શકું એવો આશીર્વાદ આપો. ત્યાર પછી દેવે હાથમાં કુહાડો લઇ, થોડાં લાકડાં કાપી આપ્યાં અને કહ્યું કે, આ લાકડાંનો એક સુશોભિત, રમણિય ચાર પાયે ચાર પૂતળીઓ સહિત, એક પલંગ બનાવજે અને જે સવાલાખ રૂપીઆ આપે તેને આપજે.

હવે કઠિયારો ઘેર આવ્યો કે તરતજ તેની ભાર્યાએ કટુ વચનનો તેના ઉપર વરસાદ વરસાવ્યો; પણ શાંત કઠિયારો શબ્દ માત્ર પણ બોલ્યો નહિં. તે ખાટલાનાં લાકડાં ઘેર મુકી, બાકીનાં વેચવા ગયો. જે પૈસા આવ્યા તેમાંથી ત્રણ પૈસા ધર્માદામાં વાપર્યા અને બાકીનાથી જે મળ્યું તે ભોજન અર્થે વાપર્યું.

પછી નવરાશની વખતે, તે બની શકે તેટલી મહેનતથી પલંગ શુસોભિત તથા રમણીય બનાવવા માંડયો. આશરે એક માસે તે પુરો થયો, ત્યારે પોતાની પત્નિને બજારમાં જઈ, જે સવાલાખ રૂપીઆ આપે તેને વેચાતો આપવો એમ આજ્ઞા કરી. પણ તેની પત્નિએ તેની હાંસી કરી, અને બોલી કે, તારા કપાળમાં સવાલાખ રૂપીઆને બદલે સવાલાખ ફુટેલી બદામો પણ નથી. તેથી કઠીયારાએ તેણીને આજીજી તથા નમ્રતાપુર્વક જવાનું કહ્યું. ત્યારે તે સ્ત્રી, હંમેશાં તે ઢોલીઓ લઈ બજારમાં જવા માંડી, અને જે પુછે તેને સવાલાખ રૂપીઆ બતાવતી હતી. તેથી લોકોમાં આશ્ચર્ય વધ્યું અને વાર્તા ફેલાવા લાગી. આ ખબર, ત્યાંના ગુણવંત રાજાએ જાણી અને વિચારવા લાગ્યો કે, તેમાં કાંઇ પણ ગુણ હોવા જોઇએ, નહીં તો વેચનાર સવાલાખ રૂપીઆ

બોલે નહિ. રાજાએ અનુચરને આજ્ઞા કરી કે ભંડારીને કહો કે આ પલંગ સવાલાખ રૂપીઆ આપી ખરીદ કરે. આજ્ઞાથી ભંડારી માણેકચોકની ગુજરીમાં ગયો અને કઠિયારાને જણાવ્યું કે, આ પલંગ રાજાએ ખરીદ કરેલ છે, તો મને સ્વાધીન કર, અને તારા પૈસા રાજાનો સેવક તારા ઘેર આપી જશે. આથી તેણીએ, તે તેમને સોંપ્યો અને હર્ષથી ઉતાવળી ઉતાવળી ઘેર આવી. તેણીએ આવી પોતાના પતિ માટે ઉનું પાણી મુકયું અને આડોશી પાડોશી પાસેથી માગી લાવી મિષ્ટાન બનાવ્યું. પ્રિય વાંચનાર—લક્ષ્મી તે શી ચીજ છે ? પૈસા વાસ્તે માણસ શું નથી કરતાં ? જે કઠિયારી પોતાના પતિને કટુ વચનનો વરસાદ વરસાવતી, અને ગાળોનાં પ્રભાતિયાં સંભળાવતી તથા સુકો રોટલો આપવા સો સો વિટંબણા પાડતી, તેજ સ્ત્રી અત્યારે તેજ પતિને પ્રિયમાં પ્રિય માની તેનો આભાર માનવા લાગી. ખરેખર પૈસાની બલિહારી છે. જો કે આગમીક કાળે તેથી અસદ્ગતિ થાય છે ખરી, પણ ચાલતા ભવમાં તો તે પરમેશ્વર રૂપ થઇ પડે છે, તેમાં કાંઇ આશ્ચર્ય નથી. હવે રાજસેવકો સવાલાખ રૂપીઆ આપવા આવ્યા તેથી, કઠિયારી ગાંડીઘેલી બની ગઈ, પણ સુજ્ઞ પવિત્ર કઠિયારો બધી માયા સમજી ગયો. તેણે વિચાર કર્યો કે મારો એવો નિયમ છે કે રળી લાવેલામાંથી અડધું ધર્માદા વાપરવું, પણ આ વખતે બનવું અશક્ય છે. આ, જે સવાલાખ રૂપીઆ છે તે પણ મારી કમાણી કહેવાય, તેથી તેણે અડધોઅડધ ભાગ ધર્માદામાં વાપર્યો, તેથી તેની કુભાર્યા કળકળવા લાગી, પણ કઠિયારે કાન આડા હાથ કર્યા અને પોતાનું વ્રત સાચવ્યું. હવે મુનિરાજનો ઉપદેશ તેને યાદ આવ્યો તેથી વિચાર કર્યો કે, મેં એક વ્રત

પાળ્યું તેથી આટલો મોટો લાભ થયો તો ધન્ય છે પવિત્ર મુનિરાજને ! કે જે અનેક વૃતો પાળે છે ! ! વાહ ! મુનિરાજ વાહ ! એમ વિચારતાં તેનું મન આ સંસારમાંથી વિરક્ત થયું અને મિલકત પોતાની સ્ત્રીને સોંપી, વનમાં નિકળી પડયો. રસ્તામાં ધર્મઘોષ મુનિનો સમાગમ થયો તેથી ઉપદેશ પામ્યો અને દેવલોક વિષે ગયો. અહો ભાઈઓ ! એક વ્રત પાળવાથી કઠિયારો દેવલોક પામ્યો અને અપ્સરાઓ સાથે સાહેબી ભોગવવા લાગ્યો. માટે હે પ્રિય સુજ્ઞ વાંચનાર ભાઈઓ, ધર્મનો પ્રભાવ અનંત છે. હવે રાજાએ પલંગ ખરીદ કર્યો, ને પોતાના દીવ્ય મહેલમાં મૂકાવ્યો સારૂ મૂહુરત જોવરાવી દાસીને પલંગ પાથરવા આજ્ઞા કરી. દાસીએ મહારાજના મેહેલમાં પલંગ પાથર્યો, અને તેનાપર દશ મણ રૂથી ભરેલ રેશમી ગાડલું પાથરી, સફેદ રેશમી ઓછાડ બીછાવી મથાળે તકીઆ ગોઠવ્યા. વાત એવી બની કે, જે દિવસે પલંગ પાથર્યો તે દિવસે કાંઇ કામસર રાણી દાસીઓ સાથે વાતોમાં ગુંથાઈ અને રાત્રી વધારે થઇ જવાથી અને નિંદ્રા આવવાથી ત્યાંજ સુઈ ગઇ અને કુંવરી, જે ભરજોબનમાં ખીલી જોબનનો નમુનો બની હતી, જે ૧૬ વર્ષની હતી, જે મહામનોહર હતી, જેની કાન્તિ ચંદ્રના બિંબની પેઠે પ્રકાશ મારતી હતી, તે પોતાના પિતાના અંતઃપુરમાં કાંઈ કારણસર ગઇ. ત્યાં માહારાજાએ ખરીદેલો શોભાયમાન પલંગ જોઈ, ઘડીકવાર પોઢવાની તેની ઇચ્છા થઈ, અને પલંગપર સુઈ ગઇ. એટલામાં મંદમંદ પવનની સુગંધી આવતી લેહેરમાં તેની ઉંઘ અઘોર થઈ પડી. વખત થયો ત્યારે રાજા પોતાના અંતઃપુરમાં સુવા આવ્યો. તેણે કુંવરીને પોતાની સ્ત્રી ધારી તેની સાથે સુવાની તૈયારી કીધી.

સત્યમાં અસત્ય જોડાવાની જરા પણ વાર ન્હોતી, નિર્દોષ ચંદ્ર-પર કાળો પડદો થવાને કાંઇ પણ વિલંબ ન્હોતો. હવે તો માત્ર તેની લાજ રાખનાર તેનો ધર્મજ હતો. આ વખતે સવાલાખ રૂપીઆની કિંમત અંકાઈ. આ અકાર્ય, અઘટિત અને અંતઃ-કરણમાં ભવોભવ સાલે એવું પાપી કામ કરતા પહેલાં, તે પલંગ-માંની એક પુતળી ફરફર ફરી—કેટલીવાર હસી અને હસ્યા પછી તેને મનુષ્યના જેવી વાચા થઇ, અને તે રાજા પ્રત્યે બોલી: હે રાજન ! આજની રાત્રી, ભયાનક છે. તારા ખજાનામાં ચાર ચોરે પ્રવેશ કર્યો છે, અને જો ઉપાય લેવામાં નહિં આવે તો તીજોરી ઉઘાડી અમુલ્ય ચીજો ઉપાડી જશે. આ પ્રમાણે બોલી, તે ઉડી ગઈ તેથી રાજા આશ્ચર્ય પામ્યો અને શસ્ત્ર લઇ ખજાનામાં ગયો. ત્યાં એક ચોરને મારી બીજા ત્રણને પકડી, ચોકીદારના હવાલા-માં સોપ્યા અને પોતાના બંગલે ચાલ્યો. રાજાની નજર સુતેલી સુંદરી પર ગઇ અને આંખમાં કામદેવ પ્રદિપ્ત થયો. તે ઉતાવળ-થી કપડા ઉતારી, જેવો સુવા જાય છે તેવામાંજ બીજી પુતળી ખુબ ફરી, ફર્યા પછી રડી અને રડયા પછી રાજા પ્રત્યે બોલી:— હે રાજન્ ! તારા ઉપર વધારે વિઘ્ન છે. તું ચોરને પકડી આ બંગલા પર આવતો હતો, તે વખતે તેં પગરખાં ઉતાર્યાં છે; તે પગરખામાં તંબોળી નાગ ભરાયો છે. હમણા તારો માનીતો ખાસદાર જાગશે અને પગરખાં ઉપાડશે તેવો તે નાગ તેને ડંસશે. માટે હે પ્રજાપતિપાળ ! તારો ધર્મ છે કે પ્રજાને પાળવી; તેમાં આતો તારો માનીતો ખાસદાર છે. એ પ્રમાણે બોલી, તે ઉડી ગઈ અને રાજા હાથમાં તરવાર લઇ છેલ્લે માળ ઉતર્યો. ઉતરી ખાસદારને જગાડયો. લાકડીથી પગરખાં ઉંધાં કર્યાં, તો તેમાંથી

નાગ નીકળ્યો. તે જોઇ, રાજા બહુજ આશ્ચર્ય પામ્યો અને નાગને ઠેકાણે મુકાવી, કામથી પીડાતો રસ્તામાં કપડાં કાઢતો બંગલે આવ્યો. જેવો પોતાની અભિલાષા પુરી પાડવાને સંકલ્પ કરે છે, તેવી ત્રીજી પુતળી ખુબ ધુણી અને બોલી હે રાજન્! તારી સેવા બજાવવા આજ હું અહીં આવીછું અને સેવા બજાવવાનો અત્યારે બરોબર અવસર છે. તારી ઘોડાળ શાળાના છેલ્લા ખંડમાં તારી માનીતી રેવંત ઘોડી બાંધી છે, તે તું ત્યાંથી બીજે બાંધ, કારણ કે તે હમણાં ભાગી જશે. એ પ્રમાણે બોલી ત્રીજી પણ ઉડી ગઇ. રાજા નસીબ પર હાથ મુકતો અશ્વશાળામાં ગયો, અને જેવી ઘોડીને લઇ બીજે બાંધી કે તુરતજ અશ્વશાળા ભાગી ગઈ. આવા વિચીત્ર ત્રણ બનાવો જોઇ રાજા હેબક ખાઇ ગયો હતો અને તેનો કામ નિષ્ફળ નિવડવાથી ચિંતાતુર બની ગયો. પાછો જેવો મહેલમાં પ્રવેશ કર્યો કે ચોથી પુતળી બોલીઃ—હે રાજન્! તારી પુત્રીની તપાસ કર? આટલું બોલી તે ચોથી પુતળી પણ ઉડી ગઇ. પુત્રીનું નામ સાંભળી, રાજા દીલગીર થયો અને નસોનું લોહી ગરમ થયું; તેથી મનમાં વિચાર્યું કે, મારી પુત્રીપર અનીતિ થઇ હશે. તેણે પોતાની સમશેર જુસ્સાથી પકડી લીધી, આંખો લાલચોળ થઇ ગઈ અને પોતાની પુત્રીના ઓરડા તરફ ચાલ્યો. ઓરડામાં પુત્રી મળી નહીં. આ દેખાવ જોઇ તેના મનમાં અતિ અફસોસ સાથે જુસ્સો આવ્યો અને દાસીઓને બોલાવી આ વખતે રાણી દાસીના હોલમાં સુઇ ગઇ હતી, તે જાગૃત થઇ અને પોતાના પ્રાણનાથ આગળ આવી બોલીઃ—હે પ્રાણનાથ, આપ રાત્રે કુંવરીના હોલમાં કેમ પધાર્યા છો? મહારાજ કહે, તમે અહીંયાં ક્યાંથી? રાણી બોલી મહારાજ! હું

અહીંજ સુતી છું. રાજા કહે:—ત્યારે મારા મહેલમાં કોણ સુતું છે ? રાણી કહે:—મને ખબર નથી. પછી રાજા તથા રાણી ત્યાં આવ્યાં અને તપાસીને જોયું તો કુંવરી દેખાઇ. રાણીએ કુંવરીને જગાડી. કુંવરી જાગી ઉઠી અને પોતાને ઉંઘ આવી ગયાનું જણાવ્યું. પછી તે પોતાને બંગલે ગઇ. રાજાએ સર્વ હકીકત રાણીને કહી સંભળાવી અને કહ્યું કે ખરીદ કરેલ પલંગની એક લાખ રૂપીઆની કિંમત આજેજ થઇ.

પ્રિય વાંચનાર—આ કથાનો સાર એ છે કે, માણસે હર કોઈ જાતનો નિયમ પાળી ધર્મમાં જીવ રાખવો. એક કઠિયારાના જેવો ગરિબ માણસ પણ પોતાના નિયમથી અનંત સાહેબી પામ્યો. માટે આ સંસારના સુખમાં નહીં લપટાતાં, ધર્મ લાગણી હમેશાં ધ્યાનમાં રાખવી. ધર્મ તેજ સાર પદાર્થ છે. ધાર્મિક નિયમોનું પાલન તેજ શ્રેય કર્ત્તા છે. સુવર્ણ પાત્ર તેજ સિંહણનું દુધ જીરવી શકે છે. તેવીજ રીતે, શુરવીર પુરૂષોજ પોતાનું વચન તથા નિયમ પાળી શકે છે. સત્યની પરીક્ષા કસોટીપર થાય છે, માટે કસોટીપર આવ્યા છતાં દ્રઢ રહેવું જોઇએ; અને લીધેલ વ્રત પાલવું જોઈએ ઇતિ કથા સંપુર્ણ.

અદત્તાદાન વિરમાણ વૃત ઉપર સુમિત્ર શેઠની કથા ૧૩ મી.

મગધ દેશની રાજ્યધાની, રાજગ્રહી નગરીમાં પ્રસન્નજીત નામે રાજા રાજ્ય કરતો હતો; તેજ નગરમાં સુવ્રત નામે એક વેહેપારી વસતો હતો, તેને સુમિત્રા નામની પતિવ્રતા સ્ત્રી હતી, તેને પેટે એક સુમિત્ર નામનો છોકરો હતો; સુમિત્રને દશ બાર વરસનો મુકી તેનો બાપ મૃત્યુ પામ્યો; પછી દહાડે દહાડે તેમની ભાગતી ચાલી, તેથી સુમિત્રે પરદેશ જઇ નસીબ અજમાવવાનો ઠરાવ કરી પોતાની માતાને આવી પગે લાગી કહેવા લાગ્યો હે માતાજી ! પરદેશ વેઠયા વિના નસીબ ખુલતું નથી, માટે પરદેશ જઈ નસીબ અજમાવવા મને આજ્ઞા આપો. તેવારે સુમિત્રા ગળગળી થઇ, ગદ્ ગદ્ કંઠે બોલી બેટા ! તું પરદેશ જાય ત્યારે મારે કોનો આશરો. દીકરીમાં ગણું કે દીકરામાં ગણું તોએ મારે તો તુંનો તુંજ છું તારા ગયા પછી મારી ગજર કોણ ઠારશે ? હશે ! આપણા નસીબમાં થોડું લખ્યું હશે તો થોડું, પણ મારી આંખ આગળથી મારાથી તને અળગો કરાય નહી જો ને આપણા વાડી વજીફા વેચીએ તોએ આપણું પેટ સુખે સુખે પુરાય. માટે બેટા ! તું એ ગાંડા વિચાર છોડી દે. ટાઢા લોહીના જે પાંચ પૈસા આપણા નસીબમાં હશે તે મલશે. એવું સાંભળી સુમિત્ર બોલ્યો:—આ ધરમાં બેસી રહે કાંઇ સિદ્ધિ નથી. તું કહે છે કે નસીબમા હશે

તે મળશે, પણ નશીબ તે ક્યાંથી આવે ? ઉધમ તો પહેલો જોઇએ. વળી સારી જગ્યાએ ગયા વિના નસીબ ઉઘડતું નથી. તે ઉપર સહેજ દાખલો બતાવું છું કેઃ—

એક વખત એક ભીલડી જંગલમાં ગઈ, ત્યાં આગળ તેણે સિંહથી ઘવાયેલા હાથીના લમણામાંથી પડેલું લોહીનું ભરેલું મોતી દીઠું તે મોતી તેણે પાકું બોર ધારી ઉપાડી લીધું, પણ દબાવી જોતા કઠણ લાગવાથી દુર ફેંકી દીધું. હવે મોતી તો ઘણું એ સારૂં હતું, પણ ખરાબ જગ્યાએ પડી રહ્યું, તેથી તેની એ દશા થઇ. એની પેઠે મનુષ્ય તો ઘણો હુંશીઆર અને બાહોશ હોય પણ ખરાબ જગ્યા એ રહે તો તેની હુંશિઆરી નષ્ટ પામે છે. માટે હે માતાજી ! નાહક હઠ મુકી દઇ, મને પરદેશ જવાની આજ્ઞા આપો. વળી આપણા ભાગ્યમાં લખ્યું હશે ત્યારે મળી શું; આ પ્રમાણે કહી, સુમિત્ર પોતાની માતા સામુ એકી નજરે જોવા લાગ્યો. સુમિત્રાના ચક્ષુમાંથી અશ્રુધારા ચાલવા માંડી અને ગદ્ ગદ્ કંઠે બોલી કે, હે પુત્ર ! આપની ઇચ્છા હોય તેમ કરો. સુમિત્રે પ્રત્યુત્તર આપ્યો કે હે માતાજી ! તમારે દિલમાં કાંઈ પણ ઓછું આણવું નહિ. હું જે પરદેશ જવા તત્પર થયો છું તે સુખની અભિલાષા માટેજ; માટે આપ ખુશાંનદી સાથે આશીર્વાદ આપો કે જેથી મારો પ્રયાસ સફળ થાય. ત્યાર પછી સુમિત્રા ગૃહમાં પ્રવેશ કરી, એક પાકીટ તથા શ્રીફળ, કંકુ અને અક્ષત લાવી કંકુનો ચાંલ્લો કરી, હસ્તમાં શ્રીફળ આપ્યું. પાકીટ આપતી વખતે માતાએ પુત્ર પ્રત્યે કહ્યું કે બેટા ! તારા પિતા શ્રી સ્વર્ગવાસ વખતે ફરમાવતા ગયા હતા કે આ પાકીટ તું સુમિત્ર જ્યારે પુખ્ત ઉમ્મરે આવે ત્યારે અથવા તેના ઉપર કાંઈ

સંકટ આવી પડે ત્યારે આપજે. હવે તું તો પરદેશ જાય છે, માટે મારે તારા પિતાશ્રીનું વચન ઉલ્લંઘન કરવું ન જોઇએ, તેથી તું તે સાથે લે તો જા. તને યોગ્ય લાગે તેમ તેનો સદુપયોગ કરજે. પછી સુમિત્ર પોતાના મિત્રોને માતાની સંભાળ લેવા ભલામણ કરી તથા પોતાના સગા સંબંધીને પ્રણામ કરી, પોતાનો રસ્તો લીધો. ચાલતા ચાલતા મધ્યાન સમય થયો અને પરિશ્રમ થવાથી, એક અતિ રમણિય, સુશોભિત વડ નીચે પોતાનું આસન કર્યું અને પાકીટ સાંભળી આવવાથી અંદર શું હશે તે જોવાનો વિચાર કર્યો. જ્યારે પોતે અંદર જોયું કે એકદમ સ્તબ્ધ બની ગયો. તેના હર્ષનો પાર રહ્યો નહીં. તેથી તે કહેવા લાગ્યો:— મારે જેની ઇચ્છા હતી તેજ મહાવીર સ્વામીની કૃપાથી નીકળ્યું. હીરા, માણેક, મોતીની સહાયતાથી હું જોઇ તો પૈસો મેળવી શકીશ. વળી મોટો વેપારી બની, હું મારી મોટી અભિલાષાઓ પાર પાડીશ, એમ વિચાર કરતો તે ઉઠયો અને ચાલતાં ચાલતાં એક નગરમાં પ્રવેશ કર્યો. રસ્તે આવતાં લોકોને પુછવાથી તેને ખબર મરી કે આ શ્રી વેણાતટ નામે બંદર છે. ત્યાં તેણે પોતાની પાસે નાનાં જવાહીરો વેચી એક વહાણ તૈયાર કર્યું અને બાકીનાં સાત રત્નો સારૂં ઠેકાણું જોઇ મુકવાનો વિચાર કર્યો.

શ્રી વેણા તટ નગરમાં ઇંદ્ર દત નામે પુરોહિતની કીર્તી વખણાતી હતી. તે લેવડ દેવડમાં ચોખ્ખો તેમજ પ્રમાણિક ગણાતો હતો તેથી સુમિત્ર પોતાનાં રત્નો ત્યાં મુકવાનો વિચાર કરી ત્યાં આવ્યો અને વિનય પુર્વક બોલ્યો:—માહારાજ ! આપ લક્ષાધિપતિ તથા કિર્તીવંત છો તેથી મારે પરદેશ જવાનો વિચાર છે, તો આપ મારાં સાત રત્નો રાખી મને આભારી કરશો.

માહારાજ મનમાં ખુશ થઇ મલકાતે મોઢે બોલ્યા કે હું, અન્ય પુરૂષનો અવેજ રાખતો નથી પણ તમારા આટલા આગ્રહ તથા વિનયના લીધે ના કહી શકતો નથી. આપની ઇચ્છા હોય તો મુકી જાઓ અને આપનું પધારવું થશે તે વખતે આપને સ્વાધીન કરીશ. અમારે અન્યાયની પાઇ પણ હરામ છે. આવું કહી પુરોહિતે સાત રત્ન લઈ ઘરમાં મુકયાં અને પવિત્ર, નિર્દોષ, નિષ્કપટી સુજ્ઞ, સુમિત્ર વિદાય થયો. બંદર ઉપર બીજા શાહુકારો સુમિત્રની વાટ જોઇ રહ્યા હતા એટલામાં તે આવી પહોચ્યો, અને માહારાજને નમસ્કાર કરી વહાણમાં બેઠો એટલે વાહાણ ચાલવા માંડયું. પવન અનુકુળ હોવાથી, તેઓ સહી સલામત સુવર્ણ દ્વિપ સુધી આવી પોહોચ્યા. ત્યાં અન્ય શાહુકારોએ પોતાનો માલ વેચી, બીજો ખરીદી આગળ ચાલવા માંડયું, પણ સુમિત્રે તો ત્યાંજ વેપાર ધમધોકાર ચલાવવા માંડયો. વખત પવનની માફક વહી ગયો અને ચાર પાંચ વર્ષ ત્યાંજ ચાલ્યાં ગયાં, તેથી વેણાતટ જવાનો પોતે વિચાર કર્યો. તેને વેપારમાં મોટો લાભ થયો હતો અને પોતાની કિર્તિ પણ પૂર્ણ રીતે જામી ગઇ હતી. તેણે એક મોટું વહાણ તૈયાર કર્યું અને વેણાતટ બંદર તરફ હંકાર્યું. વેણાતટ બંદર થોડેક છેટું હતું તેટલામાં કમ નસીબે વહાણ ભાગ્યું અને સર્વસ્વ ગયું. સારા નસીબે તેના હાથમાં પાટીયું આવ્યું તેથી તે તરી કિનારા પર આવી પોહોચ્યો. પોતાની પાસેથી સર્વસ્વ જવાથી, તેણે મુકેલાં સાત રત્ન લાવી વેપાર કરીને પોતાનું ગુજરાન ચલાવવાનો વિચાર કર્યો. આથી તે ઈંદ્રદત તેને ઘેર જવા નીકળ્યો. થોડે દુરથી પુરોહિતને બારીમાં બેઠેલા દેખી, વિનય પુર્વક નમસ્કાર કર્યા; પણ તે દુષ્ટે તેના સામું પણ

જોયું નહિ. બારણા આગળ આવી ચોપદારને જણાવ્યું કે "મા-હારાજને કહો કે રત્નવાળો વાણીઓ આવ્યો છે તે આપના દ-ર્શન કરવા ઇચ્છે છે." ચોપદાર પ્રત્યુત્તર લાવ્યો કે "માહારાજ હાલમાં કામમાં છે, માટે કાલે મધ્યાન સમયે આવવા તસ્દી લેશોજી. બીજે દિવસે આપેલા વખતે વાણીઓ (સુમિત્ર) જેવો દાદર ઉપર ચઢવા જાય છે તેવામાં માહારાજના ચેતાવી રાખેલા ચોપદારે નીચે ઉતાર્યો અને રત્નના બદલામાં પાટા તથા મુષ્ટિનો પ્રહાર નિર્દોષી સુમિત્ર ઉપર કર્યો અને કહેવા લાગ્યો કે "અલ્યા મૂર્ખા સમજતો નથી કે આમ બાહુકની માફક ઉપર ચઢવા મંડી જાય છે. માહારાજ નિદ્રાને વશ થયા છે, તે જાગશે તો મારી અને તારી શી સ્થિતી. થશે. એટલામાંજ તો આકાશમાંથી વીજળીની માફક માહારાજ દાદર ઉપરથી ઉતરી વાણીઆને ખુ-બમારી કહેવા લાગ્યા હે નાદાન ! તારા બાપનું અહીં શુ બાકી છે કે અહીં આવી આવો શોર બકોર કરી મુકયો છે. વાણીઓ ગદ્ ગદ્ કંઠે બોલ્યોઃ—માહારાજ ! માહારાજ ! હુતો પેલો રત્ન વાળો રત્ન લેવા, આવ્યો છું. આ શબ્દો સાંભળી માહારાજનો મિજાજ તો છેક ગયો અને બીહામણી આંખો કરી કહેવા લાગ્યો; "ઓ નાદાન, લુચ્ચા," ગળે પડું, રત્ન કેવાં ! જા કાળાં મોંના અહીંથી તારૂં કાળુ કર " આ પ્રમાણે બોલી સિપાઇને, મારી કાઢી મુકવાનો ઓર્ડર આપી, પવનના વેગની માફક ઉપર ચઢી ગયા. સુમિત્રે કરોડો કાલાવાવા કર્યા પણ સઘળું 'પથ્થર ઉપર પાણી. તેણે બે ત્રણ ધર્મિષ્ટ, દયાલું, 'પવિત્ર અને કિર્તીવંત મનુષ્યોને વાત કરી. તેઓએ પુરોહિતને સમજાવ્યો. પણ તે એ-કનો બે થયો નહિ અને વધારામાં ગરીબ વાણીઆને ચોર, દુષ્ટ

તથા ગળે પડુ કહેવા લાગ્યો. જ્યાં જાય ત્યાં સર્વ કોઇને વાત કહેતો જાય. આ પ્રમાણે થવાથી દરેકના જાણવામાં આવ્યું અને વધારામાં પણ હમેશાં રાત્રે રાજાના મહેલ તળે જઇ મોટેથી કહેવા લાગ્યો કે 'માહારાજ ! હું ગરીબ માર્યો જાઉં છું. મારા સાત રત્નો પુરોહિત પાસેથી અપાવો.' આ પ્રમાણે કહેતાં છ માસ વીતી ગયા.

એક દિવસે જ્યારે રાજા પોતાના અન્તઃપુરમાં બીરાજેલ છે અને રાણી પોતાના કોમળ હસ્ત વડે પંખો નાંખે છે તેવામાં, તેણે તે પ્રમાણે બુમપાડી. આ શબ્દો શાંભળી રાણી કે જે, દયાથી પરિપૂર્ણ હતી તે હાથ જોડી કહેવા લાગીઃ—"માહારાજ ! આપ ન્યાયી છો, તો આ ગરીબના રત્ન કેમ અપાવતા નથી ?" રાજા એ પ્રત્યુત્તર વાળ્યો કે—'પ્રિયે આ મનુષ્ય ગાંડો થઇ ગયો છે, તેથી આ પ્રમાણે વદે છે. રાણીએ જવાબમાં કહ્યું કે 'સ્વામીનાથ, આપ ધારતા હો કે નહિ પણ મને આમાં શંકા ભાસે છે; એનાં રત્ન નક્કી પુરોહિત પાસે છે, એમ મને ભાસે છે અને તે પણ પુરોહિત પચાવી પડ્યો છે, તેમાં કોઇ પણ જાતની શંકા નથી. આ દાસીને જો આપની આજ્ઞા હોય તો, આપને ખાતરી કરી પ્રભુ પ્રસાદે રત્ન કઢાવી, આપની હજુરમાં લાવવા યત્ન કરૂં. રાજાએ કહ્યુંઃ—આપની ઇચ્છા, મને તેમાં કોઇ પણ જાતની હરકત નથી.

બીજે દિવસે, રાણીએ પુરોહિતને તેડુ મોકલ્યું. દાસીએ પુરોહિતને કહ્યું કે, રાણી સાહેબ આપને બોલાવે છે. મહારાજે કહ્યું કે આવુંછું. થોડીવારમાં મહારાજે જવા માટે તૈયાર થઇ હાથમાં શાલ લઇ, બાઇ સાહેબના મહેલમાં પ્રવેશ કર્યો અને

બોલાવવાનું કારણ પુછ્યું, તેના જવાબમાં બાઇ સાહેબે જવાબ આપ્યો કે, આપ આ તરફ ઘણા દિવસથી આવતા નહોતા તેથી દાસીને મોકલવાની જરૂર પડી. પછી મહારાજને આદર સત્કાર કરી, એક આસન આપ્યું. દાશીને આજ્ઞા કરી કે લાવ સારી પાટ ! માહારાજ આજ તો ઘણે દિવસે આવ્યા છે. પછી દાસીએ એક મોટો ગર્લાચો બીછાવી, ઉપર મોતીની ચોસર માંડી એક તરફ માહારાજ બેઠા છે અને બીજી તરફ ચંદ્ર વદની, કમલનયની રાણી મર્યાદા સાચવી દાસીને સાથે લઇ બેઠી છે. બાજી રંગપર આવી છે ! સોના રૂપાની સોગટીઓ આ પાટેથી પેલે પાટે ઘુમી રહી છે ! એટલામાં વાર્તાપર વાર્તા કરી પુછે છેઃ— માહારાજ આજ શુ જમ્યા, સાચે સાચુ કહેજો. માહારાજે તો ભોળે ભાવે જે જમ્યા હતા તે કહી દીધું, તેથી આગળથી ચેતાવી રાખેલી દાશી કાંક બાનું કાઢી, ઉઠીને પુરોહિતને ઘેર આવી કહેવા લાગીઃ—ગોરાણી ! ક્યાં સાંભળોછો ? તમારા ભટને મા઼વા લીધા છે માટે જુઓ આજ એ જમ્યાતા એ નીશાની અને પેલા વાણીઆ વાલાં સાત રત્ન આપો; તમે જાણો ને તે જાણે. ગોરાણી બોલ્યાંઃ-મને તો કાંઇ ખબર નથી. દાસી પાછી આવી અને આંખના અણસારે રાણીને ચેતાવી કે કામ સિદ્ધ થયું નથી. ફરી રાણી માહારાજને કહે છે કે, આમાં તે શું પણ આવો આપણે સરત કરી રમીએ. જો હું હારૂં તો મારો હાર આપું અને તમે હારો તો તમારી વીંટી આપો. આ પ્રમાણે થવાથી ગોર માહારાજ હાર્યા. દાસી વીંટી લઈ ભટાણી પાસે ગઇ પણ ભટાણીએ તે વાત ધ્યાનમાં લીધી નહિ. ત્રીજી વખતે રાણીએ એવી સરત કરી કે જો તમે હારો તો તમારી જનોઇ આપવી

અને હું હારૂં તો મારૂં કંકણ આપવું. ત્રીજી વખત પણ ભટજી હાર્યા. તે વખતે દાસી ભટજીની જનોઈ લઈ ભટાણી પાસે ગઇ અને કહેવા લાગી કે:—ગોરાણી ! હવે જુઓ આ છેલ્લી જનોઈ આપી છે; કાંતો રત્ન આપો કે ભટજીનું મુદ્દુ લેવા માણસ મોકલો. બાઇ ! લોકો તો તમારી હાંસી કરે છે. માહારાજ તો કહે છે કે આ નીશાની લઇ જાઓ એટલે તરતજ રત્ન આપશે પણ તમારે તો ગગનમાં ગાજે છે. આ સાંભળતાજ ગોરાણી તો વિચારમાં પડયાં. ગોરાણીને વિચારમાં પડેલાં જોઇ ચતુર દાસી કહેવા લાગી:—જુઓ, સ્ત્રીને સંપત્તિમાં ગણો કે ગમે તેમાં પણ સઘળું ધણી. ધણી હોય તો સૌથી આવી મળે. ધણી વીનાની વનિતાનું જીવતર પણ ધુળધાણી કહેલું છે; માટે રત્ન આપો. રત્ન આપશો તો આબરૂ રહેશે, નહિ તો લોકો હાંસી કરશે. આ પ્રમાણે કહેવાથી ભટાણીએ રત્ન આપ્યાં. તે લઇ દાસી ઝટપટ આવી અને કામ સિદ્ધ થયાની નિશાની કરી. રાણીએ વીંટી તથા જનોઈ પાછાં આપ્યાં અને બોલ્યાં કે અમે તમને આપવા યોગ્ય કે લેવા યોગ્ય. આ પ્રમાણે બોલી એક દુશાલો માહારાજને દક્ષિણામાં આપી વિદાય કર્યા. માહારાજ આશીર્વાદ દઈ દરબાર ભણી ચાલ્યો.

હવે રાણીએ દાશીને મોકલી રાજાને અંતઃપુરમાં ત્વરાથી આવવા વિનંતી કરી. રાજા તરતજ ઉઠી અંતઃપુરમાં આવ્યા. રાણીએ રત્ન આગળ મુકી કહ્યું:—માહારાજ ! પ્રભુ પ્રસાદે તથા આપની કૃપાથી દાશીએ વાણીઆનાં રત્ન આણ્યાં છે. રાજા અચંબો પામી પૂછે છે:—રે પ્રિયે ! તેં આ રત્ન કેવી રીતે પ્રાપ્ત કર્યા. પછી રાજા અત્યંત પ્રસન્ન થઇ દરબારમાં ગયો અને સિ-

પાઇને હુકમ કર્યો કે પેલા ગાંડા વાણીઆને બોલાવી લાવ. થોડી-વારમાં સિપાઈઓએ સુમિત્રને પકડી લાવી રાજા આગળ ઉભો કર્યો. પુરોહિત, મંત્રી, પંડિતો વિગેરે જોઇ રહ્યા છે; એટલામાં રાજા બોલ્યો:—અલ્યા! રોજ રાત્રે મહેલ નીચે આવી શું બોલી જાય છે? સુમિત્ર આંખમાં આંસુ આણી બોલ્યો:—ન્યાયિ નર-પતિ! "મારા સાત રત્ન આ પુરોહિતે લીધાં છે, તે પાછાં અપાવો." રાજાએ રત્નનો થાળ સુમિત્ર આગળ મુક્યો, અને તેનાં રત્નો લેવાનું ફરમાવ્યું. સુમિત્ર બોલ્યો, માહારાજ! મારે અદત્ત લેવાના પચખાંણ છે. માટે આ મારા સાત રત્ન રહ્યાં. રાજાએ તેની સત્યતાથી પ્રસન્ન થઈ, તેના સાત રત્નો પાછાં અપાવ્યાં એટલુંજ નહિ, પણ બીજો ઘણો શીરપાવ કરી એક ભવ્ય મહેલ રહેવા આપ્યો, અને પુરોહિતને દેશનિકાલ કર્યો. પછી સુમિત્ર પોતાના નગરથી સગાં સંબંધીને તેડાવી સુખે દિવસ નિર્ગમન કરવા લાગ્યો. અંતે અદત્તાદાન વિરમણ વ્રત પાળી સ્વર્ગે ગયો.

માટે વાંચનાર વર્ગ—સત્ય વસ્તુનેજ કસોટીપર ઘસાવું પડે છે, અને તેજ વિજય વાવટો ફરકાવે છે. પાપનો ઘડો ફુટયા વિના રહેતો નથી. આખરે તે પ્રગટ થાય છે. ભલે, થોડીવાર ખોટી વસ્તુ—પીંચગોલ્ડ સોનાના તેજને ઝાંખુ કરી નાખે છે પણ જ્યારે તેના પર પાણી પડે છે કે તરતજ કાળુ પડી જાય છે, અને સોના પર ગમે તેટલી પખાલો ઢોળો યા તેને ગમે તેટલી વખત અગ્નિમાં તપાવો તોપણ તે પોતાની સત્યતા રૂપી તેજ છુપાવશે નહિ અને ઉલટુ વધારશે માટે અંતે સત્યનો જય છે; તો તેનું-જ શરણું લેવું યોગ્ય છે. ઇતિ કથા સંપુર્ણ.

અઈમત્તા કુંવરની કથા ૧૪ મી.

એક અતિ રમણિય, શુશોભિત પોલાસપુર નામે નગર હતું. ત્યાં શ્રીવન નામે ઉદ્યાન હતું; ત્યાં વિજય નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને શ્રી દેવી નામે રાણી હતી. વિજય રાજાનો પુત્ર અને શ્રી દેવીનો અંગ જાત અઇમત્તો નામે કુમાર હતો તે સુકુમાર હતો. તે કાળ, તે સમયના વિષે શ્રમણ ભગવંત્ શ્રી મહાવીર વનને વિષે પધાર્યા. કાળ, તે સમયના વિષે ભગવંતનો ગૌતમ નામે શિષ્ય પોલાસપુર નગર માંહી ઉંચ. નીચ અને મધ્યમ કુળે ગોચરી અર્થે ફરે છે, તેવામાં અયમંત્તો કુમાર સ્નાન કરીને, યાવત્, વિભૂષા કરીને ઘણા બાળક, બાળિકા કુમાર, કુમારિકા સંઘાતે પોતાના, ઘેરથી નીકળીને જ્યાં ઇંદ્ર સ્થંભ છે ત્યાં આવીને રમત ક્રીડા કરતો વીચરે છે, તે વારે ભગવંત્ ગૌતમ ગોચરી અર્થે ફરતાં ફરતા ઇંદ્ર સ્થંભની સમીપે થઇને જવા લાગ્યા; તેમને જોઇને અયમંતો કુમાર તેમની પાસે આવીને. કહેવા લાગ્યો, " હે પૂજ્ય ! શા અર્થે તમે ઘેર ઘેર ભમો છો ? તે વારે ભગવત્. ગૌતમ કહે; " અમે સાધુ ઇર્યા સુમતિ સહિત બ્રહ્મચારી ભિક્ષા અર્થે ભમીએ છીએ. તે વારે અયમત્તો કહે " ચાલો મારે ઘેર, હું ભિક્ષા અપાવું. " એમ કહી આંગળી ગ્રહીને જ્યાં પોતાનું ઘર છે ત્યાં આવ્યો. તે વારે શ્રી દેવી ભગવંત્ ગૌતમને આવતા દેખીને હર્ષીત થઈ અને આસનથી ઉતરીને, શ્રી ગૌત્તમના સામાં આવીને તેમને ત્રણવાર પ્રદક્ષિણા દેઇને, વાંદી નમસ્કાર કરી ચાર પ્રકારનો આહાર વહો-

રાવ્યો. તે પછી અયમંત્તો કુમાર, ભગવંત્ ગૌત્તમને એમ કહે "હે પૂજ્ય ! તમે ક્યાં વસો છો ?" તે વારે ગૌત્તમ કહે "હે દેવાનું પ્રિય ! અમારા ધર્માચાર્ય ભગવંત્ શ્રી મહાવીર, મોક્ષના કામી, અહીં પોલાસપુર નગરની બહાર શ્રી વન ઉદ્યાને વિચરે છે, ત્યાં અમે વસીએ છીએ. તેવારે અયમંત્તો કુમાર કહે, હું તમારી સાથે શ્રી મહાવીરના પગવંદન કરવા હું આવું? શ્રી ગૌત્તમ કહે "દેવાણુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો." તે વારે અયમંત્રો કુમાર શ્રી ગૌત્તમ સાથે જ્યાં શ્રી મહાવીર વસે છે, ત્યાં આવી તેમને ત્રણવાર પ્રદિક્ષણા દેઈ વાંદે, તે વાર પછી શ્રી ગૌત્તમ, શ્રી મહાવીર સ્વામીને આહાર દેખાડી પારણું કરે. ત્યાર બાદ શ્રી મહાવીર સ્વામીએ અયમંત્તા કુમારને ધર્મ કથા કહી, તે સાંભળી અયમંત્તો કુમાર હર્ષ પામ્યો અને શ્રી મહાવીર સ્વામીને કહેવા લાગ્યોઃ–હે પૂજ્ય ! હું માતપિતાને પુછી તમારી સમીપે દિક્ષા લઇશ ': શ્રી મહાવીર સ્વામી કહેઃ–"જેમ સુખ ઉપજે તેમ કરો, પણ ધર્મના કામમાં પ્રમાદ ન કરો." તે વારે અયમત્તો કુમાર ભગવંતને વાંદી, ઘેર આવી, માત પિતાને એમ કહે "હું દિક્ષા લઇશ" માત પિતા કહે "તું બાળક અને અજ્ઞાન છું માટે ધર્મની વાતમાં શું જાણે ? ત્યારે અઇમત્તો કહે "જે જાણું છું તે નથી જાણતો અને નથી જાણતો તે જાણું છું" તે વારે માતપિતા કહેઃ–હે પુત્ર ! "જાણે છે તે શું અને નથી જાણતો તે શું ?" તે વારે અઇમત્તો કહેઃ–"હુ જાણું છું એટલે જે જન્મે છે તે અવસ્ય મરે છે, અને નથી જાણતો એટલે કયે વારે, કયે ઠામે અને કઇ વેળાએ મરણ થશે તે હું નથી જાણતો." તે માટે તમારી આજ્ઞા હોય તો હું દિક્ષા લેઉં.

તે વારે માત પિતા ઉત્તર દેઈ ન શકયા અને મીઠા વચને કરી કહ્યું કે હે પુત્ર ! અમારી એક ઇચ્છા છે કે એક દિવસનું પણ તું રાજ ભોગવ. તે વારે અઈમત્તો કુમાર માત પિતાનું વચન માનતો થકો અણ બોલ્યો રહ્યો. તેથી તેનો મહા બલની પેઠે રાજયા ભિષેક કીધો. પછી અયમત્તો કુમાર દિક્ષા લેઇને યાવત્ સામાયકાદિક અગ્યાર અંગ ભણીને ઘણા વર્ષનું ચારિત્ર વાળીને ગુણ રત્ન મય કરીને વિપુલ પર્વતે સિ.ધ્યા, અને ઉતંમ ગતિએ પધાર્યા.

વાંચનાર વર્ગ--મહાન પુરૂષોને ઉપદેશ જલદી અસર કરી શકે છે, તેનું કારણ તેમની પુર્વ ભવની પુન્યાઇ છે. મહાવીર સ્વામી ત્રણે કાલના જાણ હોઈ તેમને દીક્ષા તરતજ આપતા હતા. આજ કાલ તેવી શક્તિવાળા તથા તેવા પુન્યશાળી શ્રાવકો નથી, કે જેને લીધે તેમને તરતજ ઉપદેશ કરી શકે, અને તેમના ખીચડીઆ વૈરાગ્યથી તેમને દીક્ષા આપી શકાય. આજ કાલ પાત્ર જોવાની ખાસ આવશ્યકતા છે. જો પ્રથમ પુર્ણ પરીક્ષા કરવામાં આવે તો કોઇને પોતાના સ્થાનથી પડવાનો ભય રહે નહિં. માટે મહાન પુરૂષોના ચારિત્રનું અનુકરણ કરવા પહેલાં તે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ જોઇને વર્તવાની આવશ્યકતા છે. ઇતિ કથા સંપુર્ણ.

મુનિને દાન દેવા ઉપર અંબિકાની કથા ૧૫ મી.

એક ન્યાનવાન નરનારીઓથી નીવાસિત કુબેરનગર નામે નગર હતું. ત્યાં સોમભટ નામે બુદ્ધિશાળી બ્રાહ્મણ રાજા રાજ્ય કરતો હતો. તેને અંબિકા નામની ઈંદુવદના, સતિ શિરોમણી ને પતિવ્રતા એવી સ્ત્રી હતી. સોમભટનો પિતા પરલોકમાં ગયો ત્યારે તેની સાથે જૈનધર્મનો પણ લોપ થયો એમ લાગતું હતું. એકદા મધ્યાન વખતે માસ ક્ષમણના ઉપવાસી બે ક્ષમા શ્રમણ મુનીઓ સોમભટના મહેલ પાસે ગોચરી લેવા નીકળ્યા. આ બન્ને પવિત્ર માહાત્માને જોઇ, ભદ્રભાવથી ભરેલી ઉદાર અંબિકા અત્યાનંદની ઉર્મિમાં નિમગ્ન થઇ વિચારવા લાગી કેઃ—આ મહા, પ્રાજ્ઞ મુનીઓ ક્ષમા ગુણ ધારણ કરનાર સુકર્મના ઉદયે કરીને મારા ગૃહે પધાર્યા છે. ખરે ! મેં પુન્ય ઉપાર્જન કર્યું છે, જેથી મને સર્વ સુખનું સાધન મળ્યું. જેમ દુધથી ધોવાયેલી વસ્તુ વિશુદ્ધ થાય છે, તેમ આ અનુત્તર અતિથીના પ્રિય દર્શનથી મારાં નયન પવિત્ર થયાં છે. અનાર્ય સાસુ પણ અત્રે નથી. રસોડાસાં ઉત્તમ પદાર્થ છે, માટે તેનું દાન આપું. આવા વિચારોમાં હર્ષના આંસુથી ભીંજાયેલી અંબીકા ઉઠી અને અન્ન લઇ મુનીરાજને બોલી કે, હે મુનીરાજ ! ભોજન લઇ મને પવિત્ર કરો. આથી મુનીએ, પાત્ર ધર્યું, તેમાં અંબિકાએ સુપાત્ર દાન દીધું. આહાર વોહોરી મહાત્મા અંબિ-

ક્ષાના ઘેરથી નિકળ્યા. હવે અંબિકા એ સુપાત્ર દાન દીધું તે દે-ખીનેં કલહ પ્રિયા, પ્રપંચીને પ્રચંડ પાડોશણ પગ પછાડતી ઘરની બહાર દોડી આવીને આર્ય અંબિકા સામું જોઈ કહેવા લાગી:—હે સ્વછંદાનુ ચારિણી ! તને ધિક્કાર છે. ! યજ્ઞનો હોમ કર્યા વિના વગર વિચારે તેં શ્રવણને ભિક્ષા કેમ આપી ? તારી સાસુ ઘેર નથી ને વિવેકહીન આ અયુક્ત આચરણ તેં કેમ આચર્યું ? આ પ્રમાણે બોલતી તે અંબિકાની સાસુ પાસે ગઈ, ને તેને સર્વ હકીકત કહી દીધી. પછી ક્રોધી સાસુને પાપી પા-ડોસણની અંતરાલે ઉભી રહેલી ઉદાસ. અંબિકા નિસ્તેજ થઇ ધ્રુજવા લાગી. એટલામાં સોમભટ વિપ્રોને તેડીને આવ્યો. પોતાની માતા તથા પેલી નિર્લજને દુષ્ટ કર્કશાના પાપિષ્ટ કુશબ્દો સાંભળી, તેનો મિજાસ ગયો, ને કોપાતુર થઈ નાજુક અંબિકાનો તિરસ્કાર કરવા લાગ્યો, તેથી કુલીન તેની સ્ત્રી કાંઈ પણ બોલ્યા ચાલ્યા શિવાય પોતાના અંબરને સંબર નામના બે બાળકને લઇ સાસરાનું ઘર મેલીને ચાલી નીકળી. ચાલતાં ચાલતાં માર્ગમાં વિચાર કર્યો કે, મેં સાસુ તથા પતિની કષ્ટ વેઠીને સેવા સારી કરી છે તથા સુપાત્ર દાન દીધું છે, તે છતાં ઉલટી મારી અ-વગણના કરે છે. સુપાત્ર દાનનો ક્ષુદ્ર ને મુઢ મનુષ્યોએ નિંદાનો વરસાદ વરસાવ્યો છે. અરે ! પણ એમનો દોષ કાઢવો વૃથા છે. મારાં પૂર્વ કૃત્યનાં અંકુર ઉગી નીકળ્યાં છે, એમ મારે માનવું જોઇએ. આજથી ગૃહવાસના દાસત્વનો સદૈવ ત્યાગ છે. હવે તો તે બે સુશીલ સાધુનું શરણ લેવાં યોગ્ય છે. હવે તો ગિરનાર ગિરીપર જઈ ધ્યાન ધરી, તપ તપી, દુષ્ટ કૃત્યતને બાળી નાખીશ. એમ વિચારી એક પુત્રને કેડે લીધો અને બીજાને હાથની આં-

ગળીએ વળગાડયો અને શોકને દુર કરી, અરિહંતનું નામ દેતી આગળ ચાલી.

. ઘોર ભયાનક વનમાં ચાલી જાય છે તેવામાં કેડે બેસાડેલાં છોકરે પાણી માગ્યું અને કમળની નાળ જેવી કોમળ આંગળીએ દોરેલો દીકરો ભુખ્યો થયો; તેથી હે અંબ ! હે માતા ! મને ખાવા આપ એમ કહી રડાકુટ કરી રહ્યા છે. તે વખતે એક આંખમાંથી શ્રાવણ અને બીજામાંથી ભાદરવો એ પ્રમાણે અશ્રુ પાડતી, નેમીશ્વર ભગવાનના ચરણ કમળની ભક્તિ કરૂં, એવી ભાવના ભાવતી ચાલી જાય છે. ભુખ તૃષાથી પીડાયેલાં અણુ સમજુ બાળકો, સમય ઓળખતાં નથી. આત્રા દુઃખ દરિઆમાં ડુબેલી અંબિકાએ ધાર્યું કે આ પુત્રો પ્રથમ મારા પ્રાણનો અંત આણુશે માટે આત્મ હત્યા કરૂં. વળી વિચાંરવાં લાગી કેઃ—ધિક ! ધિક ! આ બે બાળકોની પણ વાંછના હું પુરી પાડવા સમર્થ નથી. અરે ! હું ઘણા અશુભ કર્મની કરનારી છું ! હે વસુધા માતા ! મારા ઉપર કૃપા કરી મને માર્ગ આપ કે તેમાં હું સમાઈ જાઉ ને આ અગાધ શોક સાગરમાંથી નિવૃત થાઉં. આ પ્રમાણે રૂદન કરતી એક જગ્યાએ બેઠી. તેવાંમાં તેની દ્રષ્ટિએ એક મનોહર સરોવર પડયું. તે સરોવરમાંથી અતિ દુઃખી તે, દીન મુખી અંબિકાએ અંજલી ભરીને પોતાના પુત્રોને પાણી પાયું અને આંબાનાં ફળ ખાવા આપ્યાં. જેવી રીતે લોઢાને પાર્શ્વમણીનો સ્પર્શ થવાથી સુવર્ણ થાય છે તેવી રીતે તે મુનીઓના પ્રબળ, પ્રૌઢ, ને પરોપકારી પ્રભાવથી સોમભટનાં અન્નને વાંસણ કાંચન મય થઇ ગયાં, એ જોઇ અંબિકાની સાસુ પશ્ચાતાપ કરી પુત્ર પત્ની પ્રત્યે પ્રિતિ પુર્વક કહે છે કેઃ—અહો ! ફિટકાર છે

મિથ્યા ક્રોપ કરનારીને ! અંશ માત્ર અપરાધ વિના શ્રેષ્ટ, નિ-ર્દોષી અંબિકાને કાઢી મુકી. એટલામાં વાણી થઇ કે એ તો દાનના અનંત ફળનો અંશ માત્ર છે. અંબિકાતો દેવને પુજ-નીય થશે. આ વાણી સાંભળી સોમભટની માતા પુત્ર પ્રત્યે ક-હેવા લાગી કે હે પુત્ર ! આશો ચમત્કાર ! પૂન્ય પરાક્રમની કેવી પરિસિમા ! ઓરડામાં ધન ધાન્યના ભંડાર ભરી ગયા છે તે દાનનું દિવ્ય ફળ છે. માટે જલદી જાને વિનીત વધુને તેડીઆવ. તેનાં વગર ઘર શુન્ય લાગે છે, માટે ત્વરાકર. તેથી સોમભટ અં-બિકાના પગલે પગલે જલદી ચાલ્યો. હવે શુન્ય વનમાં કિશોર વયનાં બાળકો સાથે અંબિકાને દુરથી જોઇ, સોમભટે બુમ પાડી:—હે પવિત્ર દેવી પલ માત્ર સ્થિરતા રાખી ઉભી રહે. આ શબ્દો સાંભળતાંજ, અંબિકાએ પાછું વળી જોયું એટલે કુર, દુષ્ટ પતિને દીઠો. તેથી વિચાર્યું કે, આ અત્યંત ક્રોધી છે, તેથી મને મારવા આવે છે અને નક્કી પકડીને અઘોર વનમાં મારી નાખશે. તેણીએ વિચાર્યું કે તેના મારવા પહેલા મારો અંત આણું, એમ ધારી કુવા કાંઠે આવી તેમાં પડી મરવાની ઇચ્છા કરતી બોલે છેઃ—અરિહંત, સિદ્ધ ને સાધુનું મારે શરણુ છે. દયા-મય ધર્મને દાનનું માહાત્મ્ય મારી ગતિ છે, મારો કલંકિતને અધમ કુળમાં જન્મ આવશો નહીં; દેવ, ગુરૂ ને ધર્મ એ ત્રણું રત્ન મને ભવોભવ મળજો. આવી રીતે ચિત્તમાં નિશ્ચલતાથી ચાહના કરીને બન્ને પુત્રો સહિત સોમભટની ભાર્યા સાહસપણે કુવામાં પડી. આવી પ્રેમ પાત્રને વખણાએલી સ્ત્રીને જોઇ દારૂણ દુઃખમાં રડતો રડતાં અંબિકાનો પતિ ગદ્ ગદ્ કંઠે બોલ્યો કે હે મુગ્ધે ! તું અકાળકાળની વિકાળ કાળમાં ક્યાં ફસાઇ ગઇ ? આ

સાહસ કર્મ શા માટે કરવું પડયું ? અહો ! હું કેવો જડ કે મે। તને તિરસ્કાર સાથે ઘરમાંથી કાઢી મુકી ! અરે ! ચંચળ લોચના રૂપાળી સ્ત્રી તું નિષ્કલંક હતી, માટે તારા વિના જીવીને હું શું કરૂં ? પ્રાણ પ્રિયાને પંચત્વ ગમનથી હું પરમ દુઃખી થયો છું, માટે મારે પણ આપઘાત કરવો ઉચિત્ત છે; એમ કહી પોતાની અદ્દભુત અર્ધાગનાનું સ્મરણ કરી, સોમભટે તેજ કુવામાં ઝંપા પાંત કર્યો, તે કાળ પામી અકામ નિર્જરાના યોગથી અંબિકાના વાહન રૂપે શાર્દુલ દેવતા થયો, અને અપરિમિત ગુણપૂર્ણા સિંહવાહની અંબા બે પુત્રોની સાથે દેવીપણે પ્રગટ થઇ. ત્યાંથી સમ વસરણમાં જઇ ધર્મો પદેશ રૂપી અમૃત ધારાથી પોતાના કર્ણનું સિંચન કરવા બેઠી. ત્યાં ઘણી ભક્તિ કરવાથી શાશનની દેવી સ્થાપવામાં આવી. અનુક્રમે મોક્ષે જશે.

વાંચનાર વર્ગ—અસલની સતિઓ મહાન પવિત્ર તથા હિમત અને ધૈર્યથી ભરપુર હતી. તેથી તેમનું લગ્ન ગમે તે રાજા સાથે ધર્મ તરફ લક્ષ ન આપી કરવામાં આવતું હતું. ત્યાં તેમને ઘણાંજ કષ્ટો પડતાં હતાં, પણ તેઓ સર્વ સહન કરતી હતી. આજકાલ શહેરોમાં, શેઠ વિષ્ણુ. અને શેઠાણી જૈન વગેરે દાખલા જોવામાં આવે છે. આખરે જૈનને વિષ્ણુનો આચાર વિચાર પાળવો પડે છે, તે એક ખરેખર અનહદ શોક ભરેલું છે. પિતાએ પુત્રીનું લગ્ન કર્યા પહેલાં, તેના પતિનો ધર્મ ખાસ જોવો જોઇએ. ત્યાર બાદ લગ્ન કરવું જોઇએ. કન્યાવિક્રય, વૃદ્ધ વિવાહ, બાલ વિવહ, પુનર્લગ્ન, વગેરે બાબતોની તરફ દ્રષ્ટિ ફેંકી તે રીવાજોને નાબુદ કરવા પહેલાં, આ અસભ્ય અને આત્માના નિજ ગુણને હાની કરનાર, આ વિષય તરફ પુરતું લક્ષ આપવાની આવસ્યતા છે. ઇતિ કથા સંપુર્ણ.

જૈન ધર્મપર દ્રઢતા રાખવા વિષે ઋષભદત્ત શેઠની કથા ૧૬ મી.

પુષ્પના વિષે પંકજ સમાન સર્વ નગરમાં અગ્રેસર, સદ્ગુણી સજ્જનોથી ભરપુર કુંસુમપુર નામનું એક ભવ્ય નગર હતું. ત્યાં રૂષભદત્ત નામનો શેઠ રહેતો હતો. તે શેઠને ધર્મ શાસ્ત્રના અધ્યયનથી તથા પૂર્વ ભવ પુણ્યના યોગે સંસાર પર વૈરાગ્ય અને પ્રભુ ભક્તિપર અતિ પ્રીતિ હતી. સાધુજનોની સેવા અને બીજાં પરોપકારાદી સદ્કાર્ય કરવાનુંજ તેમને વ્યસન હતું. એક દિવસ તે શ્રેષ્ટિને વિચાર થયો કે "ઉભય લોકમાં સુખદાતા એવું એક પોષધશાલા નીતિથી ઉપાર્જન કરેલ લક્ષ્મીવડે કરાવું તો મનુષ્યભવ સફળ થાય," એવો શુભ વિચાર કરી શુભ દિવસે મુહૂર્ત કરી નવાણું લક્ષ સોનૈયા ખરચી એક સુંદર પોષધશાલા બંધાવી અને તેમાં નિત્ય સામાયિકાદિવ્રત કરી આનંદમાં દિવસો નિર્ગમન કરતાં સુખ માનવા લાગ્યો.

વૃક્ષના છાંયની માફક સુખ દુઃખ પણ કાંઇ સ્થિર નથી; ધીમે ધીમે તે શેઠનો પાપોદય જાગ્યો અને ચારે તરફથી લાખો રૂપિઆનું નુકશાન લાગવા માંડયું; એમ ધીમે ધીમે તે શેઠ છેક કંગાળ સ્થિતીએ પહોચ્યો. નિર્ધન હાલતે પહોંચવાથી "પોષધશાલા કરાવ્યાથી શેઠના ધર્મની હાની થઇ" એ પ્રમાણે નાસ્તિકોના

મુખમાંથી શબ્દો નીકળવા માંડયાં. પોતાને દુઃખ પડતું, તેનો તે શાણા શેઠ વિચાર પણ કરતા નહીં, પણ ઉપર પ્રમાણેનાં દુસઃ-વાક્યો વજ્રના ભાલા માફક તેમના મનને ભેદી અતિ કષ્ટિત કરવા લાગ્યા. તે ધર્મની નિંદા સાંભળતાં છતાં પણ તેમની ધર્મના વિષે નિશદિન અડગ પ્રીતિ રહેતી; ગમે તેવાં કષ્ટ સમયે પણ તે પ્રભુ ભક્તિ ન ભૂલતા અને જરથી રહિત હોવા છતાં પણ જર માટે નીતિ ન છોડતા. એમ સદ્દકાર્યમાં અડગ રહી કષ્ટના દિવસો નિર્ગમન કરવા લાગ્યા. એમ અતિ કષ્ટથી પણ ચલાયમાન ન થનાર તે શેઠપર ઘણી મુદતે ફરી વિધાત્રાની કરૂણા થઇ, સદ્દકાર્યમાં અડગ રહેનારનો અંતે જયજ થાય છે, જમીનમાં દટાયેલા રત્નને જેમ યંત્ર ઉપર ઘસીયે છીએ, તેમ તેમ તે કષ્ટ સહન કરવા અડગપણું આદરી, ખિન્ન ન થતાં અધિક તેજોમય થતું જાય છે, અને તેથી છેવટે મહાશયોનો મુકુટમાં પણ વાસ કરવા તે શક્તિમાન થાય છે. રૂપભદત્તને પણ તેમજ થયું; ઘણા કષ્ટો પડવા છતાં પણ તે સદ્દકાર્યથી ન ચળતાં વધારે દ્રઢ થયા અને તેથીજ તેમનો પુનઃઉદય થવા વખત આવ્યો. એક દિવસ પ્રભાતના સમયે શુદ્ધ નિર્મળ જળથી સ્નાન કરી તે નિર્ધન શ્રેષ્ટિ સામાયિક કરવા પોષધશાલામાં પધાર્યા, ત્યાં પ્રભુ સ્તવના કરતાં કરતાં ભાવોલ્લાસથી તેમનાં મન, વચન, તે કાયા પોતાના બીજા સંસારી વ્યવહારથી વિમુક્ત થઇ પ્રભુ ભક્તિમાં તલ્લાલિનપણું પામ્યા. એમ મન, વચન અને કાયા, તથા પાંચે ઈંદ્રિયો પોતાનો બીજો સંસારી ઉદ્યમ છોડી ધ્યાનમાં તલ્લાલીન થયા. આવી રીતે ધ્યાન રૂઢ થયેલ તે શેઠને ગગન માર્ગે વિચરતા એક વિદ્યાધરે જોયો. સદ્દકાર્યના વિષે મનુષ્ય લોકનું અતિ તલ્લાલિનપણું

જોઈ આશ્ચર્ય પામ્યો. અડગપણાની પરિક્ષા કરવા તત્ક્ષણ ત્યાં આવ્યો અને વાઘ, વરૂ, ભુજંગાદિકનાં રૂપ કરી શેઠને ડરાવવા લાગ્યો. રાક્ષસ અને પિશાચ રૂપ કરી, ભક્ષણ કરવાનો મોઢા ધાંટાવડે ડર બતાવવા લાગ્યો; તેને ઘણી રીતે ડરાવવા તથા સતાવવા લાગ્યો પણ, તેને કોઈ જાતની અસર થઈ નહીં. છેવટે તે પોષધશાલા કંપાવી રૂષભદત્તને બહાર નીકળવાનું કહ્યું. એ વિગેરે ઘણા ઉપસર્ગ કરી અંતે તે દેવ થાકયો. પ્રભુ ભક્તિમાં શેઠ અડગ રહ્યા તેથી વિદ્યાધર સાનંદાશ્ચર્ય પામ્યો અને પોતાનું રૂપ પ્રત્યક્ષ ધારણ કરી શેઠ સન્મુખ આવી ઉભો રહ્યો ધ્યાન પૂર્ણ થયા પછી શેઠે પુછ્યું તમે કોણછો ? તેણે સર્વ વૃત્તાંત કહ્યું અને પરિક્ષા કરવા માટે જે દુઃખ આપવામાં આવ્યું હતું તેની ક્ષમા માગી, અને કહ્યું કે મેંને કૃતાર્થ કરવા મારી પાસે આપ કાંઈ વરદાન માગો. હું આપનાપર પ્રસન્ન થયોછું તો વિલંબ કર્યા વિના ઇચ્છિત વસ્તુ માગો. શેઠે જવાબ આપ્યો કે હે દેવ ! મને લક્ષ્મીની ઇચ્છા નથી, તેમ મને તમારા પ્રત્યે કંઇ પણ વૈરભાવ નથી, માટે આપ આપના સ્થાનકે ખુશીથી પધારો. શેઠના નિર્લોભી વચનથી સંતુષ્ટ થયેલ વિદ્યાધરે એમનું એમ સ્વસ્થાને જવું ઉચિત્ ન ધાર્યું તેથી તે શેઠને વારંવાર ઇચ્છિત ફળ માગવા કહ્યું. હે શ્રેષ્ટ ! તારા લોભના અર્થે નહીં તો, મારો આગ્રહ પૂર્ણ કરવા નિમિત્તેજ પણ તમે કંઇક માગો, એ પ્રમાણે દેવનો અત્યાગ્રહ જોઇ શેઠે કહ્યું:—હે દેવ ! જો તમે અતિ આગ્રહ કરો છો તો આજે જે મેં પ્રભુ પ્રાર્થના કરી તેના ફળ જેટલું મને ફળ આપો. દેવે કહ્યું:—હે શેઠ ! હું તો શું, પણ ચોસઠ ઈંદ્ર ભેગા થાય તોપણ તમારી ભક્તિનું સદૃશ્ય ફળ આ-

પવા અશક્ત છે, માટે બીજું કંઇ માગો. શેઠે ક્રોડાંસ ભાગ તે વિદ્યાધર પાસે માગ્યો, પણ તે આપવા દેવે પોતાની અસમર્થતાજ બતાવી. તે સાંભળી શેઠે કહ્યું:—ભાઈ જ્યારે કોટી અંશે પણ ફળ આપવા તમે અસમર્થ છો ત્યારે તમારી પાસે બીજું શું માગું ? આપ આપના સ્થાનકે પધારો. મારે કાંઇ ઇચ્છા નથી. શેઠનાં એવાં નિર્લોભી વચન રૂપી ચંદ્ર કિરણોથી વિદ્યાધરના આનંદ સાગરમાં વિશેષ ભરતી આવવા લાગી, અને મલકાતે મુખે કહ્યું:—હે રૂષભદત્ત ! જો કે તમારૂં માગેલ કંઇ પણ આપવા હું સમર્થ નથી, તો પણ હે પૂણ્યવંત પ્રાણી ! દેવ દર્શન મિથ્યા નજ હોય, માટે જે કાંઇ હું આપું છું તે સ્વિકારો. એમ કહી સુવર્ણ અને રત્નાદિક અનેક ઉત્તમ વસ્તુઓ શેઠને અર્પણ કરી વિદ્યાધર સ્થાનકે ગયો. દેવના ગયા પછી શેઠ પણ પોતાના ઘેર આવ્યા, અને જર પ્રાપ્તિનું કારણ પુત્ર તથા નારીને અથથી ઇતિ સુધી કહી સંભળાવી, તેમને ધર્મના વિષે શેષ સ્થિર કર્યાં. જરવડે જગતના વિષે યશ અને પુણ્યની પુનઃ પ્રાપ્તિ કરવા લાગ્યાં. જપ, તપ, દાન, દયા અને સાધુ સેવા આદિક ઘણા પ્રકારનાં શુભ કૃત્ય કરી જશં અને પુણ્યના સંપૂર્ણ ખજાના ભરી, જીંદગી પર્યંત સદ્કાર્યનાજ ઉધમી તેજ શેઠ જગત રિપુ મહા કાળના સ્વાધિન થયા. દેવ લોક સિધાવ્યા. શેઠના મૃત્યુ પછી તેમના પુત્ર તથા નારીએ પણ સદ્ રીતિએ ચાલી, દીનજનોના દુઃખ કાપવામાં અને બીજાં મહાન્ પરોપકારી અને ધર્મ કાર્યમાં જરનો સદુપયોગ કરી, જગતના વિષે અક્ષય કિર્તી સંપાદન કરી, ઉભય લોકનુ સુખ મેળવ્યું. વિવેકી બાંધવો, સદ્ગુણ દાતા રૂષભદત્ત શેઠનું દ્રષ્ટાંત વારંવાર વાંચો.

સાંભળો અને ધર્મના વિષે દ્રઢતા કરો. મુનિ ભક્તિ આદરો, દીનજનોના દુઃખ કાપો, પરોપકાર બુદ્ધિના સગા થાઓ અને તેના વડે ઉભય લોકનું સુખ સંપાદન કરો. ધર્મ કરણીનું ફલ, તે આત્માના ઉદય માટે છે, ન કે સંસારીક લાલસા માટે. આજ કાલ કેટલાક માણુસો દ્રવ્યની લાલચે અપવાસ વગેરે તપ કરે છે. તે એક પારસમણીની પાસે કાચનો કડકો માગવા જેવું છે, ધાર્મિક ક્રિયાઓ કરવાથી મલતી રીદ્ધી, તે એક ખેડુતે વાવેલ ઘઉ અને તેમાં વધારાના જે પુરા (ઘાસ) મલ્યું. તેના જેવી મનુષ્યની અને દેવતાની રીદ્ધી છે; તો તે ઇચ્છા કેવલ ત્યાજનીય છે; પણ કેવલ કર્મ નિર્જરાનો આશય ધર્મ ક્રિયાનો હોવો આવશ્યકીય છે, જેથી આત્માનો ઉદ્ધાર થઈ શકે. અમુક ઇચ્છાથી કરવામાં આવેલ તપસ્યાથી કદાચ શરીર લોહીથી રહિત બની જાય અને એક વરસના અપવાસ થઈ જાય, તોપણ તેનું ફલ શુષ્ક; એટલે રેતની અંદર ઘી રેડયા સમાન છે. માટે કોઈ પણ પ્રકારની આશા વિના કેવલ આત્માના ઉદય માટે ધર્મ કાર્ય કરવું, તેજ શ્રેષ્ટ છે.

આ આત્માએ લાખ જોજનના મેરૂ પર્વતની બરાબરી કરી શકે તેટલો ઢગલો થાય. તેટલી વખત મુહપતિનાં બંધન બાંધ્યાં, રજો હરણની દાંડીઓ ફેરવી, તેટલી વખત પાતરામાં ભીક્ષા માગીને ખાધું, પણ આત્માનું સાર્થક થયું નહિ; અને પાછી સંસારની વેદનાં ભોગવવી પડે છે તેનું. મુલ કારણ ધર્મ ક્રિયાનું ફલ, વ્યવહાર સુખની ઇચ્છાએ માગ્યું તેથીજ હોવું જોઇએ. તે સિવાય અન્ય કારણ કંઈ પણ કલ્પી શકાતું નથી. માટે જો હવે ચેતવું હોય તો થોડી પણ શુદ્ધ ક્રિયા કરી આત્માનું સાર્થક

કરશો. એક વખત પણ સાધુ યા શ્રાવકનું શુદ્ધ વ્રત પાલવાથી સાધુ અને શ્રાવક વધારેમાં વધારે ૧૫ ભવ કરીને અવશ્યમેવ મોક્ષે જાય. અહા ! તેવી પવિત્ર કરણી પાણીના મુલ્યે. વહી જાય છે, તો વાંચનાર વર્ગ આ બાબતમાં લક્ષ આપવા પશ્ચાત રહેશો નહિ, તો મારો પ્રયાસ સફળ માનીશ. ઇતિ કથા સંપુર્ણ.

સુકોશલ મુનિની દ્રઢતા ૧૭ મી.

અયોધ્યા નામે નગરીમાં કીર્તિધર નામે રાજા હતો; તેણે એક દીવસ મહેલમાં બેઠાં બેઠાં સુર્યનું ગ્રહણ થતું જોયું. તે જોઇને તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો. સુર્યની માફક પોતાનું તેજ પણ ઢંકાઈ જશે, એમ વિચારી દીક્ષા લીધી. ત્યાર બાદ સુકોશલ, રાજપુત્રને રાજયગાદી આપી. એક દિવસ કીર્તિધર મુનિ વિહાર કરતા કરતા અયોધ્યા નગરીએ આવ્યા, તે વખતે તેમને માસખમણ હતું. આહારની ઇચ્છાએ રાજયમહેલમાં ગયા, ત્યાં રાણીએ તેમને જોયા, અને તરતજ વિચાર કર્યો કે જો આ કુંવર મુનિને દેખશે તો તે કદાચ સાધુ થઇ જશે; એવો વિચાર કરી નોકરોને આજ્ઞા કરી કે; આ સાધુડાંને કહાડી મુકો, અને તેને ગામની બહાર મુકી આવો. આ બનાવ, તે કુમારની ધર્મિષ્ટ ધાવ માતા જોઇને નીચે પડી ગઈ, તેટલામાં રાજકુમાર આવી પહોચ્યો. પોતાની ધાવ માતાને દુઃખનું કારણ પુછ્યું, ત્યારે તેણીએ ઉપરનો સર્વ વૃતાંત કહી સંભળાવ્યો.

તે સાંભળી કુમાર મુનિ પાસે ગયો. નોકરોને મારીને ક્હાડી મુક્યા, અને મુનિને આહાર માટે આમંત્રણ આપ્યું; પણ સમતાના સાગર એવા મુનિએ બીજુ માસખમણ પચખ્યું, તેથી આહાર લેવા ગયા નહિ અને પુત્રને ધર્મનો ઉપદેશ દીધો; તે સાંભળી કુમાર વૈરાગ્ય પામ્યો અને દીક્ષા લીધી.

હવે તે પિતા અને પુત્ર ઉગ્ર તપશ્ચર્યા કરતાં કરતાં વિચરે છે, તેવે વખતે પુત્રના વિરહથી માતા મરણ પામી અને ચિત્રકુટ પર્વતમાં વાઘણ થઇ. એકદા પસ્તાવે પિતા પુત્રની જોડ વિહાર કરતી કરતી ત્યાં આવી પહોંચી તેવામાં, તે ભુખે બુમો પાડતી વાઘણ ત્યાં આવી પહોંચી. આ જોઈ પીતાએ પુત્રને કહ્યું કે ભાઈ! તમે પાછા જાઓ. હું વાઘણને સંતોષ આપીશ. તે સાંભલી પુત્ર બોલ્યો કે હે પિતાજી! હે મોક્ષ ગુરૂ! મારા પર કૃપા કરો, તો હું મારૂં કાર્ય સાધું ત્યારે ગુરૂએ કહ્યું કે હે ભાઇ! તમે બાલક છો; વાઘણ વિકરાલ છે, માટે એ પરીસહ તમે કેવી રીતે સહન કરી શકસો ? શિષ્ય બોલ્યો કે ગુરૂજી! આમાં નાના મોટાનું કંઈ કારણ નથી, માટે મને સુખેથી આજ્ઞા આપો; એમ ક્હીને પોતે આગળ પધાર્યા. વાઘણ ભુખે કડકડતી એકદમ છલંગો મારતી, મારતી આવી પહોંચી. આ વખતે સુકોશલ મુનિએ સંથારો કર્યો. મુનિને જોઇને વાઘણે એકદમ થાપો માર્યો અને મુનિને નીચે પાડી ઘાસની માફક ચુંથી નાખ્યા. આ વખતે ચામડી તડતડ તુટવા લાગી, ફટફટ હાડકાં ફુટવાં લાગ્યાં, લોહીની ધારા સુકોમલ શરીરમાંથી વહેવા લાગી; આમ કરતાં કરતાં મુનિ તો ધ્યાનમાં ને ધ્યાનમાં કેવલ જ્ઞાન પામી મોક્ષે પધાર્યા. હવે વાઘણે માત્ર સફેદ હાડકાં બાકી રાખ્યાં, તેમાં તેને એક તેજસ્વી સોનાની

દાંતમાં રેખ માલુમ પડી. તેપર તેણે વિચાર કર્યો તો જ્ઞાન થયું, અને તરતજ પાછલો ભવ યાદ આવ્યો કે આતો મારો પુત્ર છે, અને ખરાબ કામથી હું વાઘણ થઇછું એમ પશ્ચાતાપ કરવા લાગી. હા ! હા ! મેં એ કુકર્મ કર્યું ! જે માટે મેં મારા પુત્રને મારી નાખ્યો. હવે મારૂં શું થશે ! એમ ચિંતવવા લાગી. તે કીર્તિધર મુનિએ જ્ઞાનમાં જાણ્યું કે તરતજ તેની પાસે આવ્યા અને કહ્યું કે દયાપાત્ર શોક કરીશ નહિ. જૈન ધર્મને આરાધજે; માંસ ભક્ષણ કરીશ નહિં, આ પ્રમાણે ઉપદેશ દીધો. આખરે તે મરીને દેવલોકમાં ગઇ અને મહાત્મા મોક્ષે પધાર્યા. ઇતિ સુકોસલ કુમારની કથા સંપુર્ણ.

વાંચનાર વર્ગ—ધન્ય છે તે સુકોસલ કુમારને કે જેમણે ખરી પરીક્ષામાં આત્મભોગ આપી ગુરૂને બચાવ્યા. આજકાલ આપણે તો ખાવામાં, પીવામાં, સુવામાં, પહેરવામાં, પાનામાં, પુસ્તકમાં, પાટપાટલામાં, છેવટે પાતરામાં, મુહપતિમાં, અને રજોહરણમાં પણ મમત્વભાવ રાખી ગુરૂથી વિમુખ રહીએ છીએ. સંસારી પિતા પુત્ર સાથે વિરોધ; તો ત્યાગી ગુરૂ શિષ્ય સાથે વિરોધ; તો ત્યાગી ,તથા સંસારી વર્ગ આ પરથી સમજશે કે અસલના મહાન પુરૂષોએ પોતાના ગુરૂ યા પિતા માટે શરીરનો ભોગ આપ્યો હતો, તો આપણે તેમનું અનુકરણ કરવું જોઇએ.

જાતિ અભિમાનપર સોમદેવની કથા ૧૮ મી.

મથુરા નગરીને વિષે સંખ રાજા રાજ્ય કરતો હતો. એક દીવસે ત્યાં મુનિ પધાર્યા, તેમના ઉપદેશથી રાજાએ દીક્ષા લીધી. એક વખત ફરતા ફરતા કોઇ ગામમાં ગયા, ત્યાંથી તેમને વિહાર કરવો હતો તેથી તેમણે કોઇને પુછવા વિચાર કર્યો કે કયો રસ્તો સારો છે. ત્યાં સોમદેવ નામે બ્રાહ્મણ મલ્યો તેણે તે મહાત્માની નિંદા કરી મહાત્માને ખરાબ રસ્તો દેખાડયો, કે જે રસ્તામાં યક્ષ હતો, ત્યાં મુનિ પધાર્યા. મુનિને જોઇને યક્ષ નાસી ગયો. આ બનાવ તે દુરેથી જોતો હતો ત્યારે તેણે વિચાર્યું કે ખરેખર, આ કોઈ મહાત્મા છે જેથી, યક્ષ પણ નાસી ગયો; તે માટે તે મહાત્માને ધન્ય છે. એમ વિચાર કરી સાધુને પગે લાગ્યો. અને માફી માગી, કે મેં આપને ખરાબ રસ્તો બતાવ્યો. આખરે મુનિએ તેને યોગ્ય ધારી ઉપદેશ આપ્યો, અને તેને વૈરાગ્ય થયો તેથી તેણે દીક્ષા લીધી. અને ઘણા વર્ષ સુધી દીક્ષા પાળી. આખરે ત્યાંથી મરીને દેવતા થયા; પણ પુર્વે બ્રાહ્મણ જાતિનું અભિમાન કરીને સાધુને ખરાબ રસ્તો બતાવ્યો હતો તેથી તે દેવ લોકમાંથી ચવીને ચંડાળને ત્યાં ઉત્પન્ન થયા,

વાચકવર્ગ—જાતિનું અભિમાન કરવાથી સોમદેવ મહાત્મા

ને ચંડાળ કુલમાં આવવું પડયું અને તેજ આપણા લોક વિખ્યાત હરીકેશી ઋષિના નામે ઓળખાય છે. તેમનું જીવન ચરિત્ર આ સાથે આપવામાં આવેલ છે. પૈસાનો અભિમાન કરવાથી શકિતહીન થાય છે, પંડીતાઇનો અભિમાન કરવાથી મુર્ખ થાય છે, રૂપનું અભિમાન કરવાથી કાળા કલાડાની મેસ જેવું રૂપ થાય છે; માટે વાંચક વર્ગ તમને જે જે શકિતઓ મળી હોય તે પર તમે અભિમાન કરશો નહિ. પોતાની પાસેની શક્તિ બીજાને ન આપી, છુપાવી રાખવી તે પણ અભિમાન ગણાય છે; માટે અભિમાન કરવું નહિ. ઇતિ સોમદેવની કથા સમાપ્ત.

હરી કેશી ઋષિની કથા ૧૯ મી.

મૃત ગંગાના કાંઠે, ગોરી નામની ચંડાલણીની કુખે દેવ લોકમાંથી ચવીને હરી કેશીનો ગર્ભ રહ્યો. તેણીએ સ્વપ્નમાં વસંત માસ તથા ખીલેલ આંબો દીઠો. તેનું ફલ સવારે જોવરાવ્યું તો બ્રાહ્મણોએ કહ્યું કે મહાત્મા તમારી કુખે જન્મશે. પુર્ણ માસે પુત્ર જનમ્યો એક દીવસ પોતે રમતો હતો, તેવામાં ત્યાંથી સાપ નીકલ્યો તે ઝેરી નહોતો તેથી તેને માર્યો નહિ; તેથી તેણે વિચાર્યું કે આત્મા પોતેજ પાપથી દોષિત છે, તેથી તેને દુખ ઉપજે છે; બાકી કોઈ તેને દુઃખી બનાવતું નથી. આ પ્રમાણે વિચાર કરતાં કરતાં જાતિ સ્મરણનું ગ્નાન ઉત્પન્ન થયું (પાછલના ભવો યાદ આવે તે) તેથી તેમણે

દીક્ષા લીધી. ત્યાંથી વિહાર કરતાં કરતાં બનારસ નગરે પધાર્યા, ત્યાં અઠમ અઠમના અપવાસ એક યક્ષના મંદિરમાં રહી કર્યા. યક્ષ તેમની તપશ્ચર્યા જોઈ, ઘણો ખુશ થયો અને તે મહાત્માની સાથેજ રહેવા લાગ્યો. ત્યાં આગળ એક દીવસ રાજાની કુંવરી ભદ્રા નામે પોતાની સખીઓ સહિત ત્યાં રમવા આવી; ત્યાં તેણે મુનિના કુરૂપ શરીરને તથા મેલાં કપડાંને જોયા, તેથી તે ત્યાં થુંકી. આ યક્ષે જોવાથી, તેને ક્રોધ ચડયો અને તે છોડીને નીચે પાડી નાખી તથા લોહીલુહાણ કરી નાખી. જેના મોંઢામાંથી લોહી પરૂ વગેરે નીકળ્યાજ કરે છે, એવી અવસ્થામાં સખીઓ તેણીને ઘેર લઇ ગઈ. રાજાએ ઘણી દવાઓ કરી પણ સાજી થઈ નહિ, ત્યારે, આખરે રાજા મુનિ પાસે આવ્યો અને કરગરવા લાગ્યો. મુનિ તો ધ્યાનમાં તલ્લીન છે તેથી તે યક્ષે મુનિના શરીરમાં પ્રવેસ કરી જવાબ આપ્યો કે, આ મુનિ સાથે તારી કન્યાને પરણાવ તો સાજી કરૂં. રાજાએ તેમ કર્યું. પછી મુનિએ ધ્યાન પાળ્યું ત્યારે પાસે રાજકન્યા જોઈ તો તેમણે કહ્યું કે મને અડીશ નહિ. આ તો બધુ આ યક્ષે કર્યું છે; મારે તો કનક કામની ન ખપે. હું તને પરણ્યો નથી એવું કહ્યું; તેથી તે ઘેર ગઈ અને રાજાને સર્વ વાત કહી. રાજાએ પુરોહિત બ્રાહ્મણને બોલાવ્યા. સભામાં બ્રાહ્મણોએ જવાબ આપ્યો કે, એ કન્યા તો પુરોહિત સાથે પરણાવવી જોઇએ; તેથી રાજાએ તેમ કર્યું. એક વખતે તે પુરોહિત યજ્ઞ કરી રહ્યા છે તેમાં ઘણાઓને આમંત્રણ આપેલ છે, તેથી ઘણી જાતની રસોઈ તૈયાર કરેલ છે. તે વખતે મુનિ પણ ત્યાં આહાર લેવા ગયા ત્યારે પુરોહિતે હરીકેશી ઋષિને કહ્યું કે, હે તું અહીં કેમ આવ્યો છે? અતિ બીહામણો,

કાલા રંગનો, વિકરાલ, ધુલવાલા શરીરનો ધણી, મોઢું જોવાને પણ નાલાયક, તું અહીં કયી આશાથી ઉભો છે. મારી નજર આગળથી જા ! ત્યારે યક્ષે મુનિના શરીરમાં પ્રવેશ કર્યો અને બોલ્યો કે હું સાધુ છું, બ્રહ્મચારી છું, હું રાંધતો નથી, મારા માટે રંધાવતો નથી, તેથી અહીં ભીક્ષા માગવા આવ્યો છું. તમે ગરીબને આપો છો. લાડુ, બરફી, જલેબી, ખાજાં, ઘેબર, દાળ, ભાત, રોટલી, શાક, વગેરે સર્વ જાતની રસોઈ તમારી પાસે છે, તો મને આપો. બ્રાહ્મણો બોલ્યા કે તે કંઈ તારા માટે નથી અને અને તું તે માટે લાયક પણ નથી; એ તો બ્રાહ્મણનેજ આપી શકાય ત્યારે દેવતા બોલ્યો કે, જે બ્રાહ્મણ ક્રોધ, માન, માયા લોભ કરે છે; પૈસો, સ્ત્રી રાખે છે તે બ્રાહ્મણ નથી, પણ ઢોંગી છે. તમે વેદનો અર્થ પણ જાણુતા નથી; માત્ર પોપટીયા જ્ઞાન વાલા છે. જે ભીક્ષા લે તેજ ઉત્તમ સાધુ છે; તમે બધા તો સ્વાર્થિ, પાપના પોટલા બાંધનારા, વિષય વિકારના કીડાઓ છે. આ સાંભળી ઉપાધ્યાય બોલ્યા કે અન્ન બગડી જશે તોપણ તને આપીશું નહિ. દેવતાએ કહ્યું કે મને જો આહાર નહી આપો તો તમારા યજ્ઞનું ફ્લ કંઇ પણ નહિ થાય.

આ સાંભળી ઉપાધ્યાય લાલચોળ આંખ કરી બોલ્યો કે અરે બ્રાહ્મણો તથા વિદ્યાર્થિઓ શું જોઈ રહ્યા છો ! જે પાસે પડયું હોય તે લો અને આ દુષ્ટને મારી નાખો. આવા વખતે તે રાજાની કન્યા આવી પહોંચી. તેણે મુનિને મારતા દેખીને કહ્યું કે બ્રાહ્મણો, આ પવિત્ર ઋષિ સાથે મારા બાપે મારૂં લગ્ન કર્યું હતું, તોપણ, તેણે મને ઈચ્છી નહિ. તમે પાછા વળો નહિતર તમને બધાને બાળીને ભસ્મ કરી નાખશે. તોપણ તે બ્રાહ્મણોએ

માન્યું નહિ. આખરે દેવતાએ સર્વને જમીન પર પછાડયા અને ભાન વિનાના કર્યા. સર્વ કોઇ મડદા જેવા પડી ગયા. માત્ર રાજ કન્યા સારી અવસ્થામાં હતી. તેણીએ કહ્યું કે "નખથી ડુંગર ખોદવો સ્હેલ છે, દાંતથી લોઢું ચાવવું સ્હેલ છે, પગે કરીને અગ્નિ બુજાવવી સ્હેલ છે, પણ આ મહાત્માનું અપમાન કરી તેમાં ફતેહ મેળવવી તે મુશ્કેલ છે." હવે તમે સર્વ ઋષિના ગુણગ્રામ કરો, તેમને પગે લાગો, તેમની માફી માગો, એમ વદતી હતી એવામાં રાજા આવી પહોંચ્યો. તેણે માફી માગી એટલે દેવતાએ સર્વને જીવીતદાન આપ્યું અને તે મુનિના શરીરમાંથી નીકળી ગયો. પછી બ્રાહ્મણનો આચાર્ય કહેવા લાગ્યો કે અમે અજ્ઞાનતાપણે આપશ્રીની અશાતના કરી, નિંદા કરી, દુઃખ આપ્યું, તોપણ આપે ક્રોધ કરવો ન જોઇએ. તે સાંભળી હરીકેશી ઋષિએ જવાબ આપ્યો કે ભાઇઓ ! મારે પહેલાં ક્રોધ નહોતો અને હાલ પણ નથી; પણ આ સર્વ કામ મારા સેવક યક્ષે કરેલ છે, તો તમે ભય પામશો નહિ. ત્યારે બ્રાહ્મણે કહ્યું કે હે ભગવાન ! ઋષિશ્વર ! આપ હવે આહાર લેવાની કૃપા કરો. મહાત્માએ સમભાવ રાખી આહાર પાણી લીધું કે તરતજ આકાશમાં દેવદુંદુભી થઈ; સૌનેયાનો વરસાદ વરસાવ્યો; સુગંધી અત્તરોનો વરસાદ વરસ્યો; આકાશને વિષે અહોદાન મહાદાન એવા શબ્દ થયા; તે જોઇ બ્રાહ્મણો આશ્ચર્ય પામ્યા અને સાક્ષાત્ જૈન ધર્મની કરણીનું ફલ જાણી સર્વ જૈન બન્યા. પછી મુનિએ તેમને ઉપદેશ આપ્યો અને જૈન ધર્મનું રહસ્ય સમજાવ્યું. અને મહાત્મા ત્યાંથી વિહાર કરી, ઉગ્ર તપશ્ચર્યા કરી આત્મ સિદ્ધિ કરી જન્મ મરણના ફેરામાંથી મુક્ત થયા. ઇતિ હરીકેશી ઋષિની કથા સંપુર્ણ. વાંચનાર વર્ગ—અસ-

લમાં જ્ઞાતિ ભેદ નહોતો, જૈન ધર્મ તેનો અર્થજ રાગ દ્વેષ એટલે બીજા ભાવને જીતી સમભાવમાં વસી તે પર જય મેળવવો તેજ જૈન ધર્મ છે. હરીકેશી ઋષિ ચંડાલના કુલમાં જનમ્યા હતા તો પણ સ્વર્ગે પધાર્યા; તો જૈન ધર્મ માટે આજ કાલ વાણીયાઓએ માત્ર જે બાપુકો ધર્મ બથાવી પડયા છે તે તેમની ભુલ છે. માણસના કુલને માન નથી તથા તેની પુજા નથી પણ તેના ગુણુની પુજા છે, તો જૈન ધર્મનું ખરૂં રહસ્ય સમજી જ્ઞાતિ બંધન દુર કરવાની જરૂર છે. આજકાલ જૈનના સાધુઓ પણ સમભાવ રાખી હરેક આર્ય કુલમાં ભીક્ષા વ્રતિ કરે છે, તો તેના અનુયાયિઓએ પણ તેમનું અનુકરણ કરવું જોઇએ અને જૈનના નામને જૈન પણે ધર્તિ શોભાવવું જોઇએ.

અવસરનો જાણુ હોય તે સાધુ

કથા ૨૦ મી.

હસ્તીનાપુર નામે નગર છે, ત્યાં લોકપાલ નામે રાજા રાજ્ય કરતો હતો. તે મિથ્યાત્વી ધર્મનો સ્થાપનાર હિંસામાં ધર્મ માનનાર હતો, અને તેની ગુણવંતી નામે રાણી જૈન ધર્મિ અને સમક્તિી હતી. તેથી રાજા રાણી વચ્ચે ધર્મનો ઝઘડો રોજ થયા કરતો હતો. રાજાએ વિચાર્યું કે હરકોઇ ઉપાયે રાણીને જૈનધર્મ છોડાવી મારા

ધર્મને મનાવું. આ પ્રમાણે વિચાર કરી કોટવાળને કહ્યું કે, જૈનના સાધુ આવે તો મને ખબર આપજો. હવે એક દીવસ ઉગ્ર તપસ્વી મહા જ્ઞાની અત્યંત ઉપયોગી એકલ વિહારી, દ્રવ્ય, ક્ષેત્ર કાલ, ભાવના જાણ એવા મુનિરાજ ત્યાં પધાર્યા અને કોઇના મંદીરમાં રાત્રે રહ્યા. એવામાં મંદીરનો પુજારો આવ્યો તેથી મહાત્મા ખુણામાં ભરાઇ ગયા અને પુજારાને જગ્યા આપી પુજારો પુજા કરી ગામમાં ગયો. કોટવાળને ખબર આપી કે એક જૈન મુનિ આવેલ છે આ વાતની રાજાને ખબર આપી. રાજાએ તરતજ એકવેશ્યાને બોલાવી, અને તે મંદીરમાં મોકલી મંદીરનાં બારણાં બંધ કરાવ્યાં, અને કોટવાળને ચોકી કરવા બેસાર્યો. હવે મુનિએ ખળભળાટ સાંભળ્યો અને સ્ત્રીં પોતાની પાસે બેઠેલી દીઠી, તથા બારણાં બંધ દેખીને મનમાં વિચાર્યું કે, આની અંદર કંઈ કપટ દેખાય છે. અને જો મને સવારે સ્ત્રી સહિત લોક દેખશે, તો જૈન ધર્મની હીલના થશે. અને તેનું કારણ હું થઇશ એમ વિચારી તેજુલેશ્યાથી કપડો, રજોહરણ, મુહપતિ, કામલી વગેરે સર્વ બાળી નાખી અને શરીરપુર રાખ ચોપડી, અને પોતે જાણે ભાંગ, ગાંજો પીએ છે તેવો ડોળ કરી સર્વ સાધન તૈયાર હતું, તે ત્યાંથી પોતાની પાસે લીધું. આ પ્રમાણે મુનિ તૈયાર થઇ રહ્યા. હવે સવાર થઇ એટલે રાજા રાણીને કહેવા લાગ્યો કે, ચાલો તમારા સાધુ દેખાડું, તે ઘણા પવિત્ર તથા બ્રહ્મચારી હોય છે તેને તમે જુવો, તે સાંભલી રાણીએ વિચાર્યું. કે, આજ કંઈ કુડ કપટ વગેરે દેખાય છે. પણ રાજા આગળ બોલી શકાણું નહિ. રાજાએ પણ જૈન ધર્મની લાજ લેવા માટે શેઠ, સેનાપતિ, પુરોહિત, પ્રધાન, મંત્રીશ્વર સામંત નોકર ચાકર

સિપાઇ વગેરે ગામના સર્વ લોકોને તે મંદીર પાસે લાવી ઉભા રાખ્યા. સર્વ કોઇ જૈન ધર્મની હીલના જોવા માટે તત્પર થઈ રહ્યા હતા. રાજાએ કોટવાલને આવીને કહ્યું કે તમે કોની ચોકી કરો છો ? કોટવાલે કહ્યું કે જૈનના સાધુએ વેશ્યા ઘાલી છે, તેમની ચોકી કરૂ છું.

આવા શબ્દ સાંભલીને રાણી ઝંખવાણી પડી ગઈ, અને રાણીના સામુ જોઇ રાજા કહેવા લાગ્યો કે, અરે કોટવાલ જૈન સાધુ તેવા ન હોય તારી ભુલ થાય છે. આ પ્રમાણે રાણીને રાજા ખીજવવા લાગ્યો, તેથી રાણી અશ્રુધારા પાડવા માંડી કે અહા ! આજ શું થશે. આ દુષ્ટોએ જૈન ધર્મની હીલના માટે આવો ઢોંગ કર્યો હશે, તોપણ તેમની પર દયા લાવતી ઉભી રહી. તેવામાં રાજાએ હુકમ કર્યો કે, કોટવાલ દરવાજો ખોલો; તેની અંદર કોણ છે, તેની રાણીને પરીક્ષા કરવા દો. તે જેવું બારણું ખોલે છે કે તરતજ બાવાના રૂપે અલેખ અલેખની ચીસ પાડતા, સર્વ લોકની વચ્ચમાંથી નાસી ગયા. તેની પછવાડે વેશ્યા પણ નીકળી તે દેખી રાજા નીચું મુખ કરી ઝંખવાણો પડયો. લોક પણ વિસ્મય પામ્યા. જૈન લોક હર્ષ પામ્યા. રાણીના અંગોપાંગ પ્રફુલ્લિત થયાં; રોમેરોમે આનંદ પ્રગટ થયો; રાણી કહેવા લાગી કે કહો રાજાજી, એ સાધુ તમારા કે મારા. રાજા ભર સભામાં ઝંખવાણો પડી ગયો. રાજા કોટવાલને પુછવા લાગ્યો કે આ શું થયું ? ત્યારે કોટવાલે કહ્યું કે હે મહારાજ ! એતો આશ્ચર્ય જેવી વાત થઈ એમ સાંભલી રાજા બોલ્યો નહિ અને નીચું જોઇ ઘેર આવ્યો. આખરે જૈનશાસનની ઉન્નતિ થઇ અવસરના જાણ હોય તેને સાધુ કહીએ ઇતિ કથા સંપુર્ણ.

વાંચનાર વર્ગ—અલબત આ વખતે મહાત્માને દોષ લાગ્યો. પણ આવા વખતે જૈન ધર્મનો ઉદ્યોત કરવા માટે, આ પ્રમાણે મહાત્માએ કર્યું હતું. ત્યાર બાદ પાપનું પ્રાયશ્ચિત લીધું હતું. માટે સાધુએ તથા શ્રાવકે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ પ્રમાણે વર્તવું જોઇએ. આજ કાલ જૈન ધર્મ જેવો પવિત્ર ધર્મ સામાન્ય રીતે જન સમાજમાં, અપવિત્ર યા મલીન તરીકે નિંદાય છે. તેનું મુલ કારણ સાધુઓ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ જોઇને વર્તતા નથી. અને કેટલીક વખત અતિશયોક્તિમાં ચાલ્યા જાય છે, તો તેમણે ઉપરોક્ત મહાત્માનું અનુકરણ કરી વખત આવે, ચમત્કાર બનાવી જૈન ધર્મનો ઉદ્યોત કરવો જોઇએ. આ પ્રમાણે જો કરવામાં આવશે તો મિથ્યાત્વીનું જોર હલકુ પડશે અને જૈન ધર્મનો વિજય વાવટો સર્વત્ર ફરકશે.

ક્ષમા ઉપર દંમદત રાજાની કથા ૨૧ મી.

જંબુ દ્વિપમાં એક અતિ રમણીયં, હસ્તિશીર્ષ નામે નગરી છે. તેની અંદર દમદંત નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજા શુરવીર અને પરાક્રમી હતો. તેની આસપાસ તે વખતે કુરૂ દેશને વિષે જેને દેખવાથી સાક્ષાત્ સ્વર્ગનો અનુભવ થાય એવું ગજપુર નામે નગર છે. તેમાં યુધિષ્ઠિર નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજા ઈંદ્ર જેવો શોભતો હતો. તે રાજાના ચાર ભાઇ તે જાણે ચાર લોક પાલજ હોય નહિ ? એવાં ભીમ અર્જુન નિકુર અને સહદેવ એ ચાર ભાઇથી

રાજા શોભ તો હતો. જેમ જીવને પાંચ ઈંદ્રિયના વિષયસુખ તે વૈર સમાન છે, તેમ દમદંત રાજાના પાંચે પાંડવ તે પાંચ વિષયની પેઠે વૈરી હતા. એક દિવસે તે દમદંત રાજા જરાસંધ રાજા પાસે રાજગૃહ નગર તરફ ગયો હતો; પછવાડેથી પાંચ પાંડવોએ આવીને દમદંત રાજાનો દેશ લુટયો, અને કાંઈક બાળી નાખ્યો. આ પ્રમાણે દેશને પાયમાલ કરીને પાંચે પાંડવ પોતાની રાજધાનીમાં ગયા. પછી કેટલાએક દિવસે દમદંત રાજા પણ પોતાને ઘેર આવ્યો, ત્યારે પોતાના દેશના લોકોએ ફરીયાદ કરી કે, પાંડવો આવી, તમારો દેશ લુંટીને, બાળી ગયા છે. તે સાંભળી દમદંત રાજા ક્રોધાયમાન થયો, અને પોતાનું લશ્કર લઇને હસ્તીનાપુરને આવી પાંડવોના રાજ્ય પર ઘેરો ઘાલ્યો. આ વાત પાંડવોએ જાણી તોપણ તેમનું જોર દમંદત રાજા પાસે ચાલે તેમ ન હોતું, તેથી ગઢને રોકીને તેની અંદર બેસી રહ્યા. પણ બહાર નીકળ્યા નહિ ત્યારે દમદંત રાજાએ કહેવરાવ્યું કે તમે શીયાળ સરખા છો. જો તેમ ન હોય તો લડવા તૈયાર થાઓ. ધિક્કાર છે; તમને કે તમે મારી ગેરહાજરીમાં બાયલાની માફક દેશ લુંટયો. ખરા શુરવીર અને ક્ષત્રિય પુત્રો હો તો લડવાને તૈયાર થાઓ. આટલું સાંભળ્યા છતાં તેઓ અંદર ભરાઈ રહ્યા, તેથી દમદંત રાજા તેમના પર દયા લાવી પોતાની રાજધાનીમાં આવ્યો, અને આખરે સંસારની બાજી વીચીત્ર જાણી સંસાર સ્વાર્થથી ભરપુર છે, એમ સંસારને અસાર જાણી ધન, માલ, રાજ્યપાટ વિગેરે સર્વ સુખ છોડી દીક્ષા લીધી અને ત્યાંથી વિહાર કર્યો. એક દિવસ કેટલાંક વર્ષે ફરતા ફરતા હસ્તિનાપુર નગરે આવ્યા. તે નગરની બહાર એકાંતમાં મેરૂપર્વતની માફક સ્થિર

કાઉસ્સગ કરી ધ્યાનમાં ઉભા હતા. તે વખતે ગામમાંથી સ્વારીઓ નીકલવા લાગી. પ્રથમ પાંડવોની સ્વારી આવી તેમણે દમદંત રાજાને જોયા કે તરતજ હર્ષ પામ્યા, અને પાસે આવી વંદણા કરી સ્તુતિ કરી કે, હે ભગવાન્ ! ધન્ય છે, તમારા અવતારને કે તમે જન્મ જીવીતનું ફલ પામ્યા ! હે મહારાજ ! તમે રાજ્ય છોડી ઘોર પરાક્રમી ચારિત્ર અંગિકાર કર્યું છે, તે માટે તમને ધન્યવાદ ઘટે છે. તમે તો અવતાર સફલ કર્યો અને અમે તો પાપી સંસારની અંદર કામરૂપ કચરામાં લટપાઈ રહ્યા છીએ. આ પ્રમાણે વખાણ કરી પાંડવોની સ્વારી આગળ ચાલી. ત્યાર બાદ દુર્યોધનને ક્રોધ ઉત્પન્ન થયો, અને વિચાર્યું કે આ દુષ્ટે અમને શિયાળ કહીને બોલાવ્યા હતા, એમ વિચારી પોતાના હાથમાં જે કાંઇ હતું તે તેમના પર છુટું માર્યું અને પાછલથી તેના લશ્કરના માણસોએ પણ પત્થરો છુટા માર્યા. આ પ્રમાણે હજારો પત્થરોનો વરસાદ વરસવાથી તે નિર્દોષ મહાત્મા પત્થરની અંદર જ સમતા ભાવે દબાઈ ગયા, અને બીલકુલ ક્રોધ કર્યો નહિ, અને મનમાં વિચાર્યું કે જીવ પોતાનાજ કર્યા કર્મ ભોગવે છે, તેમાં કોઇનો દોષ નથી. આ પ્રમાણે ક્ષમાના સાગર પોતાના ધ્યાનમાંજ તલ્લાલીન રહ્યા. ત્યાર બાદ પાંડવોની સ્વારી પાછી આવી ત્યારે તેમણે મુનિને જોયા નહિ, અને ત્યાં પત્થરનો ઢગલો જોયો. ત્યારે પ્રધાનપુરૂષોને પુછયું કે આ ઠેકાણે મુનિ કાઉસ્સંગમાં હતા; તે ક્યાં ગયાં, અને આ જગ્યાએ પત્થર શાં માટે પડયા હશે ? ત્યારે લોકોએ કહ્યું કે મહારાજ એ પત્થરનો ઢગલો તો દુર્યોધનથી થયો છે. એવું સાંભલી તે વખતે પાંડવો એ દુર્યોધનને બોલાવ્યો, અને ઠબકો દીધો કે અરે મુર્ખ શત્રુને મિત્ર

ગણુતા, સમતાના સાગર દયાના અણુગાર, છતી શક્તિએ ત્યાગી એવા મુનિરાજ પર તેં અકાર્ય કર્યું, તેથી તું એક કુલમાં અંગારો પાક્યો. ધિક્કારછે તને ! જો તારામાં બલ હતું તો કિલ્લામાં શિયાળની માફક શા માટે ભરાઈ રહ્યો હતો ? માટે ફિટ પાપી આ પાપમાંથી તું ક્યારે છુટીશ ! એમ કહી તરતજ સર્વ પથ્થરો મુનિપરથી દુર કર્યા પછી તેલ મંગાવી મુનિને મર્દન કરાવી વંદણા નમસ્કાર કરી ખમાવ્યા કે હે પ્રભુ જે કાંઇ અમારો અપરાધ થયો હોય તે માફ કરી સેવકોને આભારી કરશો. એવી રીતે પાંડવોએ પૂજા કરી: દુર્યોધને પત્થરો માર્યા, તોપણ તે ક્ષમાના સાગર એવા પરમ પવિત્ર મહાત્માશ્રીએ બીલકુલ કોઈના પર લેશ માત્ર પણ ખુશી યા નાખુશી બતાવી નહોતી. ધન્ય છે તેવા પવિત્ર મુનિઓને !

વાંચનાર વર્ગ—આપણે તેમના અનુયાયિ યા તેમના સેવકો છીએ તો આપણે પણ તે મહાત્માશ્રીનું ઉદાહરણ લઇ આપણામાં ખરૂ જૈનત્વ પ્રગટાવી ક્ષમારૂપી શસ્ત્ર પહેરી રાગદ્વેષરૂપી શત્રુઓ સાથે લડાઈ કરી આત્માનો ઉદય કરવો જોઇએ. ઇતિ દમદંત મહર્ષિની કથા સંપુર્ણ.

સમતા કરે તે સાધુ. મહાત્મા અર્જુનમાલીની કથા ૨૨ મી.

રાજગૃહ નગરને વિષે અર્જુન નામે એક માલી રહેતો હતો. તેને સ્કંધશ્રી નામે પત્નિ હતી. અને તે ગામમાં એક યક્ષનું દહેરૂં હતું. એક દિવસ તે માલી પોતાની પત્નિ સહિત તે યક્ષની પુજા કરવા ગયો. તેવામાં ૭ લુચ્ચા માણસો કે જેઓ ઘણા નીચ કામ કરનારા હતા, તેઓ ત્યાં ગયા. તેવામાં તેમણે અર્જુનમાલીને તથા તેની પત્નિને દહેરામાં પુજા કરતાં દેખ્યા. જેવી નજર તે સ્વરૂપવંતી સ્ત્રીપર પડી કે તરતજ તે દુષ્ટોએ અર્જુનમાલીને મારી નાખવાનો વિચાર કર્યો, અને તે સ્ત્રીની સાથે ખરાબ દ્રષ્ટિથી કામ કરવા વિચાર્યું. આવો વિચાર કરીને પાછલથી ૭ પુરૂષોએ અર્જુનમાલીને દોરડાથી બાંધ્યો, અને ઉભો રાખ્યો, અને તેની સ્ત્રી સાથે કામભોગ સેવવા લાગ્યા. આ જોઇને અર્જુનમાલીએ વિચાર્યું કે જો મારી પુજાનું ફલ હોયતો યક્ષ આ વખતે મને મદદ કરો. તરતજ યક્ષ તેના પર પ્રસન્ન થઈ તેના શરીરમાં પેઠો અને દોરડાનાં બંધન તોડી નાખ્યાં. અને તરતજ સ્ત્રી, તથા ૭ પુરૂષોને મારી નાખ્યા. ત્યારથી તે યક્ષના લીધે તે રોજ ૭ પુરૂષ તથા એક સ્ત્રીને ગામમાં આવી મારી નાખે છે. આ પ્રમાણે તેણે હજારો માણસોની ઘાત કરી, તેથી લોકો ઘેરથી બહાર પણ નીકળતા નહિ. સર્વ ગામ તેનાથી ત્રાસ પામ્યું હતું. આખરે એક દીવસે શ્રી મહાવીર

સ્વામિ ગામની બહાર ઉતર્યા. આ વાતની ખબર ગામમાં પડી પણ અર્જુનમાલીના ભયથી કોઈ દર્શન કરવા જાય નહિ. એવામાં બારવ્રતધારી સુદર્શન નામે શેઠે નિશ્ચય કર્યો કે, ગમે તે થાઓ પણ મારે વીર પ્રભુનાં દર્શન કરવા જવું, એવું વિચારી પોતે નીકલ્યો. તરતજ ગામની બહાર જતાં અર્જુનમાલીને દુરથી દેખ્યો કે તરતજ સાગારી સંથારો કરી ધ્યાનમાં ઉભો રહ્યો. આ પ્રમાણે ધર્મમાં દ્રઢતા જોઇ અર્જુનમાલીના શરીરમાંથી યક્ષ નીકલી પોતાના સ્થાનકે ચાલ્યો ગયો. ત્યારે શેઠે સંથારો પાળ્યો, અને સર્વ પાછલી હકીકત અર્જુનમાલીને કહી સંભળાવી કે, હે ભુંડા, તેં તો હીંસા ઘણી કરી અને હવે તું કયી ગતિયે જઈશ. એ રીતે ઉપદેશ દઇતે શ્રી મહાવીર સ્વામિ પાસે લઈ ગયો ત્યાં પ્રભુજી પાસે ઉપદેશ સાંભલી વૈરાગ્ય પામી પાપનો પશ્ચાતાપ કરી દીક્ષા લીધી અને છઠ છઠ અઠમ અઠમ એવી ઉગ્ર તપશ્ચર્યા આદરી ગોચરી (આહાર લેવો) લેવા જાય ત્યાં કોઇપણ તેમને આંહાર પાણી આપે નહિ, અને ઉલટી ગાળો, તથા અપમાનાદિ અપશબ્દો કહી, પત્થરો, લાકડીઓ, મારી કહાડી મુકતા. આ પ્રમાણે એક ઘરથી બીજે ઘર આવી સખ્ત વેદના સહન કરતા કરતા વિચરે છે. લોકોનો સખ્ત પરીસહ લગભગ ૬ માસ સુધી સમતાપણે સહન કરી, તે મહાત્મા કેવલ જ્ઞાન, કેવલ દર્શન, પ્રાપ્ત કરી મોક્ષ નગરીએ પધાર્યા. ધન્ય છે તે મહાત્માની સમતાને, કે જેમણે હજારો મનુષ્યની ઘાતો કરી હતી, તે ઘાતોના બદલાંમાં છ માસ સુધી સમતા (સમભાવ) કરી મોક્ષે પધાર્યા. તો આશા છે કે વાંચનાર વર્ગ તે મહાત્માનો દાખલો લઈ તેમના જેવા સમતાના સાગર બની મોક્ષનો રસ્તો જલદી જલદી મેળવશે. ઇતિ શ્રી અર્જુનમાલિ મહાત્માની કથા સંપુર્ણ.

શિષ્ય પ્રત્યે મમત્વ ૨૩ મી.

સિદ્ધુવર્ધન નામે નગર છે ત્યાં પુષ્પભુતિ નામે આચાર્ય હતા. ત્યાં એક શ્રાવકનો પુત્ર હતો, કે જેનું નામ પુષ્પમિત્ર નામે હતું. આચાર્યના સમાગમથી તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેથી તેણે શ્રાવકનાં બારવ્રત વગેરે નિયમો લીધા; અને પોતાનો વિચાર બ્રહ્મચર્ય વ્રત પાલવાનો હતો, તોપણ માતપિતાએ જોરજુલમથી, યાને દુરાગ્રહથી તેને પરણાવ્યો. જે રાત્રે તે પરણ્યો, તેજ રાત્રે તે તથા તેનો મિત્ર બન્ને મુનિરાજનાં દર્શન કરવા માટે ગયા. ત્યારે તેના મિત્રે મુનિને મશ્કરીમાં કહ્યું કે, મહારાજ આ ભાઇને દીક્ષા લેવી છે, માટે દીક્ષા આપો. આચાર્ય પોતે એકલા હતા, અને વૃદ્ધાવસ્થા હતી. પ્રકૃતિના ગરમ હતા તેથી તેમનાથી મશ્કરી સહન થઈ શકી નહિ. એકદમ પુષ્પમિત્રનું માથુ પોતાના બે પગમાં ઘાલી તેજ રાત્રે લોચ કરી નાખ્યો. આ જોઇ તેનો મિત્ર પોતાના ઘેર નાસી ગયો. હવે સમતાના સાગર મહા વૈરાગી એવા પુષ્પમિત્રે તેજ વખતે દીક્ષા લીધી. હવે પુષ્પમિત્રે વિચાર્યું કે આ આચાર્યશ્રીએ મારા પર પરોપકાર કરેલ છે. પણ આજે જો અહીં રહીશું તો સવારે ગામમાં ખબર પડશે, માટે અત્રેથી વિહાર કરવો યોગ્ય છે, એવો. વિચાર કરી ગુરૂને કહ્યું. ગુરૂએ કહ્યું કે અંધારી રાત્રિ છે, માટે મારાથી ચાલી શકાશે નહિ. શિષ્યે કહ્યું કે—મહારાજ, આપ મારા ખભાપર બીરાજજો. હું ચાલીશ. ગુરૂએ તે પ્રમાણે કબુલ કર્યું. તેજ વખતે ત્યાંથી વિહાર કરવો શરૂ કર્યો. રાત્રિ

અંધારી છે, રસ્તો વિકટ, તથા અજાણ્યો છે. રસ્તામાં ખાડા, ખાબોચીયા આવે છે. જમીન ઉંચી નીચી છે. તેથી શિષ્ય ચાલે છે; પણ તેનો પગ બરોબર પડતો નથી, તેથી એક તરફથી ગુરૂ વૃદ્ધ છે, નિંદ્રાનો વખત થયેલ છે, તથા ઉંચા નીચા થાય છે, ખાડા આવવાથી ધક્કા વાગે છે. વળી પ્રકૃતિ તેજ છે; તેથી ગુરૂ તો શિષ્યને ગાળો દેતા જાય છે, અને વાળ વિનાના સુંવાળા મસ્તક પર રજોહરણની દાંડીનો માર ટણાક ટણાક એમ મારતા જાય છે, અને શિષ્ય સમતાનો સાગર હોવાથી સર્વ પરીસહ સહન કરે છે, અને પોતાની આત્માને ધિક્કાર આપે છે કે, હાય ધિક્કાર છે, મારી આત્માને કે આવા વૃદ્ધ ગુરૂને મારા નીમીત્તથી આટલું દુઃખ ભોગવવું પડે છે. વૃદ્ધાવસ્થામાં નિંદ્રા આવતી હશે, ધક્કા વાગતા હશે એ કેવળ મારોજ વાંકછે, મારા લીધેજ તે પરમ પવિત્ર મહાત્માને આ પ્રમાણે સહન કરવું પડે છે. એમ વિચાર કરતાં કરતાં ઉંચા અધ્યવસાય આવ્યા કે તરતજ કેવલ જ્ઞાન પ્રાપ્ત થયું, તોપણ ગુરૂને ખાંભે લઇને જાય છે. હવે કેવલ જ્ઞાન હોવાથી સર્વ રસ્તો દેખાય છે. તેથી ગુરૂને કંઈ પણ ઇજા થતી નથી. ત્યારે ગુરૂએ કહ્યું કે મુર્ખ પહેલાં આ પ્રમાણે ચાલ્યો હોત તો આટલો માર ખાવો પડત નહિ. આતો કાલજ એવોજ છે કે ચૌદમા રત્ન સિવાય સીધા તમે ચાલો તેમ નથી. આ પ્રમાણે ગુરૂ તેને શબ્દો કહે છે, તોપણ મહાન પુરૂપ આગળ ચાલે છે. પાછલથી આચાર્યે વિચાર કર્યો કે, રાત્રિ તો અંધારી છે, તો પણ આ બરોબર ચાલે છે, તેનું શું કારણ? કંઇ હોવું જોઇએ. ત્યારે શિષ્યને પુછ્યું કે, કે શું તને કંઈ જ્ઞાન થયું છે કે કેમ? શિષ્યે કહ્યું કે આપનો પ્રતાપ. એકદમ આચાર્ય નીચે ઉતરી

ગયા અને મારી માગી પાપનું પશ્ચાતાપ કરી આચાર્ય સદ્ગતિએ પહોંચ્યા, અને પુષ્પમિત્ર મોક્ષે પધાર્યા. ઇતિ કથા સંપુર્ણ.

વાંચનાર વર્ગ, સર્વ આધાર ભાવ તથા શુદ્ધ સમકિત પર રહેલ છે. પુષ્પમિત્ર ઋષિએ થોડાજ કલાકમાં કેવલ જ્ઞાન પ્રાપ્ત કર્યું; કેવલ મનના શુભ યોગથીજ આજકાલ જેમ સંસારીઓને પુત્રની ઇચ્છા છે તેમ નામધારી સાધુઓને શિષ્યોની ઇચ્છા છે, તો તે ત્યાગી નથી. પણ ત્યાગીનો વેષ પહેરી ઢોંગી એવા ભોગી છે. તેઓ ડબલ પાપ કર્મ ઉપાર્જે છે. શિષ્ય કંઇ ગુરૂને મોક્ષે પહોંચાડતો નથી, તોપણ શા માટે આજકાલ સંખ્યા વધારવા માટે પાત્ર જોયા સિવાય દીક્ષા આપવામાં આવતી હશે? તેનો વિચાર કરવાની આવશ્યકતા છે. જૈનોમાં આ સડો વિશેષ પેસતો જાય છે, તો તેને દુર કરવાની આવશ્યક્તા છે. દશવીકાલીક આચારાંગ અને ઉતરાધ્યન વગેરે સુત્રો વંચાવ્યા બાદ જો દીક્ષા સમજણુ શકિતમાં આપવામાં આવે તો તે આત્મા પોતાનો ઉદ્ધાર કરી શકે. માટે પ્રથમ સાધુપણાની ફરજો સમજાવી વર્ષે દહાડે સેંકડો સંસારીઓને ત્યાગી બનાવો, તેમાં મારી અનુમોદના છે.

ભોગિની ભોગિ પ્રત્યે ભક્તિ

કથા ૨૪ મી.

દ્વારીકા નામે નગરી છે. ત્યાં એક વખત નેમિનાથ પ્રભુ પધાર્યા હતા. કૃષ્ણ વગેરે તેમને વંદણા કરવા ગયા. વાખ્યાન બાદ કૃષ્ણે પુછ્યું, હે ભગવાન ! ચોમાસામાં વિહાર કેમ ન થાય ? પ્રભુ બોલ્યા કે હે કૃષ્ણ, ચોમાસામાં જીવની ઉત્પતી વિશેષ થાય છે, તેથી વિહાર કરવાથી તેમની હિંસા થાય, તેવા ભયથી વિહાર કરવાની મનાઈ છે. તે સાંભળી કૃષ્ણે પ્રતિજ્ઞા કરી કે, ચોમાસામાં હું કચેરી ભરીશ નહિ. જેથી સોલ હજાર રાજાઓ કચેરીમાં આવશે નહિ, જેથી તેટલું પાપ બચશે. સર્વ કોઈ રાજાઓ તો આવ્યા નહિ. કૃષ્ણનો ભક્ત વીરો નામે એક સાલવી હતો, તે રોજ દ્વારકામાં આવતો અને દરવાજાથી દરશન કરીને પાછો ચાલ્યો જતો હતો. પછી જયારે ચોમાસું પુરૂ થયું, ત્યારે વીરો આવ્યો. કૃષ્ણે પુછ્યું કે, તું આટલો દુબલો કેમ થઇ ગયો ? જવાબ આપ્યો કે આપનાં પ્રત્યક્ષ દર્શન કર્યા સિવાય, મારે જમવાના સોગન હતા, તેથી ચાર માસના મારે અપવાસ થયા છે. આ સાંભળી કૃષ્ણે તેને ચોમાસામાં દર્શન કરવા આવવાની રજા આપી.

હવે કૃષ્ણ મહારાજને એવી પ્રતિજ્ઞા હતી કે, પોતાની કન્યાને પરણાવવી નહિ. આખરે કૃષ્ણે સર્વને ઉપદેશ આપી બધી કન્યાઓને દીક્ષા આપી. આ પ્રમાણે કરી પુન્ય ઉપાર્જન કર્યું.

ફરી એક વખત નેમિનાથ પ્રભુ દ્વારકામાં અઢાર હજાર મુનિ સહિત પધાર્યા. કૃષ્ણે સર્વને વંદણા કરી પછી પ્રભુને કહ્યું કે પ્રભુ મેં ઘણી લડાઇઓ કરી પણ મને કદી થાક લાગ્યો ન હોતો, અને આજે મને થાક લાગ્યો. પ્રભુએ કહ્યું કે, હે કૃષ્ણ! એ તો તમારો થાક ઉતર્યો, કે તમે વંદણા કરવાથી સાતમી નરકના દરીયા તોડી ત્રીજી નરકના કર્યા અને તીર્થંકર ગોત્ર બાંધ્યું. તે સાંભલી કૃષ્ણ બોલ્યા ફરીથી વંદણા કરૂં તો બાંકી રહેલ ત્રણ નારકીના દરીયા તુટે ? પ્રભુએ કહ્યુ કે કૃષ્ણ તે ભાવ હવે નહિ આવે, ત્યારે કૃષ્ણે કહ્યું કે બીરાએ મારા દર્શન માટેજ ૪ માસના અપવાસ કર્યા, તો વીરાને શો લોભ થયો ? પ્રભુએ કહ્યું કે વીરાને કાયા કલેશ થયો, તે લાભ, અને તને સારૂં લાગ્યું, તે એ લાભ સિવાય બીજો લાભ થયો નથી. આ પ્રમાણે ખુલાસો કરીને કૃષ્ણ રાજધાનીમાં ગયા ઇતિ કથા સંપુર્ણ.

વાંચનાર વર્ગ, જે માણસો સંસારથી બદ્ધ છે, જે ગુરૂઓ કનક કામનિના ભોગી છે, તે ત્યાગી નથી, પણ ભોગી છે. તેમને પુજવાથી કંઇ પણ ફલ થતું નથી. જેમ, ઘી વગરનું ભોજન સ્વાદ તથા કૌવત આપતું નથી તેમ મહાન પુરૂષો કે જેઓ સંસારથી રહિત છે, તેમના સિવાય અન્યની પુજા કામ આવતી નથી. જે તમારા ગુરૂ હોય તે ગુરૂમાં અમુક દોષો જોવામાં આવે, અને તમે તેને ખરા ગુરૂ તરીકે માની ફલ માગશો, તો તેનું ફલ તમને નહિ મલી શકે. જેમ લીંબડીનું વૃક્ષ રાયણ જેવી મીઠાશ આપતું નથી તેમ સત્ય વસ્તુ સિવાય અન્ય કંઇ પણ ફાયદો આપી શકતું નથી. સત્ય વસ્તુથી ખોટી વસ્તુ વિશેષ ભપકાદાર હોય છે. જેમ પિચગોલ્ડ યા રોલ્ડ ગોલ્ડ તેમજ ઢોંગી પુરૂષો

મુખમેં રામ બગલમેં છુરી એવા ઘણા જોવામાં આવશે તો સત્ય વસ્તુની પરીક્ષા કરી તેને સેવજો, નહિતર તમારી સર્વ ભક્તિ નકામી જશે. શાક ભાજી ખરીદવા જતાં કેટલી જગ્યાએ પરીક્ષા કરો છો, ત્યારે ખરીદો છો ! તો સત્ય ગુરૂ સત્ય ધર્મને હૃદય મંદીરમાં સ્થાપવા પહેલાં તેની પુરતી તપાસ કરજો અને ત્યાર બાદ તેમને સ્થાપજો.

નવકાર મંત્ર કથા ૨૫ મી.

હસ્તિનાપુર નામે અતિ રમણીય એક નગરી છે. ત્યાં એક ન્યાયી રાજા રાજ્ય કરતો હતો. તે વખતે ગામની બહાર શોખને નીમીત્તે એક બંગલો બનાવવા તેણે વિચાર કર્યો, પણ તે જગ્યાએ કોઇ યક્ષનું સ્થાનક હતું તેથી સવારથી સાંજ સુધી સર્વ લોકો પાયો ચણે, અને રાત્રે પડી જાય. આ પ્રમાણે લગભગ ૭ દિવસ સુધી થયું, ત્યારે કારીગરોએ રાજ્ય સભામાં જઇને હસ્ત જોડી રાજાને કહ્યું કે. હે પૃથ્વીપતિ ! અમે પાયો ચણીએ છીએ અને રાત્રે કોઈ તોડી નાખે છે, આની તપાસ થવી જોઇએ. આખરે રાજાએ કોટવાલને ખબર આપી. કોટવાલ ચોરને પકડી શકયો નહિ, તેથી તેણે પણ રાજાને આ-જીજી કરી, આખરે રાજાએ પંડિતોને બોલાવ્યા તેમણે સલાહ આપી કે યજ્ઞ કરાવવો જોઇએ; અને તેની અંદર એક બાલકને હોમવો જોઇએ, ત્યારે કાર્યની સિદ્ધિ થશે. એમ વેદ તથા જ્યો-

તિષ શાસ્ત્ર કહે છે. રાજાએ તે વાત સત્ય માની અને નગરની અંદર ઢંઢેરો પીટાવ્યો, કે જે માણુસ પોતાના બાલકને યજ્ઞમાં હોમવા આપશે, તેને લાખ સોનામહોર આપીશ. આ વાત કોઇને પણ ગમી નહિ. આખરે એક દુઃખી ગરીબ નિર્ધન બ્રાહ્મણ અને બ્રાહ્મણી હતાં, તેમને ૪ પુત્રો હતા. હવે બ્રાહ્મણીએ વિચાર કર્યો કે ચાલ આ નાના છોકરાને યજ્ઞ માટે રાજાજીને આપું, તો હું ધનવાન થઇ સુખે દિવસ ચલાવું એમ વિચાર કર્યા બાદ રાજાને જાહેર કર્યું કે મારો પુત્ર આપવા હું ખુશી છું. આ વાતની જેવી બાલકને ખબર પડી કે તરતજ તે બાલક મુર્છા પામ્યો. પછી સ્વસ્થ થઇને માતાને પગે લાગ્યો, અને કહેવા લાગ્યો કે હે જનની ! હે માતા ! હે દેવી ! હે કૃપાલુ ! આપે મને જન્મ આપેલ છે; તો આપ મને બચાવો, આપના સિવાય બીજો કોણ મને બચાવશે. છોરૂ કછોરૂ થાય, પણ માતા કુમાતા ન થાય, તો મારો અપરાધ ક્ષમા કરો, અને જીવીતદાન આપો. માતા બોલી કે દુષ્ટ, ચંડાલ, નીચ, ધિક્કાર છે, તને કે જયારથી તારો જન્મ થયો છે, ત્યારથી મારા ઘરમાં ખાવા અન્ન પણ રહ્યું નથી. ગર્ભમાં પણ તેં મને ઘણી સતાવેલ છે, જા તારૂં કાળું મેં કર. અહા કુદ્રત ! વિધાતા કર્મની વિચીત્રતા સ્વાર્થ માટે માતા શું નથી કરતી, સંસાર કેવલ સ્વાર્થથી રકત છે, સ્વાર્થની માયા છે, આવાં માતાનાં વજ્ર સરખાં વચન સાંભલી તે નિરાધાર હિંમત લાવી પિતા પાસે ગયો; અને કહેવા લાગ્યો કે હે પરમ પુજ્ય પિતાશ્રી, પુત્રપર પિતાનો પ્રેમ વિશેષ હોય છે, તો આપ મને બચાવો. પિતાએ રોતે અવાજે કહ્યું કે હે ભાઇ, હું શું કરૂં, આ બાબતમાં મારૂં કંઇ પણ ચાલે તેમ નથી, કેવલ તારી માતાનેજ

આજીજી કર. આ પ્રમાણે પીતા પણ છુટી ગયો. આખરે કાકા પાસે ગયો, તેમણે જવાબ આપ્યો કે ભાઈ જ્યારે તારા માતપિતા તને બચાવી શકતા નથી, તો હું તને કેવી રીતે બચાવી શકું. આખરે બેન, બનેવી, ભાઈ, ભાભી, મામા, મામી, વગેરે સર્વ કુટુંબના માણુસો પાસે ગયો, પણ કોઇ પણ તેને બચાવવા સમર્થ થઇ શકયું નહિ. " વાંચનાર વર્ગ દીલગીર થશો નહિ આતો સંસારની અસારતાજ છે." સર્વ સ્વાર્થનાં સગાં છે; હવે યજ્ઞનો વખત પુર્ણ થવા આવ્યો છે, તેવામાં યમદુત "સરખાજ સિપાઇઓનું આગમન થયું. બાલક બીચારો તેમને જોતાની સાથેજ જમીનપર પડી ગયો. આખરે જેમ કસાઇ ગાયને ખેંચી જાય છે, તેમ સિપાઈઓ તેને ખેંચી ગયા. રસ્તામાં રોતો જાય છે, અને બુમો પાડતો જાય છે, કે હે અશરણના શરણ ! અનાથના નાથ ! આ બાલકને બચાવો. તેવામાં તે નગર શેઠ કે જેઓ જૈન હતા તેમની દુકાને આવ્યો. શેઠને પ્રાર્થના કરી કે, હે શેઠ સાહેબ, હે દયાલુ, આપ મને બચાવો. શેઠે જવાબ આપ્યો કે, હે વ્હાલા બાલક, હું તને ખરીદવા માટે તૈયારછું, પણ જો રાજા આ વાત જાણે તો મારા કુલનો નાશ કરી નાંખ. માટે ભાઈ હું તો દીલગીરછું. આગળ ચાલતાં જૈન મુનિનો ઉપાશ્રય આવ્યો, મુનિને કહ્યું કે હે પ્રભુ, આપ મને બચાવો. જવાબ આપ્યો કે, હે બાલક, અમે અમારી પાસે એક પાઇ પણ રાખતા નથી, સામાન્ય હલકાં કપડાં રાખીએ છીએ, અને ભીક્ષા માગીને પેટને ભાડુ આપીએ છીએ, માટે ભાઇ અમે તો દીલગીર છીએ. તોપણ તેણે કહ્યું કે, મહારાજ આપ જો બચાવો તો આપનો શિષ્ય થાઉ; મુનિએ જવાબ આપ્યો કે, હે બાલક

મારામાં કંઈ પણ શક્તિ નથી. તોપણ લે આ કાગળપર તને નવકાર મંત્ર લખી આપુછું. તે તું વાંચજે જેથી તારી સારી ગતિ થશે. બાલક તે પર વિશ્વાસ રાખી વાંચતો વાંચતો જાય છે, તેવામાં ૧૦૦ હાથ ઉંડો, ૧૦૦ હાથ પહોળો, અને ૧૦૦ હાથ લાંબો, યજ્ઞ જોવામાં આવ્યો. જેની આસપાસ હજારો બ્રાહ્મણો વેદ ભણતા જાય છે, અને પાણીની માફક ઘી હોમતા જાય છે, આ પ્રમાણે યજ્ઞનું કામ થઇ રહ્યું છે. આસપાસ રાજાના માણસો, પ્રધાન, વગેરે આસનોપર બેઠેલા છે, તેવામાં બાલકને હોમવાની તૈયારી થતી હતી, તેવે વખતે રાજા પણ આવી પહોંચ્યો. હવે સર્વ સભા ચીકાર થએલ જાણીને વેદનો આચાર્ય એવો બ્રાહ્મણ ઉઠયો, અને બાલકને કોળાની માફક પકડી; યજ્ઞમાં હોમવા માટે જેવો જાય છે, કે તરતજ બાલક **નમો અરિહંતાણં** શબ્દ કહી, તેમાં પડયો, કે તરતજ ઉપરથી દેવતાઓનું આસન ચલાયમાન થયું. જેથી તેમણે સર્વત્ર યજ્ઞમાં પાણી ભરી દીધું, અને ઉપર સિંહાસન રચી બાલકને બેસાડયો; અને સર્વ બ્રાહ્મણોને નીચે પાડી, મોંમાંથી લોહી વહેતા, નાકમાંથી કાનમાંથી પરૂની નદીઓ વહેતી, આંખો તો જાણે ફુલની માફક ફાટી ગએલી, હાથ :પગ તો જાણે મડદા સમાન થઇ ગએલા, તેમ નીચે એકદમ સ્થિતી કરી નાખી. આ બનાવ રાજા તથા પ્રધાન જોઇને આશ્ચર્ય પામ્યા. રાજા તે બાલકને આવી પગે લાગ્યો, અને કહેવા લાગ્યો કે, હે મહાન પુરૂષ, મારો અપધાર ક્ષમા કર, અને મને શીક્ષા કર, અને આ પાંચ હજાર બ્રાહ્મણોને જીવીત દાન આપ. બાલકે તરતજ પાણી છાંટયું, કે તરતજ પાંચ હજાર બ્રાહ્મણો આળસ મરડી ઉભા થયા. સર્વે તેને પગે લાગ્યા. પછી રાજા પ્રધાન અને બ્રાહ્મણો

તેના ગુણ કરવા લાગ્યા. બાલકે કહ્યું કે ભાઇઓ મારામાં કંઈપણ નથી, માત્ર જૈન મુનિએ મને નવકાર મંત્ર આપેલ હતો, તેથી આ પ્રમાણે થયેલ છે. આખરે સર્વ કોઇએ જૈન ધર્મ આરાધ્યો, અને તે બ્રાહ્મણ પુત્રે દીક્ષા લીધી. ગુરૂજીને કહ્યું કે, હે તરણ તારણ ફરી સંસારમાં જન્મ ન લેવો પડે, તેવો રસ્તો મને બતાવો, ત્યારે તેમણે કહ્યું કે, હે શિષ્ય ! તું :અહીંથી સ્મશાન ભુમિમાં જા, અને ત્યાં ધ્યાન ધર. તે પ્રમાણે તે મહાત્મા ઉભા છે, તેવે વખતે તે બ્રાહ્મણીને ખબર પડી કે, મારો પુત્ર જીવતો રહેલ છે, તેથી રાજા ધન પાછું લઈ જશે. માટે ચાલ હવે તે જ્યાં હોય ત્યાં જઈ તેને મારી નાખું, એમ વિચારી હાથમાં છરી લઈ મહાત્માને શોધતી શોધતી આવી. મહાત્મા ધ્યાનમાં ઉભા છે, કે તરતજ આ દુષ્ટાએ તેમને નીચે જમીનપર સુવાડી ઘણાજ અપમાન શબ્દો કહી, મહાત્માના ગળામાં છરી મારી, કે તરતજ મહાત્મા ધર્મ ધ્યાનનો વિચાર કરતા કરતા, કેવલ જ્ઞાન પામી મોક્ષે પધાર્યા; અને ઉપરથી દેવ દુદુંભી થઇ, દેવતાઓએ તેમની ક્રિયા કરી. હવે તે સ્ત્રી ત્યાંથી મરીને ૬ ઠી નારકીને વિષે ઉપજી, અનંતી વેદના સહન કરેછે અને અનંતા ભવ રખડશે. ઇતિ નવકાર મંત્રની કથા સંપુર્ણ. વાંચનાર વર્ગ—સંસાર કેવલ સ્વાર્થથી ભરપુર છે. માત, પિતા, વગેરે આત્માના વૈરી સમાન સ્વાર્થિ છે; જે માતપિતા પોતાના બાલકને ધાર્મિક શીક્ષણ આપી, તેમને રસ્તો બતાવે છે, તેજ પરમ પવિત્ર માત પિતા છે. મૃગાપુત્રે જ્યારે માતા પાસે દીક્ષાની રજા માગી, ત્યારે તેમણે તેને કહ્યું કે, હે પુત્ર, હવે તું મારી માફક બીજી માતાને રોવરાવીશ નહિ. હે પુત્ર, જા, તું એવું કાર્ય કર જેથી તારે ફરીથી સંસારમાં આ-

વવું ન પડે, તેવી તેમણે આશિષ આપી હતી. તેજ માતાપિતા છે. આજ કાલ તો કેવલ સ્વાર્થનાંજ સર્વ સગાં છે. વાંચનાર વર્ગ—નવકાર મંત્રપર શ્રદ્ધા રાખવાથી, અગ્નિને બદલે શીતલતા થઇ, અને સિંહાસન મલ્યું. તેવો પરમ પવિત્ર નવકાર મંત્ર છે, જે દરેક કાર્ય સિદ્ધ કરી શકે છે. તો તેપર પરમ શ્રદ્ધા રાખી, જે ઉદય કરવા માગશો તે થઇ શકશે. આજકાલ અંધકારમય વાવટાઓ ફરકી રહ્યા છે, કે જૈનો પોતાના દેવને મુકી ભેરૂ-ભવાની વગેરે દેવોની માન્યતા કરે છે, તે કેવલ તેમનામાં મિથ્યા-ત્વનો ઉદય છે. આશા છે કે નવકાર મંત્રપર શ્રદ્ધા રાખી, આત્મિક ઉદય પ્રાપ્ત કરી જૈનધર્મમાં શ્રદ્ધાવાન બનશો.

પાંચ ઈન્દ્રિયની લોલુપતા ઉપર વાર્તા

૨૬ થી ૩૦.

શ્રોતેંદ્રિય—કાનને વિશેષ ગાયનાદિ સાંભલવાની ટેવ પાડવી તે. બ્રહ્મ સ્થલ નામે નગર છે, ત્યાં ભુવનચંદ્ર નામે રાજા હતો. તેને રામ નામે પુત્ર હતો. એક દિવસ રાજાએ પ્રધાનને પુછયું કે, પુત્રને રાજ્ય ગાદી આપી શું? ત્યારે પ્રધાને કહ્યું કે તે યોગ્ય નથી. રાજાએ કહ્યું કે તેમાં શો દોષ છે? ત્યારે પ્રધાને કહ્યું કે, તેને ગાયન સાંભળવાનો બહુ શોખ છે. આ સાંભળી રાજા હસીને બોલ્યો કે, પ્રધાન તમારી ચતુરાઇ મેં જાણી, એમાં તે શો દોષ હતો,

તે તો ગુણ કહેવાય. ત્યારે પ્રધાને રાજાને ઘણો સમજાવ્યો, પણ તે સમજ્યો નહિ. આખરે રાજય ગાદી આપી. હવે રાજ્યમાં બરોબર લક્ષ આપતો નથી, અને ગાનતાનમાં આસક્ત થઇ રહે છે, તેવામાં એક વેશ્યા ત્યાં આવી, તેના પર તે આસક્ત થયો, અને અનાચર સેવવા લાગ્યો. આખરે રાજ્યના અધિકારીઓએ તે બંન્નેને કહાડી મુકયા. અને નાના કુમારને રાજ્ય આપ્યું. વનમાં ભમતાં ભમતાં તે મરણ પામ્યો, અને તેજ વનમાં હરણના જીવપણે ઉત્પન્ન થયો. ત્યાં આગળ મોરલીમાં આસક્ત થયેલ જોઇને પાછળથી પારધીએ પકડયો, અને મારી નાખ્યો. ત્યાંથી મરીને એક બ્રાહ્મણના ત્યાં પુત્ર પણે ઉત્પન્ન થયો, અને રાજ્ય સભામાં નોકર રહ્યો. બપોરે બહાર ગામથી વેશ્યાઓ આવી: રાજા તથા તે બન્ને ગાયન સાંભળે છે, તેવામાં રાજાને ઉંઘ આવી, અને કહ્યું કે, હવે ગાયન બંધ કરો. આ પ્રમાણે કહી રાજા નિદ્રાવશ થયો. પાછલથી બ્રાહ્મણના પુત્રે ગાયન શરૂ કરાવ્યું, તેથી રાજાની નિંદ્રામાં હરકત થવાથી એક દમ જાગ્યો, અને હુકમ કર્યો કે, આ દુષ્ટે મારી આજ્ઞા માની નહિ, માટે તેના કાનમાં ઉનું ઉકળતું તેલ કરી રેડો, તે પ્રમાણે રેડવામાં આવ્યું. આખરે તે મરણ પામ્યો; પાછલથી રાજા પશ્ચાતાપ કરવા લાગ્યો; તેવામાં કેવલી ભગવાન પધાર્યા, તેમને વંદણા કરી, તે બ્રાહ્મણ માટે વાત પુછી, ત્યારે ભગવાને રામના ભવથી તે અત્યાર સુધી વાત કહી સંભળાવી. આ સાંભળી રાજા વૈરાગ્ય પામ્યો; અને તરતજ દીક્ષા લીધી, અને તે રાજા મોક્ષે પધાર્યા. (રાજાનું નામ મહાબલ રાજા હતું) ઇતિ કથા સંપુર્ણ.

ચક્ષુ ઇંદ્રિયઃ——આંખને સ્ત્રીયાદીનાં રૂપ જોવાની ટેવ પાડવી તે. વિજયપુર નામે નગરમાં વિશ્વંભર રાજા રાજ્ય કરતો હતો. તેને એક પ્રધાન હતો, અને ગામમાં યશોધર નામે નગર શેઠ હતો. રાજા પ્રધાન અને શેઠ એ ત્રણને ઘણીજ પ્રીતી હતી. અને ત્રણેને એકેક પુત્ર હતો. એક દિવસ પ્રધાને શેઠને કહ્યું કે તમારો પુત્ર સારો નથી; રાજ્ય મહેલમાં આવતી વખતે રાજાના અંતઃપુરમાં દ્રષ્ટિ ફેંકે છે, તથા રસ્તામાં સ્ત્રીઓને એકી નજરે જોઈ રહે છે, માટે તેને ભવિષ્યમાં બહુ દુઃખ પડશે. શેઠે તેની વાત માની પુત્રને શીખામણ આપી, પણ તેણે વાત કબુલ કરી નહિ. અને પોતાની ટેવ વિશેષ વધારતો ગયો. જ્યારે ગામમાં સર્વ લોકોને ખબર પડી, ત્યારે રાજાએ તેને દેશ નીકાલ કર્યો. ત્યાંથી ફરતો ફરતો બીજા રાજ્યમાં ગયો, ત્યાં પણ પોતાની ટેવ મુકે નહિ, આખરે કોટવાળને શંકા પડવાથી તેને પકડયો, અને રાજાને વાત કહી. રાજાએ તેને મારી નાખવાનો હુકમ કર્યો. મરીને તે પંતીગીઉ થયો. ત્યાં પણ દીવાની અંદર મરણ પામ્યો એ પ્રમાણે ઘણા ભવો કરી અનંત સંસારનું દુઃખ સહન કરશે. ઇતિ સંપુર્ણ.

———

ઘ્રાણેંદ્રિય—નાકને વિશેષ સુંઘવાની ટેવ પાડવી. પદ્મખંડ નામે નગર છે. ત્યાં પ્રજા પતિ રાજાનો ગંધ પ્રિય પુત્ર હતો. તે જે જે સુગંધી વસ્તુ દેખે, તેને સુંઘતો, અને રોજ જુદી જુદી જાતનાં અત્તર, તેલ, ફુલ વગેરેથી શરીરે મર્દન કરાવતો, સુતી વખતે પલંગ પર ગુલાબનાં મણમણ ફુલ પાથરી તે પર સુઈ જતો હતો. એક દીવસ નાવમાં બેસી પોતે નદીમાં રમવા

જતો હતો, તેવો લાગ સાધીને તેની ઓરમાણુ માતાએ એક સરસ મખમલથી ભરેલી પેટી લીધી અને અંદર સરસ સીસીઓ લઇ તેમાં વિષ ભરી નોકર પાસે નદીમાં તરતી મુકાવી, પવન જે વેગનો હતો, ત્યાં તે નાવ જતું હતું, તેવામાં પવનના જોસથી તે પેટી પણ ત્યાં આવી. આખરે તેણે પેટી ખોલી, અને ખુશી થયો કે, અહી મને નદીમાં પણ સુગંધી સુંઘવા માટે દેવતાઓએ મોકલી, અહો કેટલો હું પુણ્ય શાળી છું, એમ વિચાર કરી એક પછી એક એમ શીશીઓ ખોલતો જાય છે, અને આનંદ માનતો જાયછે. હવે સર્વ શીશીઓ જોઇ રહ્યા બાદ સારામાં સારી દેખાવની શીશી ખોલી; શરીરે મર્દન કર્યું કે તરતજ હલાહલ વિષ ઉત્પન્ન થયું," અને તરતજ તેજ વખતે મરણ પામ્યો. અને ત્યાંથી મરીને ભમરો થયો. ઇતિ સંપુર્ણ.

—◆—

રસેંદ્રિય—જીભને સ્વાદ ચાખવાની વિશેષ ટેવ પાડવી તે. સિદ્ધાર્થપુર નગર છે ત્યાં વિમલ શેઠને મધુપ્રિય નામે પુત્ર હતો. તીખા, તમતમા, ખારા, ખાટા, મોળા, મધુરા, કસાયલા વગેરે વગેરે નવા નવા રસનાં ભોજન જમતો હતો. રોજે નવીન નવીન રસોઈ જમે છે, ખાવાના લીધે વ્યાપાર પણ કરતો નથી. એક દિવસ તેણે વિચાર્યું કે મેં સર્વ રસો ચાખ્યા, પણ મારા કુલે વર્જેલું જે દારૂ માંસ છે તેનો રસ મેં ચાખ્યો નથી, માટે તે રસ કોઇપણ રીતે ચાખવો, એમ વિચાર કરી માંસ ખાવા લાગ્યો. પિતાને ખબર પડવાથી પિતાએ સમજાવ્યો, પણ તે સમજ્યો નહિ, તેથી તેને પોતાના ઘરમાથી કહાડી મુકયો. ત્યાંથી તે બીજા ગામમાં જતો રહ્યો, અને એક ગુફામાં રહેવા લાગ્યો, રામે ગા-

મના એક બાલકને ગુફામાં ઉપાડી જાય, અને ત્યાં તેને મારી નાખે અને વિધિ પ્રમાણે રાંધી ખાવા લાગ્યો. આ પ્રમાણે કેટલોક સમય ગયા બાદ, ગામમાં ખબર પડી; કોટવાળે તપાસ કરી આખરે તેને પકડયો, અને તેને ફાંસીએ લટકાવ્યો. ત્યાં તે મહા દુઃખ સહન કરી મરીને નારકીમાં ગયો ત્યાંથી મરીને અનંતા દુઃખ સહન કરશે ઇતિ સંપુર્ણ.

સ્પર્શેન્દ્રિય—વિષય વિકારમાં આસક્ત રહેવું. વિશ્વપુર નગરની અંદર ધરણેંદ્ર નામે રાજા હતો. તેને મહેંદ્ર દત્ત નામે પુત્ર હતો. ત્યાં મદન નામે શેઠનો પુત્ર રાજ પુત્રને મિત્ર હતો. એક દીવસ શેઠના પુત્રે રાજાના પુત્રનો જમવા માટે આમંત્રણ આપ્યું, ત્યાં તે આવ્યો, અને મદનની સ્ત્રીને જોઇને આશ્ચર્ય પામ્યો. આખરે મિત્રતા વિશેષ હોઈ, રાજકુમાર તથા મદનની સ્ત્રી અરસ્પરસ પાન બીડાં હાથમાં આપતાં, તેથી શરીરનો સ્પર્શ થતો આખરે રાજકુંવરની બુદ્ધિ ભ્રષ્ટ થઇ, અને ગુપ્તપણે વિષય સેવવા લાગ્યો. એક દીવસ રાજકુમારે મદનની સ્ત્રીને રાત્રિએ પોતાનાં મકાનમાં બોલાવવા માટે રાજપુરૂષોને મોકલ્યા; ત્યારે સ્ત્રીએ જવાબ આપ્યો કે, જ્યાં સુધી મારા પતિ છે, ત્યાં સુધી હું આવી શકુ નહિ. તેથી કુમારે મદનને મારી નાખવાનો વિચાર કર્યો. અને મારી નાખવા માટે દુતોને મોકલ્યા. એવામાં કોટવાળને કુમારની દાસીએ ખબર આપી કે તરતજ કોટવાળ ત્યાં ગયો, અને સર્વને બાંધીને રાજાની પાંસે લાવ્યો. આખરે સર્વ વાત રાજા પાસે પ્રગટ થઈ રાજાએ રાજકુમારને નગર બહાર કહાડયો, રાજાએ નાના પુત્રને રાજ્ય આપ્યું અને સંસારની અસારતા

જાણી દીક્ષા લઇ મોક્ષે પધાર્યા. મદને પણ દીક્ષા લીધી અને મરીને દેવતા થયો. આખરે રાજકુમાર અને મદનની સ્ત્રી વનમાં ફરતાં ફરતાં જાય છે, તેવામાં તેમને ચોરો મલ્યા; ચોરોએ તેમને પકડી કસાઇને ત્યાં વેચ્યા. કસાઈ તે બંન્નેનું માથું મુંડાવી પગ ઉંચે અને માથુ નીચે એમ માથામાં ખીલા મારી રોજ તેમનું શેર શેર લોહી કહાડે છે, અને વેચે છે. આ પ્રમાણે એક મહિના સુધી સખ્ત વેદના પામી બંન્ને મરીને નરકે ગયાં, ત્યાં અનંતા દુખ ભોગવશે; ઇતિ કથા સંપુર્ણ.

સાર.

વાંચનાર વર્ગ આ પરથી તમે સમજ્યા હશો કે, તે બીચારાઓએ માત્ર પોતાની એકેક ઇંદ્રિને છુટ આપી હતી તો તેમને નરક ગતિ ભોગવવી પડી હતી; અને વર્તમાનમાં પણ સાપ, હરણ વગેરે ગાયનને (મોરલી) વશ થવાથી મરણ પામે છે. પતંગીયાં, પુદ્દાં વગેરે દીવાને જોઇને તેમાં બળીને ભસ્મ થઇ જાય છે. ભમરા; મધમાખી વગેરે સુર્ય મુખી ફુલ બંધ થવાથી ગુંગળાઇને મરણ પામે છે. માછલી બીચારી ભુખે મરતી કણેક ખાવા માટે જાય છે, કે તરતજ ટાંકણીમાં તેનું ગળુ ભરાય છે, અને મરણ પામે છે. સ્પર્શેન્દ્રિય હાથી જેવું મહાન મદોનમત પ્રાણી કે જે કાગળની હાથણીને જોઇને તેના પર તલપ મારવા માટે જેવો દોડે છે. કે તરતજ આગળથી પારધીએ કરી રાખેલ ઘાસથી ઢંકાએલ ખાડામાં પડી માર સહન કરી મરણ પામે છે; આ પામર મનુષ્ય જેવી શક્તિહીન પ્રાણીના પંજામાં સપડાઇ જાય

છે. જે હાથી સેંકડો માણસોથી ન પકડી શકાય તે હાથી એક નિર્માલ્ય પ્રાણી તેને મોહમાં નાખી પકડી શકે છે. પાંચ ઇન્દ્રિયો તે આત્માના પાંચ શત્રુ સમાન છે. ઉપરનાં અજ્ઞાન પ્રાણીઓએ પોતાની એકેક ઈંદ્રિ છુટી મુકી, તો તે સર્વ બીચારાં મરણ પામ્યા. તો વાંચનાર વર્ગ તમારા માંહેના કેટલાક કે જેઓ પાંચે ઇન્દ્રિયને છુટી મુકે છે, તેની શી દશા થવાની, તેનો જરાક એકાંતમાં વિચાર કરશો. તે બીચારા એક ભવમાં મરણ પામ્યા, પણ જે માણસ પાંચ ઇન્દ્રિયોને છુટ આપે છે, તેને અનંતા ભવ સુધી તેવા ભવો કરવા પડશે. જે માણસ ઇન્દ્રિયમાં આસક્ત છે, તે અન્ય ભવે વિશેષ આસક્ત બની વિશેષ દુઃખ સહન કરે છે. માટે જેમ બને તેમ ઇન્દ્રિયોને કાબુમાં રાખવી જોઇએ. એક માણસ દુધપાક પુરીનું જમણ જમે છે, અને એક માણસ સુકો રોટલો અને છાસનું ભોજન જમે છે, તોપણ અંતે સવારમાં બન્નેની તેવીજ વિષ્ટા બને છે. એક માણસ સોનાના પ્યાલાની અંદર પાણી પીવે છે તોપણ શું; અને એક માણસ લોઢાના પ્યાલાની અંદર પાણી પીવે છે તોપણ શું! અંતે બંન્નેને પાણીનો સ્વાદ સરખોજ આવવાનો. (વિષય ભોગ રૂપવંત સ્ત્રી યા રૂપ વગરની સ્ત્રી) એક માણસ અત્તરવાલાની દુકાને નોકર છે, અને એક માણસ ચંડાળને ત્યાં નોકર છે; તોપણ બંન્નેના નાકમાંથી તેવોજ મેલ નીકલવાનો. આ પ્રમાણે વૈરાગ્ય આણી ઇન્દ્રિયોને વશ કરવાની આવશ્યકતા છે.

નિર્ધનની ઉદારતા વિષે કથા ૩૧ મી.

ભરતખંડની અંદર હસ્તિનાપુર નામે નગર છે. ત્યાં વિદ્યાચંદ્ર નામે શેઠ વસતો હતો. તેને કુશલમતિ નામે પત્નિ હતી. અને તેને બે ચાકર હતા. એક દિવસ શેઠ ધર્મસ્થાનકે ગયો અને સાથે પોતાના બે ચાકરને પણ લઇ ગયો. ત્યાં ધર્મ સ્થાનકની અંદર ધર્માદા પેટી હતી તેથી શેઠે યથાશક્તિ પૈસા નાખ્યા. નોકરને પૈસા આપવા લાગ્યો, ત્યારે તેમણે ના પાડી કે તમારા પૈસા અમે ધર્માદામાં નાખીએ તેનું ફલ તમને થાય, અમને ન થાય એમ વિચાર કરી પોતાની પાસે પાંચ કોડી હતી તે તેમાં નાખી; બીજા પાસે કંઇ પણ નહોતું તેથી તેણે અપવાસ કર્યો, અને ઘેર જઇને શેઠાણી પાસેથી ખાવાનું લીધું, અને બારણા આગળ બેસીને વિચાર કરવા લાગ્યો કે, જો મહારાજ પધારે તો મારા ભાગનું અનાજ વહોરાવું. તેવામાં મુનિ પધાર્યા, અને પોતાના ઇરાદા પ્રમાણે અનાજ વહોરાવ્યું. કેટલોક કાલ ગયા બાદ બન્ને ભાઇ સ્વર્ગવાસ પામ્યા. અને ત્યાંથી મરીને નવ માસના આંતરે બન્ને ભાઇ એક રાજાને ત્યાં જનમ્યા. મોટાનું અમરસેન નામ પાડ્યું, અને નાનાનું નામ વીરસેન પાડ્યું. કુમારો મોટા થાય છે અને આનંદમાં મોજ શોખ કરતા ફરે છે, તે જોઈને તેની ઓરમાણ માતાને દ્વેષ ઉત્પન્ન થયો, અને રીસાઈ ને બેઠી. રાજા આવ્યા ત્યારે બોલી કે તમારા બાલકોએ મારાપર બલાત્કાર કર્યો. તે સાંભલી રાજા ક્રોધમાં ભરાયો, અને

ચંડાળને હુકમ કર્યો કે તે દુષ્ટ કુમારોનાં માથાં કાપી લાવ, આ સાંભળી ચંડાળે વિચાર્યું કે રાજાની બુદ્ધિ ભ્રષ્ટ થએલ છે, તો તે કુમારોને મારવા નહિ. અને તેમને ખાનગીમાં જઈ કહ્યું કે, હે કુમારો તમે ચાલ્યા જાઓ, નહિતર તમારાં માથાં કાપી લેવામાં આવશે. કુમારોએ કહ્યું કે ઘણી ખુશીથી માથાં કાપો, ત્યારે ચંડાલે તેમને કહ્યું કે આપ અહીંથી વિદાય થાઓ; રાજાને હું સમજાવીશ. પછી કુમારો ત્યાંથી વિદાય થયા,. અને ચંડાળે ચીતારાને કુમારોનાં માટીનાં બે મસ્તક ચીતરવાનો ઓર્ડર આપ્યો. તરત તે પ્રમાણે તૈયાર થયાં, એટલે સાંજરે જઇને રાજાને દુરથી બતાવ્યાં. રાજા રાણી હર્ષ પામ્યાં અને તેને ઇનામ આપ્યું.

રાજાએ કહ્યું કે માથાંને સંતાડી રાખ. ચંડાલે તે પ્રમાણે કર્યું, બન્ને ભાઇ સખ્ત ગરમીમાં જાય છે, તેવામાં એક ઘોર વનમાં જઈ પહોંચ્યા; ત્યાં એક વડના ઝાડ નીચે બેઠા. એવામાં નાના ભાઇએ મોટાભાઈને પુછ્યું કે, આ પ્રમાણે થવાનું કારણ તમે જાણોછો ? ત્યારે તેણે ના પાડી. ત્યારે ખુલાસો કર્યો કે આ સર્વ કામ શોકય માતાનાં છે. આખરે બન્ને ભાઇએ તે માતાપર ગુસ્સો ન કરતાં મનમાં વિચાર્યું કે જે થાય છે તે સારા માટે થાય છે, અને આની અંદર માતાનો પરમ ઉપકાર છે. આ પ્રમાણે બન્ને ભાઇઓ વાતો કરે છે, તેવામાં ઉપરથી પોપટ અને મેંનાં બોલ્યો કે, આ ઝાડ નીચે અભ્યાગત આવ્યા છે, માટે તેમની આપણે કંઇ સારવાર કરવી જોઇએ; પછી પોપટે ખુલાસો કર્યો કે સામેના વનની અંદર આંબાના ઝાડ નીચે બે જડી બુટીઓ પડેલ છે, તેમાંથી એકનો ગુણ એવો છે કે, જે પાસે રાખે તેને સાત દીવસમાં રાજ્ય મલે; અને બીજીનો ગુણ

એવો છે કે જે પાસે રાખે તેને ૫૦૦ સોના મહોરો મલે. આ પ્રમાણે વાત સાંભલવાથી બંન્ને કુમારો ત્યાં ગયા, અને જડી બુટીઓ લીધી અને ત્યાંથી વિહાર કરવા લાગ્યા. વિહાર કરતાં કરતાં સાતમે દીવસે એક મોટા નગરની અંદર આવી પહોંચ્યા, અને ગામની બહાર રહ્યા. તેવામાં ભાવિ પ્રબલ છે; તો પ્રાતઃ-સમયે અપુત્રિયો રાજા મરણ પામ્યો, તેથી રાજ્ય કોને આપવું તે સવાલ ઉભો થયો. આખરે ગામમાં હાથી છુટો મુકયો અને જેને વરમાલા આરોપે તેને રાજ્ય ગાદી આપવાનું કબુલ કર્યું. આ પ્રમાણે થવાથી હાથી ફરતો ફરતો કુમારો પાસે આવ્યો, અને મોટા કુમારને વરમાલા આરોપી. આથી તેને રાજ્યના મા-ણસો લઈ ગયા. નાના ભાઇનો કોઇએ ભાવ પુછયો નહિ, અને મોટો ભાઈ તેને ભુલી ગયો, તેથી તે વેશ્યાને ત્યાં જઇને રહ્યો. વેશ્યાએ વિચાર્યું કે આની પાસે આટલું ધન કયાંથી આવે છે! તેણીએ તેને પુછ્યું, તેથી તેણે સત્ય વાત કહી. એક દિવસ કપટ જાલ કરીને તેણીએ તે બુટી છીનવી લીધી, અને તેને કહાડી મુકયો. ત્યાંથી તે કર્મની વિચીત્ર ગતિનું ભાન કરતો કરતો એક મંદીરમાં ગયો; ત્યાં જઇને રાત્રે સુતો તેવામાં ત્યાં ચાર ચોર આવ્યા, અને તેઓ લડતા હતા, તેથી કુમારે તેમને બો-લાવ્યા. તેમણે ધાર્યું કે આ પણ ચોર હશે. ચાલો તે આપણો નિકાલ કરશે. આખરે કુમારે પુછ્યું કે તમે શામાટે લડોછો? ચોરોએ કહ્યું કે ૬ માસ સુધી દેવની સાધના કરવાથી અમને કંથા. લકુટ, અને પાવડી એ ત્રણ વસ્તુઓ મલી છે; ત્યારે તેણે પુછ્યું કે એથી શું કાર્ય સિદ્ધ થાય. ચોરોએ ખુલાસો કર્યો કે કંથા ઝાટકવાથી ૫૦૦ સોના મહોરો મલે; લાકડી માથાપર રાખીએ

તો માર ન વાગે; પાવડીથી આકાશમાં ઉડી શકીએ. આ પ્રમાણે ત્રણ વસ્તુ છે, અમે ચાર છીએ, તો ભાગ વહેંચી આપો. કુમારે કહ્યું કે મને પરીક્ષા કરવા દો, એમ કહી પોતે લઇ આકાશમાં ઉડી ગયો. આ પ્રમાણે ચોરો જોઇને રોતા રોતા ઘેર ગયા. હવે કુમાર વેષ બદલીને ગામમાં ગયો ત્યાં વેશ્યાએ તેને જોયો, તેથી તેની માતા આવી કહેવા લાગી કે મારી પુત્રી તમારા વિના મરવા પડી છે, માટે હવે આપ પધારો. તેથી કુમારને દયા આવી અને તે ત્યાં ગયો. થોડા દિવસ પછી વેશ્યાએ પુછ્યું કે તમે ધન ક્યાંથી લાવોછો, તેણે તેથી સર્વ બીના જણાવી. ત્યારે વેશ્યાએ કહ્યું કે મને એક વખત આકાશ માર્ગે ઉડાડી મંદીરમાં દર્શન કરાવો, કુમારે તે પ્રમાણે કર્યું. કુમાર જેવો પુજા કરે છે ત્યાં પાછલથી વેશ્યા પાવડી લઇને ઉડી ગઈ. આ પ્રમાણે થવાથી કુમાર ચિંતા કરવા લાગ્યો, તેવામાં પુન્ય યોગે ત્યાં વિદ્યાધર આવી પહોંચ્યો. કુમારને ચિંતા કરતો દેખીને વિદ્યાધરે પુછ્યું કે ભાઇ તું શા માટે ચિંતા કરે છે. કુમારે સર્વ બીના કહી. વિદ્યાધરે કહ્યું કે તું અહીં ઉભો રહે, અહીંથી કોઇ પણ જગ્યાએ જઈશ નહિ. ત્યારે કુમારે તે વખતે તેનું વચન માન્યું. પાછલથી એક વૃક્ષ પાસે ગયો, અને ત્યાં સુંદર ફલ લટકતાં હતાં, તે દૈવીક હોવાથી તેને પ્રિય લાગ્યા અને તોડીને સુંઘવા લાગ્યો કે તરતજ મનુષ્યનો ખર બની ગયો. આ પ્રમાણે થવાથી તે ત્યાં ઉભો રહ્યો; પાછલથી વિદ્યાધર આવ્યો, ત્યારે તેણે તેના પર દયા લાવી. બીજું ફલ સુંઘાડયું કે તરતજ, મનુષ્ય થઈ ગયો. હવે કુમાર ત્યાં ઉભો રહ્યો, પછી વિદ્યાધર ચાલ્યો ગયો, એટલે બે જાતના બે ફલ તેણે લીધાં અને ગામમાં ગયો, તેવામાં વેશ્યાએ તેને જોયો અને

ફરી ઠગવા માટે વિચાર કર્યો, તેથી વેશ્યાને પુત્રીએ કહ્યું કે તે માણુસને વધારે ઠગવામાં સાર નથી, તોપણ તેણીએ માન્યું નહિ. આખરે તે હાથે પગે પાટા બાંધી તેને પગે લાગી અને કહેવા લાગી કે ભાઇ ક્ષમા કરો હું તો પાવડી લઇને ઉડતી ઉડતી. ઘેર આવતી હતી, તેવામાં પડી ગઈ, તેથી મારા હાથ પગ ભાગી ગયા. કુમાર તેની કપટ વિદ્યા સમજી ગયો તેથી તેણે કહ્યું કે હશે દીલગીર થશો નહિ, તમારો કંઇ દોષ નથી. આજે હું એ ફૂલ લાવ્યો છું તેનો એવો ગુણ છે કે વૃદ્ધ સુંઘે તો જુવાન થઈ જાય. આખરે તે ઘણી ખુશી થઇ અને ફૂલ માગ્યું.

કુમારે તરતજ સુંઘાડયું કે ખર બની ગઈ. પછી તેના પર બેસી લાકડી મારતો મારતો ગામમાં ફેરવવા લાગ્યો. લોકોએ આ વાત જાણી કે તરતજ કોટવાળને ખબર આપી. કોટવાળને કહ્યું કે તમારાથી થાય તેમ કરી નાખો, તેને આખરે સેંકડો માણસો ભાલા તરવાર લઇને મારવા આવ્યા, પણ તે લાકડીના પ્રભાવથી તેને એક પણ ઘા વાગે નહિ, તેથી તેઓ કંટાળ્યા. આખરે રાજાને બોલાવ્યા, રાજા આવ્યા અને પોતાના ભાઇને જોઇને હાથી પરથી નીચે ઉતરી ભેટયા, અને માફી આપવા કહ્યું કુમારે પછી દયા લાવી તેને વેશ્યાના રૂપમાં ફરી લાવી મુકી, આખરે બંન્નેભાઇ રાજ્ય ગાદીએ બેઠા. અને આનંદમાં દીવસો ગાળે છે; તેવામાં માત પિતા યાદ આવવાથી તેમને પત્રો લખ્યા અને પ્રેમથી ભેટયા, અને આનંદ કરવા લાગ્યા. કુમારે તે ચંડાળને પ્રધાન પદવી આપીને ખુશ કર્યો. આખરે બંન્ને ભાઇઓ એક દીવસે અગાશીમાં આનંદ કરતા બેઠા છે, તેવામાં નીચેથી જૈન મુનિને જતા દેખીને, તેમને પુર્વના દાનના પ્રભા-

વથી જ્ઞાન થયું અને પોતાનો પાછલો ભવ દીઠો, આખરે દીક્ષા લીધી અને સારી ગતિ પામ્યા. ઇતિ કથા સંપુર્ણ.

વાંચનાર વર્ગ આ વાર્તાને કદાચ કલ્પીત માનશો, તોપણ જણાવવાનું કે મહાવીરે મોક્ષે જવાના ચાર પગથીઆ કહેલ છે, તેમાં પ્રથમ પદ દાનને આપવામાં આવેલ છે. લક્ષાધીપતિ પોતાના માન ખાતર હજારો રૂપીઆની સખાવતો કરે, તોપણ ખરાભાવથી આપેલ એક પાઇના દાનની બરોબરી તે કરી શકતું નથી. પાંચ પકવાનનાં ભોજન સાધુ મહારાજને ભાવ વિના વહોરાવવામાં આવે, તે કરતાં ચંદનબાલાજીના સુકા બાકળા કે જે પશુ પક્ષી પણ ન ખાય તેવું અનાજ પણ તેથી અનંતગણું વિશેષ ફલદાયી નીવડે છે; તો ખાસ ભાવ પર વિશેષ આધાર રાખવામાં આવે છે. પ્રિય વાંચક વર્ગ ગુપ્તદાની થવા પ્રયાસ કરશો અને મહાવીરના અનુયાયી બનશો.

કુલમદ મરિચીની કથા ૩૨ મી.

ઋષભ દેવ સ્વામિના પુત્ર ભરત મહારાજા હતા. તેમને મરિચી નામે પુત્ર હતો. તે મારિચી કુમારે ઋષભ દેવ સ્વામિ પાસે ધર્મ સાંભલી વૈરાગ્ય પામી દીક્ષા લીધી હતી. એક દિવસ ઉનાળામાં વિહાર કરતાં કરતાં વિચાર્યું કે આતો ઘણું દુખ છે, માટે દીક્ષા છોડી સંન્યાસીનો વેષ પહેરૂં તો ઠીક, એમ વિચારી સંન્યાસી થયો, અને જ્યાં

પ્રભુ જાય ત્યાં તેમની સાથે તે જતો હતો. ત્યાં એક વખત પ્રભુ અયોધ્યા નગરીમાં પધાર્યા, તે વખતે ભરત મહારાજા તેમનાં દર્શન કરવા આવ્યા, ત્યારે તેમણે પુછ્યું કે હે પ્રભુ, આ ગામમાં કોઇ એવો જીવ છે કે જે કે જીવ ચોવીસમો તિર્થંકર થશે ? ત્યારે પ્રભુએ જવાબ આપ્યો કે તમારો પુત્ર મારિચી કે જે સંન્યાસીનો વેષ લઈ ફરે છે, તે મહા વિદેહમાં પ્રિય મિત્ર નામે ચક્ર વર્તિ થશે. તથા આ ભરત ક્ષેત્રમાં ત્રિપૃષ્ટ નામે પ્રથમ વાસુદેવ થશે, આ સાંભળી ભરત મહારાજા મરિચી પાસે આવ્યા, અને વંદણા કરી કહેવા લાગ્યા કે હે. મરિચી હું તને વંદણા કરતો નથી. પણ તું ભવિષ્યમાં ૨૪ મો તીર્થંકર થઇશ; તથા ચક્રવર્તિ અને "વાસુદેવની પદવી પામીશ, એવો તું મોટો પુરૂષ થનાર છે, માટે તને હું વંદણા કરૂ છું. એમ કહી ભરત પોતાના સ્થાનકે પધાર્યા. આ સાંભળી મરિચી ઉભા થઇને નાચવા તથા કુદવા લાગ્યા કે, હું તીર્થંકર ચક્રવર્તિ. અને વાસુદેવ થઇશ, માટે મારૂં કુલ ઉત્તમ છે. વિશેષમાં તિર્થંકરમાં પહેલા તિર્થંકર મારા દાદા છે. ૧૨ ચક્રવર્તિમાં પહેલો ચક્રવર્તિ મારો પિતા છે, અને હું પણ છેલ્લો થઇશ, એમ કુલનું અભિમાન કર્યું એ રીત કુલનું અભિમાન કરવાથી. મરિચીએ નીચ ગોત્ર બાંધ્યું, અને તે મારિચીનો ભવ મહાવીર સ્વામિનો જન્મ થયો, અને તીર્થંકર ક્ષત્રિય કુલમાં જન્મ પામે, પણ મહાવીર પ્રભુને ૮૨ રાત્રિ સુધી બ્રાહ્મણીની કુખમાં રહેવું પડયું હતું, ઇતિ મરિચીની કથા સંપુર્ણ.

વાંચનાર વર્ગ—આથી તમને વિશેષ ખુલાસો થયો હશે કે, મહાવીર સ્વામિન શા માટે બ્રાહ્મણ કુલમાં જન્મ્યા હતા; કેવલ

પુર્વના અભિમાનને લીધેજ, તો આપણે પણ કોઇ પણ પ્રકારનો અભિમાન કરવો યોગ્ય નથી. નહિતર તેનાં પ્રત્યક્ષ ફલો વર્ત-માનમાં ભોગવીએ છીએ તેથી વિશેષ ભોગવવા પડશે.

તપમદ ઉપર નિંદીષેણ મુનિની કથા ૩૩ મી.

કોઇ એક ગામમાં બ્રાહ્મણો યજ્ઞ કરતા હતા. તે વખતે તેમણે એક નોકર રાખ્યો, નોકરે કહ્યુ કે મારે પગાર જોઇ તો નથી, માત્ર પાછલ જે બાકી રહે તે અનાજ મને આપજો, આ પ્રમાણે તેમણે કબુલ કર્યું. હવે તે અનાજ રોજ તે સાધુ મુનિરાજને આપે છે, અને પુણ્ય કર્મ બાંધે છે. ત્યાંથી મરીને તે જીવ દેવતા થયો. ત્યાંથી મરણ પામીને રાજગૃહ નગરીને વિષે, શ્રેણીક રાજાને ઘેર નંદિષેણ નામે કુંવર પણે ઉત્પન્ન થયો. દીવસે દીવસે કુમાર મોટો થતો જાય છે, એક દીવસ ભગવાન શ્રી મહાવીર સ્વામી ત્યાં વિહાર કરતા કરતા પધાર્યા. તે સાંભળી નંદીષેણ કુમાર વંદણા કરવા ગયો, ભગવાનની ઉપદેશવાણી સાંભળી વૈરાગ્ય પામ્યો, ભગવાનને દીક્ષા માટે પોતાનો વિચાર જણાવ્યો, ભગવાને કહ્યું કે ભાઈ તું પછી લે જે, હાલમાં તારા માટે યોગ્ય નથી. તથા તેજ વખતે ઉપરથી દેવ વાણી થઈ કે હે કુમાર તું દીક્ષા લઇશ નહિ, ભોગ ભોગવ, તારે ભોગ ભોગવાનાં બાકી છે, ત્યારે તેણે વિચાર્યું કે

સાધુની પાસે રહેવાથી મારી પાસે ક્યાં ભોગ આવવાના હતા, એવો દ્રઢ નિશ્ચય કરી દીક્ષા લીધી. પછી ભોગાવલી કર્મ ઉદયે આવવાથી ભોગની ઇચ્છા થવા લાગી તોપણ બલાત્કારે રોકી રાખે, તપસ્યાયે કરી શરીર દુર્બલ કર્યું, ઇંદ્રિયોને વશ કરવા માટે સ્મસ્યાનમાં જઇ ઘોર તપસ્યા કરવા માંડી, તોપણ વિકાર વશ થાય નહિ, તે વારે તેમણે પર્વત પરથીં નીચે પડી આપ ઘાત કરવા ઇચ્છયું, જેવો પડવા જાય છે કે દેવતાઓ તેને ઝીપી લે છે, અને કહે છે કે હે મુનિ મારૂં વચન સંભાળ, દીક્ષા લેતા પહેલા મેં ભોગ ભોગવવા માટે કહેલ હતું તમે માન્યું નહિ, તો પણ તે દ્રઢ રહ્યો. આખરે તે છઠના પારણે આહાર લેવા ગામમાં પધાર્યો, તેવે વખતે વેસ્યાને ત્યાં આહાર લેવા ગયા, ત્યારે વેસ્યાને ઉપદેશ દેવા લાગ્યા, ત્યારે વેસ્યાએ કહ્યું કે મહાત્મા મારે ધર્મ જોઇતો નથી, મારે તો પૈસો જોઇએ છે, આ પ્રમાણે તે જેવી બોલે છે, કે તરતજ મહાત્માનો હાથ ઉંચે છાપરા પર અડયો, કે તરતજ દેવતાઓએ સોના મહોરો વેશ્યાના ઘરમાં વરસાવી, આ જોઇ વેસ્યા આશ્ચર્ય પામી આખરે વેસ્યાએ મુનિને ઘણોજ આગ્રહ કર્યો અને કહેવા લાગી કે મહાનુભાવ તપસ્વિ આ વ્રત મુકો અને મારી સાથે ભોગ ભોગવો નહિતર હું આપના સિવાય આપઘાત કરીશ. એમ વારંવાર વેસ્યાએ પ્રાર્થના કરી તોપણ ભોગને ધિક્કારતા એવા મુનિ ચલાયમાન થયા નહિ. આખરે ભોગાવલી કર્મનો ઉદય હોઇ ચલાયમાન થયા, અને વેસ્યાને ત્યાં રહ્યા. ત્યાં રહીને તેમણે પ્રતિજ્ઞા કરી કે રોજ ૧૦ માણસોને દીક્ષા આપવી ત્યાર બાદ ભોજન કરવું, આમ કરતાં કરતાં ૧૨ વર્ષ વીતી ગયાં, હવે એક દીવસ ૯ માણસોને દીક્ષા અપાવી,

૧૦ મો સોની આવ્યો, તે કોઇપણ રીતે સમજ્યો નહિ, તેને સમજાવતા સમજાવતાં ૧૧ વાગી ગયા, વેશ્યા ભોજન માટે આમંત્રણ કરવા આવી, ત્યારે તેમણે કંઈ જવાબ આપ્યો નહિ, આખરે રસોઈ થંડી થઈ ગઇ, અને સર્વ રસોઈ ફરી બનાવી તોપણ જમવા માટે નંદીષેણ કુમાર ગયા નહિ, તેથી વેશ્યા ફરી આજીજી કરવા લાગી કે હે. સ્વામીનાથ બે વખત રસોઇ બનાવી, તો મહેરબાની કરી પ્રથમ આપ આહાર . આરોગો, પછી આ માણસને ઉપદેશ આપજો, તેમણે તેનું કહ્યું માન્યું નહિ, ત્યારે તેણીએ કહ્યું કે પારકા માણસોને સાધુ બનાવો છો, ત્યારે પોતે કેમ બનતા નથી, પોતે થાઓ તો ખબર પડે, આ વચન સાંભળતાંજ નંદીષણ કુમારે પોતાના સર્વ વસ્ત્ર આભુષણ નીચે મુકી એકદમ માથા પર હાથ ફેરવી લોચ કરી તરતજ દીક્ષા લીધી, આ જોઈ તે વેશ્યા વિલાપ કરવા લાગી, અને પશ્ચાતાપ કરવા લાગી, પણ મહાત્મા આગળ હવે તેણીનું શું જોર ચાલે. આ પ્રમાણે મહાત્માએ ૪૩૧૯૯ માણસોને દીક્ષા આપી. છેવટે પોતે લીધી હતી, ત્યાંથી શુદ્ધ થઇ મરીને દેવ લોકમાં પધાર્યો, ઇતિ નંદીષેણ મુનિની કથા સંપુર્ણ.

વાંચનાર વર્ગ—આ કથા વાંચી તમને નવાઇ જેવું લાગશે, પણ કર્મની સત્તા અબાધ છે, ત્યાં કોઇનું જોર ચાલતું નથી, પુણ્ય તે સોનાની બેડી સમાન છે, અને પાપ તે લોઢાની બેડી સમાન છે; બંન્ને મોક્ષમાં જતાં અટકાવનાર છે. માટે મોક્ષ માટે બંન્ને ત્યાગનીય છે: કેવળ નિર્જરાં ગ્રહણ કરવા યોગ્ય છે. જેમ લાકડાને ભર સમુદ્રમાં ગમે તેટલા જોસથી નાંખી દેવામાં આવે તોપણ તેનો જાતિ સ્વભાવ પોતાની મેળે ઉપર આવવાનોજ છે.

તેમ મહાત્માઓ ભોગાવલી કર્મના ઉદયે કદાચ ભોગ ભોગવે છે, પણ એ તે તેઓ સત્ય રસ્તો શોધી શકે છે. માટે મહાન પુરૂષને ચારિત્રથી વિમુખ થયેલા જોઇ, તેમની નિંદા કરવી નહિ, યા તેમને માટે એકદમ ખરાબ મત આપવો નહિ, જે ચઢે છે તેજ પડે છે જે પરીક્ષા આપે છે તેનેજ નપાસ થવાનો ભય રહે છે, તો મહાન પુરૂષોનેજ ભય રહેલ છે. જેઓ વિષયના કીડા છે અને વિષયમાં આસક્ત થઇ વ્રત પચ્ચખાણ લઇ શકતા નથી, તેઓ ફરી પણ વિષયના કીડાજ થવાના છે. લીંબુ. મરચુ કેરી વગેરેની અંદર આજ કાલ જે પ્રમાણે મરચુ ભરવામાં આવે છે, અને જેઓ ભરે છે. તેમને તેવાજ ભવો પણ વખતે લેવા પડે છે, અને તેવું દુઃખ ભોગવવું પડે છે. માટે પાપ કર્મ કરના પહેલાં બહુજ વિચાર કરજો, કોઇના વિષે હલકો મત બાંધવા પહેલાં ઘણોજ વિચાર કરજો, બની શકે તો કેવલ ગુણ ગ્રહણ કરવામાંજ રક્ત રહેવું તેજ શ્રેય છે.

સ્ત્રી ચરિત્ર કથા ૩૪ મી.

ભરૂચ નામે નગર છે, તે નર્મદા નદીને કાંઠે આવેલ છે, ત્યાં એક બ્રાહ્મણ નિશાલ ભણાવતો ભણાવતો આશરે ૬૦ વર્ષની ઉમ્મરનો થયો, પોતે કંજુસ હોઇ પાસે પૈસો ઘણો હતો, એવામાં તેની સ્ત્રી મરી ગઈ, વિંશેષમાં પુત્ર પણ તેને નહોતો તેથી વાંઝીયા મેણું ટાળવા માટે તે એક ૧૬ વર્ષની સ્ત્રી દશ હજાર રૂપીઆ આપી પરણ્યો, હવે સ્ત્રી યુવાન છે બ્રાહ્મણ વૃદ્ધ છે, માટે રતિ વિલાસ સ્ત્રી ભોગવી શકતી નહિ. તેથી તેણીએ વ્યભિચાર સેવવા માટે વિચાર કર્યો, આખરે જ્યારે પતિ ઉંઘી જાય, ત્યારે ૧૨ વાગે ઉઠી સાથે ઘડો લઇ તે સાથે રાખી તરતી તરતી નદીના બીજે કીનારે જાય, અને ઇચ્છા તૃપ્ત કરીને સવારે ચાર વાગે

પાછી આવે, આ પ્રમાણે ઘણા દિવસ થયાં બને છે, એક દિવસ પતિએ કહ્યું કે આજ રોજ શ્રાદ્ધ છે માટે કાગડાને ખીર નાખ, તેણીએ જવાબ આપ્યો કે મને બીક લાગે છે, કે કદાચ મને ચાંચ મારે, માટે તમે નાખો. ત્યારે તે વાત જવા દીધી બીજે દીવસે કહ્યું કે ઓરડામાંથી પથારી બહાર લાવ, તોપણ કહે કે મને એકલીને તો બીક લાગે છે, ત્રીજે દીવસે કહ્યું કે, મારા શિષ્યને બોલાવી આવ, જવાબ આપ્યો કે સતિ સ્ત્રી બીજા પુરૂષ સાથે વાત કેવી રીતે કરી શકે, આખરે તે બીચારો વૃદ્ધ કંટાળ્યો અને કોઇ કામ પ્રસંગે બહાર ગયો, અને પોતાના શિષ્યને ઘરમાં મુકી ગયો, તે દુષ્ટા તે શિષ્ય સાથે વિલાસ ભોગવવા લાગી. પછી એક રાત્રે ધન માલ લઈ ઘરમાં બળદ ગાય ભેંસ વગેરેના હાડકાના ટુકડા લાવી પલંગપર મુકી ઘરને આગ લગાડી તે શિષ્યને લઇને નાસી ગઇ. બ્રાહ્મણ આવ્યો તો ખબર પડી કે ઘર કોઇ શત્રુએ બાળી નાખ્યું. અંદર સ્ત્રી પણ બળીં ગઇ આખરે તેણે હાડકાંની તપાસ કરી, તો તે મલ્યાં તે લઇને નર્મદા નદીમાં નાંખી દીધાં, આખરે તે સ્ત્રી અને શિષ્ય જંગલમાં જતાં હતાં તેવામાં ચોરો તેમને મલ્યા, અને ધનમાલ લુંટી લીધું, આખરે અચાનક જંગલમાં સર્પ કરડવાથી તે સ્ત્રી મરણ પામી. અને ત્યાંથી મરીને નર્કમાં અનંતી વેદના ભોગવવા માટે જન્મ ધારણ કર્યો.

હુંડીક ચોર કથા ૩૫ મી.

મથુરા નામે નગરી છે. ત્યાં શત્રુમર્દન નામે રાજા હતો. અને ત્યાં જિનદત્ત નામે જૈન ધર્મનો પ્રેમી શેઠ રહેતો હતો. ત્યાં ઘણા દિવસ થયાં. હુંડીક નામે ચોર ચોરી કરે છે. પણ કોઈનાથી પકડાતો નથી, એક દીવસ વિશેષ બંદોબસ્ત કરવાથી તે ચોર

પકડાયો, તેને રાજાએ સખ્ત શીક્ષા કરવા કોટવાલને હુકમ કર્યો, અને આખરે રાજાએ તેને લીંબડાના ઝાડ સાથે બે હાથે બે ખીલા મારી લટકાવવાનો હુકમ કર્યો, અને તેની આસપાસ ખાનગી રીતે ચોકીદાર મુકયા કે આ ચોરને કોઇએ પણ મદદ આપવી નહિ, આ પ્રમાણે હુકમ થવાથી કોટવાળે તે પ્રમાણે શીક્ષા કરી. તેવામાં ત્યાં થઇને જીનદત્ત શેઠ જંગલ જઇને ઘેર જતો હતો, તેથી ચોરે તે શેઠને બોલાવ્યો, કે અને કહ્યું કે હે શેઠ મને સખ્ત તરસ લાગી છે, માટે મને પાણી આપો તો સારૂં, તેથી શેઠે કહ્યું કે ભાઇ તું ગભરાઇશ નહિ; પણ પ્રથમ મારૂં કહ્યું માન, તો પાણી લાવી આપું, ત્યારે ચોરે હા પાડી તેથી કહ્યું કે જયાં સુધી હું પાણી લાવું ત્યાં સુધી તું જે હું નવકાર મંત્ર કહુછું તે તું ગણજે, તે પ્રમાણે કહીને શેઠ પાણી ભરવા ગયા, અને ચોર અહીં સખ્ત વેદના પામી મરીને દેવ થયો. આખરે શેઠ પાણી લઇને આવ્યો કે તરતજ કોટવાળે તેને પકડયો, અને તેને શીક્ષા કરવા ધાર્યું, તે દેવતાને ખબર પડી ને બોલ્યો કે, હું કોટવાળ જો તું શેઠને જરા પણ ઇજા કરીશ, તો તારા આખા ગામને બાળી નાખીશ. માટે તેને તું મારીશ નહિ, તે મારો ગુરૂ છે, આખરે શેઠની પાસે માફી માગી, એટલે દેવે તેમને સર્વને બચાવ્યા, ઇતિ હુંડીક ચોરની કથા સંપુર્ણ.

વાંચનાર વર્ગ ચોરી કરવાથી તે ચોર મરણ પામ્યો, અને નવકાર મંત્રના સ્મરણથી દેવતા થયો, અને શેઠના પર આફત આવી તો પણ અંતે ધર્મેજય; ધર્મનો જય છે; માટે સત્ય રસ્તો ગ્રહણ કરેતાં મુશ્કલી પડે તોપણ સત્યનેજ પકડવો, અંતે તેમાં ફત્તેહ છે.

અગાઉથી ગ્રાહક થનારા મંહાશયોના મુબારક નામ.

૧૨૫ **સિકન્દ્રાબાદ દક્ષિણ.**
રા. રા. મણિલાલ શીવલાલ તથા રા. રા. નાનચંદ કસ્તુરચંદ ઇટોલાવાળા મારફત
૨૫ શેઠ સાહેબ શીવલાલ રઘનથામલ
૧૦ શેઠ સાહેબ ન્યાલચંદ ગંભીરમલ
૫ રા રા. ઝવેરીલાલ કેશીંઅર
૧૫ શેઠ. શીવલાલ હંસરાજ
૭૦ ઉદાર સખી ગ્રહસ્થો તરફથી

કલોલ.
૧૧ શા શોભારામ મનસુખ
૮ શેઠ. મોતીલાલ હકમચંદ
૫ વકીલ ઇશ્વરલાલ હીરાલાલ
૫ શેઠ. મગનલાલ મુળચંદ
૪ શા. ડોસાભાઇ પીતાંબરભાઇ
૩ નગરશેઠ. અમથાભાઇ ઉગરચંદ
૨ વખારીઆ પ્રાણલાલ જેશીંગ
૨ શા. જમનાદાસ દલસુખ
૨ શેઠ. ઉકાભાઇ કેવળભાઇ
૨ શા. રતનચંદ વરજીવન
૨ શેઠ. ગોપાળભાઇ ઉગરચંદ
૨ ભાઇલાલ લલ્લુભાઇ પટેલ.
૨ શેઠ. આત્મારામ મોહનલાલ
૨ શા. નાથાલાલ છગનલાલ
૨ શા. મગનલાલ જેશીંગભાઇ
૧ શા. અંબારામ સાંકળચંદ
૧ શેઠ. પ્રેમચંદ છગનલાલ
૧ શેઠ. મોહનલાલ ઉગરચંદ
૧ શેઠ. શીવલાલ ઉગરચંદ
૧ શેઠ. મોહનલાલ છગનલાલ
૧ શેઠ. બાલાભાઈ દોલાભાઇ
૧ શેઠ. અંબાલાલ લલ્લુભાઈ
૧ શેઠ. મોહનલાલ વખતચંદ
૧ શેઠ. હીરાલાલ કુવરજી
૧ શા. વ્રજલાલ છગનલાલ
૧ શા. મોહનલાલ ચતુરભાઈ
૧ શા. નાથાલાલ ઉમેદચંદ
૧ જાદવ દત્તાજીરાવ રામરાવ
૧ ડાહ્યાભાઇ, ઉગરચંદ
૧ શા. સોમચંદ મગનલાલ
૧ શા. પ્રાણલાલ લલ્લુભાઈ
૧ વખારીઆ ચીમનલાલ ગોપાળભાઇ
૧ વખારીઆ અમથાલાલ ગુલાબચંદ
૧ વખારીઆ વાડીલાલ જગજીવન
૧ વખારીઆ ડાહ્યાભાઈ હરગોવન

૧ વખારીઆ જીવનલાલ ગોપાળભાઇ
૧ વખારીઆ સોમાભાઇ અમથાભાઈ
૧ વખારીઆ વાડીલાલ મગનલાલ
૧ વખારીઆ મફતલાલ ઇશ્વરભાઇ
૧ વખારીઆ ઉમેદભાઈ અમુલેખ
૧ વખારીઆ ચંદુલાલ તારાચંદ
૧ શા. છોટાલાલ નરસિંહભાઇ
૧ શેઠ. મણીલાલ તલકચંદ
૧ શા. નગીનદાસ છગનલાલ
૧ શા. હરગોવન તારાચંદ
૧ શા. કેશવલાલ નથુભાઇ
૧ કલાલ ભગવાનદીન દુર્ગાદીન
૧ શેઠ. હરગોવનભાઇ અમથાભાઇ
૧ શેઠ. મંગળભાઈ કેશવલાલ
૧ શા. જમનાદાસ કેશવલાલ
૧ દવે. સાંકળેશ્વર પ્રેહેલાદજીનો ધણી કામદાર સાહેબ
૧ પટેલ, રામલાલ શીવલાલ
૧ શા. મોહનલાલ જેઠાભાઈ
૧ શા. કાળીદાસ હીંમતલાલ
૧ શા. પરસોતમ હરગોવનભાઇ
૨ વકીલ સુખલાલ રાજપાલ ડીસ્ટ્રીક પ્લીડર
૧ ભટુભાઈ લલ્લુભાઇ
૪ શેઠ મણિલાલ મોહનલાલ ફોજદાર સાહેબ

મુંબાઈ.

૨૦ જૈન જ્ઞાન ખાતાના સેક્રેટરી
૫ મણિલાલભાઇ
૫ ભગવાનજીભાઇ
૫ રૂપાણી તલસીભાઈ દામોદર
૨૦ રા. રા. ઓધવજી ભીમજીભાઈ
૫ તારાચંદ હરખચંદ [મારફત
૫ નથુભાઈ ભીમજીભાઈ
૨ રૂપાણી મયાચંદ દુર્લભજી
૨ પ્રાણજીવન પાનાચંદ
૧ રૂઘનાથ માધવજી
૪ જીવનભાઈ
૧ પ્રાગજીભાઇ વાઘજીભાઇ
૧૩ રા. રા. નાગજીભાઇ કેશવજી મારફત
૪ ઉજમસીભાઈ
૧ અમૃતલાલ સુંદરજી
૧ જગજીવન જાદવજી
૧ રાયચંદ રામજી
૧ ખેતસી કેશવજી
૧ ખોડીદાસ દેવચંદ
૧ કેશવજી માનજી
૧ નરભેરામ પરસોતમ
૧ દુર્લભજી કાળીદાસ
૧ જગજીવન ઓધવજી
૪ રા. રા. એમ. ડી. પારેખ
૧ નાથાલાલ રાઘવજી
૧ સંતોક નેમચંદ

૧ ખુશાલદાસ ગોરધનદાસ
૧ બી ત્રીકમલાલ એન્ડ કો.
૧૧ છોટાલાલ કેશવજી
૫ જેઠાલાલભાઈ
૫ ત્રીકમલાલભાઇ

અમદાવાદ.

૧૧ ભાવસાર શામળભાઈ તરભોવન
૫ શા. ગીરધરલાલ કેવળદાસ
૫ ભાવસાર મફતલાલ મુળચંદ
૫ શા. જેશીંગભાઇ ઉજમસી
૫ હરિલાલ છોટાલાલ
૨ મહેતા કસ્તુર પરશોતમ
૨ મેસર્સ શા બ્રધર્સ
૧ છગનલાલ વનમાળીદાસ
૧ મહેતા મુળચંદ વનમાળીદાસ
૧ શીવલાલ હકમચંદ
૧ પ્રભુદાસ ઠાકરસી
૧ નરોતમ નાગરદાસ
૧ પાનાચંદ શામલદાસ
૧ ગુલાબચંદ તરભોવનદાસ
૧ ધનજીભાઈ મગનલાલ
૧ શકરચંદ બાપાલાલ
૧ ભાઇચંદ મગનલાલ
૧ શા. દલસુખ નરોતમદાસ
૧ પોપટલાલ જેશીંગભાઇ
૧ ચીમનલાલ રતનચંદ
૧ મંગળદાસ લલ્લુભાઇ
૧ કેશવલાલ શીવાભાઈ
૧ રતનલાલ સૌચંદ
૧ જમનાદાસ ફતેહચંદ
૧ વીરચંદ કરમચંદ
૧ શારાભાઇ ચીમનલાલ
૧ બીખાભાઇ જશરાજ
૧ છોટાલાલ રવચંદ
૧ જુઠાભાઇ સોમચંદ
૧ લલ્લુભાઈ જેઠાભાઇ
૧ નાનાલાલ દોલતરામ
૧ શા. કેશવલાલ ગીરધરલાલ
૧ બાલાભાઈ અમૃતલાલ
૧ ચુનીલાલ કેશવલાલ
૧ સોમચંદ મગનલાલ
૧ મણીલાલ
૧ રણછોડલાલ નારાયણભાઈ
૧ મોહનલાલ હઠીભાઇ
૧ રતીલાલ ત્રીકમલાલ
૧ ભોગીલાલ મનસુખ
૧ ભોગીલાલ બાલાભાઈ
૧ કેશવલાલ શકરચંદ
૧ શા. હીમતલાલ ગીરધરલાલ
૨૫ રા. રા. રતનલાલ મોહનલાલ

તરફથી

પાલનપુર,

૪ શુશીલ શ્રાવિકા લટી બેન
૪ સુશીલ શ્રાવિકા ફુલીબેન

૨ લુકાગચ્છ સ્થાનક માર્ગી જૈન પુસ્તકાલય
૧ ઝવેરી લક્ષ્મીચંદ જસકરાભાઇ
૧ ઝવેરી કચરાભાઇ નાગરભાઈ
૧ કોઠારી બાદરમલ મંગળભાઇ
૧ ભણુસાલી માધવલાલ ભભુતભાઈ
૧ મોદી બાદરમલ સાંકળચંદ
૧ ઝવેરી સુરજમલ ઝુમચંદ
૧ પારિ પુનમચંદ ન્હાલચંદ
૧ ભણુસાલી લાલજી કપુરચંદ
૧ ભણુસાલી લવજીભાઈ વીરચંદ
૧ ચોધરી પુનમચંદ દેવચંદ
૧ ધી એમ્બ્રોઝીઆ કલબ
૧ ચોક્સી લાલચંદ હેમચંદ
૧ ચોકસી કેસરીચંદ મોતીચંદ
૧ મહેતા નગીનદાસ મગનલાલ
૧ ચોધરી ચીમનલાલ અમુલખ
૧ શા. મણીલાલ ઓખાભાઇ
૧ લક્ષ્મીચંદ લ્હેરૈચંદ શા.
૧ શા લક્ષ્મીચંદ ચેલજીભાઇ
૧ સુરજમલ વેણીચંદ
૧ ગોદડભાઇ મોતીચંદ
૧ મણીલાલ હેમરાજ
૧ કંદોઇ આદીતરામ કેવળભાઇ
૧ ઝવેરી મણીલાલ અમૃતલાલ
૧ શુશીલ શ્રાવિકા પાર્વતી બેન
૧ ભણુસાલી ઝુમચંદ જેચંદ
૬ પટવા મંગળજી લલ્લુભાઈ
૧ પીતાંબર ઇશ્વરભાઇ

ઠે. ચિમનલાલ

૧ લલ્લુભાઇ હેમચંદ ઠે. કાલીદાસ
૧ ચોકસી માણેકચંદ ધરમચંદ
૧ ચોકસી ગગલભાઇ ઇશ્વરભાઇ

શીરોઇ.

૧ સિંધી બિજય રાજજી

કડી.

૪ ભાવસાર હરગોવન મગનલાલ
૨ ભલાભાઈ નાગરદાસ
૨ મનસુખ ડોસલચંદ
૨ સ્યામલાલ હીરાલાલ
૨૦ છોટાલાલ મગનલાલ કોઠારી કલોલવાલા મારફત
૧ નાનાલાલ શામળદાસ
૧ દલસુખ શામલદાસ
૧ માસ્તર જેસીંગ દોલચંદ
૧ નરોતમ પ્રભુદાસ
૧ શનાભાઇ બેચરદાસ
૧ સોની જીવનલાલ જગજીવન
૧ મણિલાલ દામોદર
૧ ભગુભાઈ દામોદર
૧ છોટાલાલ દામોદર

૧ ભાઇલાલ ગીરધરલાલ
૧ કાલીદાસ ચીકાભાઇ
૧ વાડીલાલ વનમાળીદાસ
૧ લલ્લુભાઇ અમૃતલાલ
૧ ત્રીભોવન કાકુભાઈ
૧ ચુનીલાલ હરગોવન ખમાર
૨ સોમાભાઈ લલ્લુભાઇ

કડી એ. વી. સ્કુલના માસ્તર

૧ હીરાલાલ મગનલાલ
૧ ડાહ્યાભાઇ હીરાલાલ

સિદ્ધપુર.

૩૮ દ૧. માણેકલાલ મોહનલાલ
મારફત
૪ ગોદડભાઈ જીવરાજ
૪ ભાવસાર મુગટરામ ઉમેદ
૪ શેઠ. જગજીવન કુંવરજી
૪ શેઠ. નાહાલચંદ ડોશાભાઇ
૨ ભાવસાર મગનલાલ કેવળભાઇ
૧ ચોકસી ચુનીલાલ દોલતરામ
૧ ગોપાળભાઈ વલભભાઇ
૧ શેઠ. સોમચંદ છગનલાલ
૧ શેઠ પોપટલાલ માવજીભાઇ
૧ સંઘવી વલ્લભરામ ઉજમની
વિધવાભાઈ સોની
૧ ભાવસાર કુબેર વલ્લભરામ
૧ શેઠ. ચુનીલાલ જેઠાભાઈ
૧ ડોસાભાઈ ગુલાબ.
૧ શેઠ. લલ્લુભાઇ છ
૧ ભોજક મુલચંદ જે
૧ દવે. એચ. એમ.

મહેસાણા.

૨૫ મહેતા મંગુભાઈ તથા
સાંકળચંદ તથા જગજીવન
કેવળદાસ તરફથી.
૧ ભોજક ફકીરભાઇ કરસનદાસ
૧ મહેતા. જગજીવન કેવલદાસ
૧ મહેતા. મંગુભાઈ ાંકળચંદ
૧ શા. મનસુખલાલ મો ચંદ
૧ રામી હરગોવનદાસ પરભુદાસ
૧ દોસી ગોપાળદાસ નાગરદાસ
૧ શા. કેશવલાલ મંગળદાસ
૧ ભાખરીયા મણીલાલ ગોકળદાસ
૧ પુનમંદ હકમચંદ
૧ પારિ. મંગુભાઇ અમથાલાલ
૧ શા. મનસુખલાલ ચુનીલાલ

રામપુરા.

૨૫ શા. શામલદાસ ખુશાલદાસ
ગઢડા
૨૫ રા. રા. સોમચંદભાઇ તુલ-
સીભાઈ જૈન કેરોસીન પાઠ-
શાળાના શીક્ષક

સરખેજ.

૧૧ શા. ફકીરચંદ પુજાભાઇ
૫ મણિલાલ કેશવલાલ
૨ પોપટલાલ રણછોડ

ચંદ ગંગારામ
નલાલ ઉમેચંદ
ાભાઇ ઉમેદચંદ

રાણપુર.

ઝવેરી કેશરીસીંહજી દુધરેજ

દુધરેજ.

૧૧ રાણા સાહેબ મેરૂભા અભેસંગજી

ખેરવા.

૧૦ શા. ચિમનલાલ ખેમચંદ મારફત
૧ સી. કે. શા.
૧ દામોદર મોહનલાલ
૧ કેશવલાલ મોહનલાલ
૧ કેશવલાલ અંબાલાલ
૧ વાડીલાલ જમનદાસ
૧ ભોગીલાલ રણછોડ
૧ ચતુરદાસ ગગલદાસ
૧ મણિલાલ મગનલાલ
૧ કચરાદાસ વલ્લુભાઇ

ઓગાણ.

૪ રા. રા. ખુશાલદાસ ઓઘડભાઇ મારફત
૧ ઓઘડદાસ કેશવજી
૧ સાંકળચંદ આશારામ
૧ ચુનીલાલ લાલચંદ
૧ સાંકળચંદ આશારામ ઓગણ

બહીએલ.

૧ શા. ધુલાભાઇ ઉમેદચંદ

વીરમગામ

૧ શા. મગનલાલ કુંવરજી
૧ શા. શંકરદાસ લખમીચંદ
૧ શા. પુરસોત્તમ લાલચંદ
૧ શેઠ. લલુભાઈ નાનચંદ
૧ શા. મણીલાલ રણછોડ
૧ શા મણીલાલ રણછોડ
૧ કપાસી અમૃતલાલ લાડકચંદ
૧ સુખલાલ વાડીલાલ
૧ શા. સોમચંદ નથુભાઈ
૨ શા. જસરાજભાઇ મોહનલાલ

ઇટોલા.

૧૫ રા. રા. મુળચંદ કસ્તુરચંદ મારફત
૫ છગનલાલ ઝવેરભાઇ
૧ ભાઇલાલ મથુરભાઇ
૧ જીવાભાઇ ગુલાબભાઇ
૧ ડાહ્યાભાઇ ત્રીભોવનદાસ
૧ ત્રીભોવનદાસ નારાયણદાસ
૧ ગરબડ રાયજીભાઇ
૧ પ્રાગભાઇ મનોરભાઇ
૧ ગીરધરલાલ શંકરભાઈ
૧ મગનભાઇ ત્રીભોવનદાસ
૧ આશારામ કસ્તુરચંદ
૧ ગોરધન પાનાચંદ

જાહેર ખબર.

સર્વ સમાજને એક અપીલ.

દાનવીરો તીજોરીમાં અને કોથળીમાં હાથ નાખશો કે ?
દાનવીરોને પુણ્ય ઉપાર્જન કરવાનું એક નવીન ઉત્પન્ન થયે

શ્રી કાઠીઆવાડ હિન્દુ અનાથાશ્રમ

છે કે જે ખરેખર દયાપાત્ર છે તેને રહેવાને ઝુંપડું તો નથી. પણ હમેંશના ખોરાકના દાણા પણ નથી એવું દયાપાત્ર અને નિરાધાર આ એકજ છે.

આશા છે કે લગ્નાદિ શુભ પ્રસંગો વખતે આપ સર્વ. આ આપનાં નિરાધાર બાલકો તરફ નજર કરી યથાશક્તિ ઉદારતા બતાવી મનુષ્ય દેહની સાફલ્યતા કરશો.

સર્વ વીઝીટરો. આ સ્થાનને દાન આપવા ભલામણ કરે છે વધુ માહિતી માટે ધારા ધોરણ તથા હેન્ડબીલ મંગાવો.

કવિ. અંબાશંકર હરીશંકર.

વ્યવસ્થાપક.

શ્રી કાઠીઓવાડ હિન્દુ અનાથાશ્રમ.

મુ. વઢવાણ કેમ્પ.